Rs. 5/-

# શ્રી સ્વામિનારાયણ

April' 2008



પ.પૂ.લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી નરનારાયણદેવ જયંતી ફુલદોલોત્સવ

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧. ● Publisher : Shree Swaminarayan Temple, Ahmedabad-1.


1


2


3


4


5


6


7


8

(૧) શ્રીનરનારાયણદેવ જયંતી ફુલદોલોત્સવની આરતી ઉતારતા પૂ.લાલજી મહારાજશ્રી (૨) ઓચ્છવ મંડળને રંગમાં રસતરબોળ કરતા રંગરસિયા પ.પૂ.લાલજી મહારાજશ્રી (૩) ફૂલદોલોત્સવ પ્રસંગે રંગોત્સવનો આનંદ પિરસતા પ.પૂ.લાલજી મહારાજશ્રી (૪) લેસ્ટર આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ભજન કીર્તન કરતા હરિભક્તો. (૫) એપ્રોચ બાપુનગર મંદિરમાં શ્રી ઘનશ્યામમહારાજનો પાટોત્સવ-અભિષેક કરતા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી (૬) ઘાટલોડિયા મંદિરમાં પાટોત્સવની આરતી ઉતારતા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી (૭) ઘાટલોડિયા મંદિરમાં ધાર્મિક પરીક્ષામાં ઉર્તિણ થયેલા બાળકોને આશીર્વાદ સહ પુરસ્કાર આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી (૮) યજ્ઞવિધિમાં લાભ લેતા શ્રીનરનારાયણદેવના પાટોત્સવના યજમાન પરિવાર.




**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮

શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭

ફેક્સ : ૨૭૪૧૯૫૯૭

**ફોન**

૨૨૧૩૩૮૩૫ (મંદિર)

૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)

ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**

**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**

**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી**

તંત્રી શ્રી

સ્વામી નારાયણસ્વરૂપદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય

શ્રી સ્વામિનારાયણ મંદિર,

કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.

ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.

**www.swaminarayan.info**

**એડ્રેસમાં ફેરફાર કરવા**

**E-mail : manishnvora@yahoo.co.in**

**લવાજમ**

વાર્ષિક : રૂા. ૫૦-૦૦

વંશ પરંપરાગત

દેશમાં રૂા. ૫૦૧-૦૦

વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦

છુટક નકલ રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર


વર્ષ - 1 અંક : 12 એપ્રિલ -2008


## અનુક્રમણિકા


૧ અસ્મદીયમ્ ૦૨

૨ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ ૦૩

૩ આનંદની હેલી ૦૪

૪ હે યુવાનો !! ૦૬

૫ માઁ ૦૮

૬ મહિમા સભર સત્સંગ ૧૦

૭ સુખનું વહેતું ઝરણું ૧૧

૮ શ્રીજી મહારાજના પ્રસાદીના સ્થળો (અમદાવાદ મંદિર) ૧૨

૯ રોકડા રૂપિયાનું રહસ્ય ૧૪

૧૦ સત્સંગ સુરભિ ૧૫

૧૧ સત્સંગ બાલવાટિકા ૨૫

૧૨ ભક્તિ સુધા ૨૭

૧૩ સત્સંગ સમાચાર ૩૧




**: સંપાદક, મુદ્રક અને પ્રકાશક :**

મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી દ્વારા

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે

શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.

# અસ્મદીયમ્



## તંત્રીશ્રીની કલમે....

આંતરરાષ્ટ્રીય ડેટ લાઈનથી પ્રથમ દેશ ન્યુઝીલેન્ડ ટાપુ પર સૂર્યનારાયણના પ્રથમ સોનેરી કિરણોની પ્રભાત શરૂ થાય તેવા નયન રમ્ય દેશમાં ૪૦ લાખની કુલવસ્તીમાં ૨ લાખ ભારતીયો વસે છે. શ્રી નરનારાયણદેવ તાબાની સંસ્થા ઈન્ટરનેશનલ સ્વામિનારાયણ સત્સંગ ઓર્ગેનાઈઝેશન I.S.S.O. દ્વારા અત્રે ભવ્ય શિખરબધ્ધ મંદિરનું નિર્માણ થયું. કાષ્ટની શિલ્પની કલાકૃતિનું વિશ્વમાં સર્વ પ્રથમ બેનમૂન મંદિર બનવાનો રેકોર્ડ થયો. આપણા મંદિરના પ્રેસિડેન્ટ પ.ભ. ડૉ. કાંતિભાઈ નારાણભાઈ પટેલ ઈટારવાવાળાના સંપૂર્ણ અનુદાનથી મંદિરનું નિર્માણ થયું. વિદેશની ભૂમિ પર એકજ દાતાના દાનથી નિર્માણ થયેલ સર્વ પ્રથમ મંદિર છે. પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો સંકલ્પ પૂર્ણ કરવા પેસીફીક મહાસાગરના કાંઠે વિશ્વનું સર્વ પ્રથમ શિખરબધ્ધ મંદિર થયું છે. ન્યુઝીલેન્ડની મુખ્યસીટી ઓકલેન્ડ શહેરના "પાપા ટોપટોય" વિસ્તારમાં ગગનચુંબી ભવ્ય મંદિર ટાપુમાં વસતા તમામ નાગરિકોનું આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. દેશના VVIP ના સાનિધ્યમાં તારીખ ૨૪ માર્ચે પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા ધામધૂમથી સમ્પન્ન થઈ. વિશ્વમાં સુપ્રસિદ્ધ હાર્ટના સ્પેશ્યાલીસ્ટ ડૉ. કાંતિભાઈ પટેલે પોતાની મિલ્કતને મોર્ગેજ કરીને ૭૦ લાખ ડોલરના ખર્ચે મંદિર બનાવનાર આવા નિષ્ઠાવાન ભક્તને કોટી કોટી ધન્યવાદ. ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનને અર્થે તન, મન, ધન કુરબાન કરનાર વિરલ ભામાશાની સંપ્રદાયમાં વર્ષો સુધી સ્મૃતિ રહેશે. સર્વોપરિના સત્સંગી સર્વોપરિ જ હોય તેવું ઉદાહરણ પુરુ પાડ્યું. સેવા કરી ક્યાંય તકતી નહીં તેમજ આમંત્રણ પત્રિકામાં નામ પણ નહિ. તથા સેવાનું જરા પણ માન નહિ. એવા ભક્તના હૃદયમાં ભગવાન સાક્ષાત્ બિરાજમાન રહે છે. ૧૮ થી ૨૪ માર્ચના મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં પચીસ હજાર ભક્તોએ દર્શનનો અમૂલ્ય લ્હાવો લીધો.

**તંત્રી શ્રી (મહંત સ્વામી)**

સાધુ નારાયણસ્વરૂપદાસના જયશ્રી સ્વામિનારાયણ



# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની વ્યવસ્થિત

**(માર્ચ - ૨૦૦૮)**

૬. શ્રી સ્વામિનારાયણ મંદિર શિયાળ (તા. બાવળા) પ્રસાદીની છત્રીના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી.
શિયાળથી વળતા બગોદરા પ.ભ. રોહિતસિંહ મંગળસિંહ પરમાર (બોરણાવાળા)ને ત્યાં પ્રસાદ-થાળ ગ્રહણ કરવા પધાર્યા.

૪. ન્યારા (મૂળીદેશ - હાલાર) ગામે સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૭. પ્રતાપગઢ (મૂળીદેશ - તા. હળવદ) ગામે સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૯. ચરાડવા શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૦. અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સર્વોપરિ શ્રી નરનારાયણદેવનો ૧૮૬ મો પાટોત્સવ - અભિષેક પોતાના વરદ્‌ હસ્તે સંપન્ન થયો.

૧૧. સાપાવાડા (ઈડર દેશ) શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૨. કાંકરિયા શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ અને ચોર્યાસી પ્રસંગે પધરામણી.
સાંજે ખાણ ગામે પધાર્યા.

૧૩. ખાણ (રાજ.) ગામેશ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રીરાધાકૃષ્ણદેવહરિકૃષ્ણમહારાજનો પાટોત્સવ અભિષેક પોતાના વરદ્‌ હસ્તે સંપન્ન થયો.

૧૪. શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ બાપુનગર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૬. શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડિયા અને રાણીપ પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૭. થી ૨૭. ન્યુઝીલેન્ડ ઓકલેન્ડ ખાતે આઈ.એસ.એસ.ઓ. સંસ્થાપિત શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.


૨૮. પાનસર ગામે પારાયણ પ્રસંગે પધરામણી.

પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના પ્રાગટ્યોત્સવ પ્રસંગે તા. ૨૩-૦૪-૨૦૦૮ બુધવાર ચૈત્રવદ-૩ ત્રીજના રોજ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં કીર્તન-ભક્તિ સવારે ૭-૩૦ થી ૮-૩૦ સુધી થશે.

# આનંદની હેલી

## ગાયકવાડી ભોજન અને કાઠીયાવાડી મસ્તી !

- શાસ્ત્રી હરિજીવનદાસ




આજે શ્રીહરિ ગાયકવાડ સરકારના મહેમાન બન્યા છે શું એનો ઠાઠ ! શું એ રોશની ! આહા, કેવો શણગાર ! અને અદ્‌ભુત મિજબાની ! વાત જ થાય એવી નથી.

વડોદરાની અસ્વારીમાં આખાય વડોદરા શહેરને પોતાના દર્શનથી રંગભીનું કરીને પ્રભુ ગાયકવાડના મહેલમાં પધાર્યા છે. હજારો મશાલોના પ્રકાશથી આખો મહેલ ઝળહળી રહ્યો છે.

સેંકડો બ્રાહ્મણો જળનો છંટકાવ કરતા કરતા મોટા મોટા સોનાના થાળમાં ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોસ્ય એમવિવિધ વાનગીઓ લાવ્યા છે. પ્રભુએ થાળને દ્રષ્ટિ-પ્રસાદીથી પાવન કરી સાથેના કાઠી વગેરે ભક્તોને જમવાની આજ્ઞા કરી. આખા દિવસના ભૂખ્યા કાઠીઓ મહારાજની આજ્ઞાની રાહ જ જોઈ રહેલા. આજ્ઞા થતાં જ બધા વિવિધ વાનગીઓ જમવા લાગ્યા.

શ્રીહરિ રાત્રિ ભોજન કરીને મખમલના તંબુમાં સોનાના સિંહાસને આવી બિરાજ્યા. ત્યાં સંતો-પાર્ષદો પણ આવ્યા. ત્યાં મુક્તાનંદ સ્વામી બોલ્યા, મહારાજ ! આજ તો બહુ અદ્‌ભુત મહોત્સવ થયો. સર્વત્ર આપનો જયજયકાર થઈ રહ્યો છે. આજની શોભા તો ન ભૂતો ન ભવિષ્યતિ એવી છે. ત્યાં બ્રહ્માનંદ સ્વામી પણ બોલ્યા, મુક્તાનંદ સ્વામીની વાત સાચી છે. આ કાઠી સખાઓને દિવસમાં ચાર ચાર વખત આહૂતિ જોઈએ. એટલે તેઓની આજની ભૂખ પણ ભૂતો ન ભવિષ્યતિ એવી હતી. "ખરું ને સુરા ખાચર ?" સુરાખાચર કહે, સ્વામી, એ તમારી સંસ્કૃત બોલી તમે જાણો પણ મારી એક પ્રાકૃત સાખી સંભળાવું.

**"હૈયે આંખ્યે અમૃત ઢળીયાં, અને અમૃત ઉદીયા મેહ,**
**અક્ષર સમસુખ જીવને, (પણ) ભૂખે દુર્બળ દેહ."**

આ સાખી સાંભળીને શ્રીહરિ ખૂબ હસ્યા. પછી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા, તમે તો કોઈ દિવસ જોયાય ન હોય, દીઠાય ન હોય એવા અતિ સુંદર તેજાના વાળા સેંકડો પ્રકારના ભોજન જમવા મળ્યા. પછી તો શું બાકી મેલ્યું હોય ! જવાબ આપતા સુરાખાચરે કહ્યું, સ્વામી આ તો મહારાજની બીકથી થાળ ઠાલા (ખાલી) રહેવા દીધા. બાકી અમારી કાઠીકુળની રીત મુજબ તો એ સોનાના થાળ લીધા વિના મૂકીએ ખરા ? અમારા બાપદાદાએ તો આવડા મોટા સોનાના થાળ જોયા નહિ હોય ! આ તો મહારાજના પ્રતાપે આવું જમવા મલ્યું. પછી શીદ બાકી રાખીએ. આ બધા થાળમાં એક મોટો બે ગજીયો થાળ, છત્રીસ ખાનાવાળો ને બત્રીસ સોનાના ગંજીયા વાટકાઓ ભરેલો થાળ તો મેં એકલાએ જ મારી બાજુ ખેંચી લીધો. પણ એમાં અનેક જાતના ભોજનો જોઈને તો હું મુંઝાયો કે આમાંથી શું ખાઉં ને શું ન ખાઉં ! પછી તો મોટા કોઠાં જેવડા કોળિયા કરીને મહારાજને સંભારીને જમવા માંડ્યો તે માંડ ખૂટ્યું.

સુરાખાચરે વાત આગળ ધપાવતા કહ્યું - "એવામાં તમારા આ એકાંતિક ભક્ત નાના સાહેબ કહે કે સુરાખાચર વાહું ? અને

પુરણપૂળીને તોપે ઉડાડવાનું કહેતા હતા એટલે મને તો ત્રાસ થયો કે આ તો તોપનું મુખડું છે. તેથી હું આઠેક શેર જેટલી હોજરી અધુરી મૂકીને ઉભો થઈ ગયો છું. પણ હશે, અત્યારે પેટમાં પાણી પીવા જેટલો તો આધાર થયો. પછી તો મહારાજ સંભાળ લેનારા છે જ ને!'' આ સાંભળીને શ્રીહરિ તથા સંતમંડળ હસવા માંડ્યું. ત્યાં જ નાના સાહેબ બોલ્યા, સુરા બાપુ ! આ તો અમારી દક્ષિણી ભાષામાં પીરસવાને વાઢવાનું કહેવાય. કાંઈ છરી લઈને વાઢવાનું નહોતું કહ્યું અને પુરણપોળીને ઘીને તુપ કહે છે. સુરાબાપુ કહે, ઓય બાપ ! આ તમારી દખણી બખણીમાં અમને શું ખબર પડે ! નહિ તો ઝાઝું નહિ તો થોડુંય તમારું માન રાખત. પણ શું આજનું જમણ! એનું વર્ણન મારાથી ન થાય. એનું વર્ણન બ્રહ્માનંદ સ્વામી જેવા કવિ કરે તો થાય.

ત્યાં સ્વામી બોલ્યા, સુરા ! ખાધું તો સ્વાદ તમને આવ્યો, એનું વર્ણન હું કેમકરી શકું ! ત્યાં મહારાજ વચ્ચે બોલી ઉઠ્યા, સ્વામી, થોડું વર્ણન કરીને સુરા ખાચરને સંભળાવો તો રાજી થાય. અને સ્વામીએ ભોજનનું સુંદર કાવ્ય ભાષામાં વર્ણન શરૂ કર્યું.

**''ખાજા જલેવી લાડુ ગોળ, સ્વાદીયા જોઈ ચડે ચકડોળ,**
**ચાલીસ ચટણીને ચુંવાળીસ મઠા, તે જોઈને હાથ પાછા હઠ્યા,**
**ભજીયાં વડાં ને સો એક શાક, તરેહ તરેહના પંચાણું પાક,**
**અનુક્રમે તે થાળે ધર્યા, જેમવાદળમાં તારા ભર્યા,**
**કેસર કસ્તુરી અંબર બરાસ, તેજાનાની અતિ સુવાસ;**
**જોઈ મુંઝાઈ ગઈ છે મતિ, હવે શી થાશે મારી ગતિ,**
**એક હાથે લઈ ગોળો કરે, તે મેળવીને મુખમાં ધરે,**
**શાક સામટા સમેટી સાથ, ભરે બાયકો બીજે હાથ,**
**કોઠા જેવડા કોળિયા કરી, બસેક કોળિયે કોઠી ભરી,**
**નહિ જળ પવન સંચરવા જાગ, તો પણ તેનો કરાય કેમત્યાગ,**
**સોનું અને સુગંધનો જોગ, ભોલ ભરીને લીધો ભોગ,**
**સુરો રણમાં શોભે જેમ, છે ભોજનમાં સુરો તેમ.''**

ઉપરની હાસ્યરસ સભર કવિતા સાંભળીને શ્રીજી મહારાજ, સંતો અને કાઠી મંડળી ખડખડાટ હસી પડી. સુરાખાચર હસતા હસતા કહે કે હાશ ! આટલું હસ્યા એટલે હવે પચી જશે અને સવારે છાશું પીવાની જગ્યા થશે. એમભક્તો સાથે રમુજ કરતા ભક્તવત્સલ ભગવાન માધ્યરાત્રીએ નિદ્રાધીન થયા.

અનુસંધાન પેજ ૧૧નું ચાલું...

દરમ્યાન નિત્ય વહેલા જાગી, પવિત્ર એવી સરયુ ગંગામાં સ્નાન કરી, હનુમાનગઢી, કનક ભૂવન, જન્મભૂમિજેવા મંદિરોમાં નિત્ય પ્રત્યે જતા હતા. અને આપણને ભગવાને પોતે જ સ્વયં આચરણ દ્વારા શિખવ્યું, સત્સંગીઓએ સવારે વહેલા ઉઠીને નિત્ય દેવ દર્શન કરવા જવું.

આ અયોધ્યાની ભૂમિના કેવા ભાગ્ય છે. આ ભૂમિમાં બાળપ્રભુ અભ્યાસ કરે છે. તો વળી હનુમાન ગઢીમાં એકાદશી ખંડન થતું હતું તો પોતે બાળ અવસ્થામાં જ સધર્મની વાત કરી પોતે શાસ્ત્રમાં કહેલ એકાદશીનો મહિમા સમજાવે છે. વળી ગર્વ ગંજન ભગવાન શ્રીહરિ મલ્લોની સાથે કુસ્તી કરી મલ્લોનો ગર્વ પણ ઉતાર્યો હતો. તો આ બાજુ પોતાની રોટલી લઈ જનાર માકડાને સમાધિ કરાવે છે. બાળપ્રભુને યજ્ઞોપવિત અને સંપ્રદાયમાં પ્રસિધ્ધ એવી અંગુઠીની લીલા પણ મહારાજે અવધની ધરતી પર જ કરી છે. શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને તથા માતા દેવહુતિને ભગવાન કપીલે જે સાંખ્યજ્ઞાન આપ્યું. તેવી જ રીતે બાળપ્રભુ ઘનશ્યામ મહારાજે માતા ભક્તિ દેવીને ભગવાનની માયા તરવાનું જ્ઞાન આપ્યું હતું. હરિગીતા કહેવાણી તે સૌભાગ્ય પણ આ અયોધ્યાની ભૂમિને મળ્યું છે. અને બાળપ્રભુની અયોધ્યાની અંતિમલીલામાં આ ભૂમિએ બબ્બે વાર ધન્યતાની સાથે સાથે વિરહની વ્યાકુળતા પણ અનુભવી છે. શ્રી રામચંદ્રજીને વનવાસ સમયે આ ભૂમિમાં ભક્તોના આંસુ પડ્યા હતા. અને બાળપ્રભુ ઘનશ્યામ મહારાજે વર્ણી વેષ ધરી તપ કરવા માટે વન તરફ અહીંથી જ પ્રયાણ કર્યું ત્યારે પણ અયોધ્યાવાસી ખૂબ રડ્યાં છે.

તો આપણે પણ આવા મહાન તીર્થોમાં વર્ષમાં એકવાર તો જરૂર દર્શન કરવા જવું જોઈએ. સર્વોપરિ શ્રીહરિએ અહીંથી છપૈયા અયોધ્યાથી આપણને પોતાની મૂર્તિનું સુખ આપવા માટે કેટલો મોટો દાખડો કર્યો છે. આપ સૌ અક્ષરધામ તુલ્ય છપૈયા-અયોધ્યાના દર્શન કરવા જરૂરથી પધારશો.



# હે યુવાનો !!

- કોઠારી સ્વામી રામાનુજદાસજી

(ગતાંકથી ચાલું)

આજનો યુવાન પણ આવીજ રીતે વધુ પડતી આકાંક્ષાઓની આંધીમાં સપડાઈ ગયો છે અને તેથી જ પોતાનામાં રહેલી સાહજીકતા - શાંતિ - પ્રસન્નતા તેણે ગુમાવી દીધી છે. જો આપણને આંતરિક શાંતિ જોઈતી હોય તો શ્રીજી મહારાજ અને સંતોના કહેવા પ્રમાણે વધુ પડતી અપેક્ષાઓને મૂળથી ઉખેડી નાખવી પડશે. આજે વિશ્વમાં ચિંતા, ભય અને હતાશાનું મોજુ પ્રવર્તી રહ્યું છે. ત્યારે આપણે સત્સંગ શિબિરો વડે સકારાત્મક અભિગમ કેળવીને પલાયનવાદી ન બનતા સતત સત્સંગને માટે કાર્યશીલ બની, સંતો શાસ્ત્રો પાસેથી પ્રેરણા લઈને જીવનમાં સતકર્મ કરવાના છે. યુવાનોએ ચારિત્ર્યવાન અને સંયમશીલ બનવાની ખાસ જરૂર છે. કારણ યુવાની જ ઉચ્ચ આદર્શપૂર્ણ જીવન જીવવામાં મદદરૂપ થઈ શકે છે. કાર્ય નિષ્ઠ સેવાની ભાવના- ધ્યેય પૂર્ણ જીવન દ્વારા જ યુવાનો જીવનમાં સફળતાની ચાવીઓ હાથ કરી શકે છે. માટે દરેક યુવાને પોતાના આદર્શ તરીકે ઉચ્ચ જીવન જીવી ગયેલા સંત, મહાપુરુષો, વૈજ્ઞાનિકો, ચિંતકો અને સેવાભાવીઓને સ્વીકારવા પડશે.



તો આ રીતે યુવાનો જો વિચારીને સત્સંગમાં - સંત સમાગમ અને શિબિરો શાસ્ત્ર વાંચન દ્વારા મળતા અમૂલ્ય જ્ઞાનનો ઉપયોગ કરશે તો ચોક્કસ વ્યશન અને ફેશનથી બચીને પોતાને પ્રાપ્ત થયેલ અમૂલ્ય મનુષ્ય દેહરૂપી શરીર સંપત્તિ વડે આલોક અને પરલોકમાં ધારી સફળતા મેળવી શકશે. તો મિત્રો સત્સંગનું ઘડતર તમારા સાત્વિક હાથોમાં છે. તમે જે રીતે તેને ઉંચકશો તે રીતે ઉચકાશે.

સત્સંગ કરો - કથાવાર્તા સાંભળો - શાસ્ત્રવાંચન કરી - શ્રવણ - મનન - નિદિધ્યાસ કરી સમય આવે ત્યારે વર્તનમાં મુકો એજ સાચું છે. કારણ યુવાની તો જીવનની વસંતઋતુ કહેવાય. પરંતુ સત્સંગ યાત્રામાં જો અરસપરસ પ્રેમઅને સહકારની ભાવનાને સ્થાન નહિ હોય તો તે જીવન પાનખર જેવું છે. જેમ ખરેખર પાનખર ઋતુ વસંત ઋતુને આવકારવા ઉભી હોય તેમ સંપ્રદાયના છ અંગોમાં પ્રેમ, સ્નેહ, મમતા, આત્મીયતા, મહિમા જેવા શબ્દો જો સત્સંગીના જીવનમાંથી જતા રહેશે તો સમજજો કે વસંતઋતુનું આગમન ક્યારેય નહિ થાય. તેમ સત્સંગમાં મહિમા સિવાયનું જીવન સ્મશાન જેટલુંય પણ શોભતુ નથી. સત્સંગમાં આપણે મેળવ્યા કરતા અર્પણ કરવાની તૈયારી વધુ રાખવી જોઈએ. યુવાની તો ઉછળતો-ઉભરાતો દરિયો છે. તેમાંજ શ્રધ્ધારૂપી નાવડી ચલાવાની છે. દરિયામાં ભરતી અને ઓટ આવે તેમ સત્સંગ અને જીવનમાં ભરતી અને ઓટ આવે તેમાં મરજીવા બનીને જીવવાનું છે. સત્સંગમાં માછીમાર નહિ પણ મરજીવા બનીને જીવન જીવી મોક્ષની પ્રાપ્તિ રૂપ ધ્યેય સિધ્ધ કરી લેવાનું છે. સત્સંગમાં કે જીવનમાં ગમે તેટલા દેશકાળ રૂપી વાવાઝોડા આવે પણ જો જ્ઞાનનિષ્ઠા આપણા ઈષ્ટદેવ પ્રત્યેની નિષ્ઠા દ્રઢ હશે તો વાંધો નહિ આવે. દા.ત. વાવાઝોડાના આક્રમણથી ક્યારેય બગીચામાંથી ફુલછોડ ઉખડી જાય છે. પણ સાથે લાગેલા ફૂલો તો ડાળી સાથે જ રહે છે. પણ જો કદાચ સમયના વળાંકથી છુટું પડવાનું નસીબમાં લખેલ હોય તો ડાળીથી ફુલ છુટું પડી જાય પણ તેમાં રહેલી સુગંધને કોઈ

દૂર કરી શકતું નથી. તેમજ યુવાનો આત્મામાં રહેલા સદ્‌ગુણો અને જ્ઞાનનો ભંડાર કોઈ કઠીન દેશકાળ પણ અલિપ્ત કરી શકે નહિ. કારણ કે જ્ઞાન તો સુવાસની જેમ આત્મામાં રહેલું છે.

તો હે યુવાનો .... આપની યુવાની એટલે અઢળક અમૂલ્ય શક્તિનો ભંડાર, માનવીના શરીરની અંદર રહેલી જેટલી શક્તિનો આજે ઉપયોગ કરીએ છીએ તેના કરતા અનેક ઘણી શક્તિ પેદા કરવાની ક્ષમતા માનવીની અંદર છે. શરીરમાં અનેક ક્ષમતાઓ છે પરંતુ આપણે તેનો યોગ્ય વિકાસ કરી શકતા નથી. આથી નિરર્થક પડી રહે છે. વિજ્ઞાન પણ કહે છે કે માનવી પોતાની ક્ષમતાનો ૧૦% હિસ્સો જ વાપરે છે.

આપણા સત્સંગમાં પણ અઢળક યુવા સંપત્તિ છે. જેનો થોડો ઘણો જ ઉપયોગ સત્સંગ માટે થાય છે. દા.ત. તમે જમીન ઉપર સૂતા રહીને તમારી છાતી ઉપરથી કાર ચલાવવાની શક્તિ આપની અંદર નથી પણ તમોએ સર્કસના પહેલવાનોને જોયા હશે. જેઓ મોટા વજનવાળા હાથીને પણ પોતાની છાતી પરથી પસાર કરી શકે છે. પહેલવાન જેટલી શક્તિનો ઉપયોગ કરે છે. તેટલી શક્તિનો ઉપયોગ આપણે કરી શકતા નથી. જેમ ટાયરની અંદર રહેલ ટ્યુબમાં હવા ભરીને અનેક ટન વજન ટ્રકથી ખેંચી શકાય છે. એવી જ રીતે હે યુવાનો તમો પણ સત્સંગમાં રહીને તમારી અંદર છુપાયેલ અઢળક અને અમૂલ્ય શક્તિનો સ્તોત્ર સત્સંગમાં વહેવડાવીને પાછલી પેઢીને ઘડવા માટે ઉપયોગ કરી શકો છો.

પરંતુ આજનો યુવાન સંવાદહિન બની રહ્યો છે. તો સત્સંગમાં રહીને યોગ્ય માર્ગદર્શન સાથે ભગવાન સંબંધી સંવાદ કરવો જોઈએ. યુવા વર્ગે પ્રાણાયામ, સ્વાધ્યાય અને સકારાત્મક વિચારી, વ્યાયામ કરી નિયમિત અને સંતુલીત જીવન જીવવું જોઈએ. જીવનમાં આ બધી સફળતા કેળવવા માટે સંત સમાગમ ખૂબજ જરૂરી છે. ગાંધીજી પણ પોતાની આધ્યાત્મિક જીજ્ઞાસાઓને સંતોષવા માટે સ્વાતંત્ર્યતાની ચળવળ વખતે પણ સંતાઈને તત્વચિંતકો - જ્ઞાનીજનો સાથે સત્સંગ - સંવાદ વાર્તાલાપ કરતા.

પરંતુ આજના સમયે પશ્ચિમના આક્રમણે ભારતના યુવા માનસને ભટકાવ્યુ છે તેથી ગેરમાર્ગે દોરાયું છે.

યુવાનો ! આજે આપણા દેશની કૂદકે ને ભૂસકે થઈ રહેલ વસ્તી વધારાને દેશની મહાન સમસ્યા ગણવામાં આવી રહી છે. પરંતુ જેમ ભારત દેશ પાસે રહેલી આ સમસ્યા જ ભારતની સંપદા બની શકે તેમછે. કારણ આપણી પાસે સૌથી વધુ યુવા ધન છે. જો આ યુવા શક્તિને રચનાત્મક અને નવીન સર્જનાત્મક કાર્યોમાં જોડવામાં આવે તો દેશ - ખૂબ જ પ્રગતિ કરી શકે. તેમ સત્સંગમાં પણ યુવકોને ઉત્સવો - શિબિરો, સત્સંગ સભાઓ, સંસ્કાર મહોત્સવો ઉજવીને સત્સંગના રચનાત્મક કાર્યોમાં જોડવામાં આવે તો સત્સંગમાં ખૂબજ પ્રગતિ કરી શકાય તેમ છે. પરંતુ યુવાનો આપણે એ સમજવું પડે કે કોઈ પણ કાર્ય ઝડપથી સાધી શકાતુ નથી. ધીરજના ફળ જ મીઠા હોય છે. કાંકરે કાંકરે પાળ બંધાય એ ઉક્તિ અનુસાર સત્સંગમાં પણ યુવા શક્તિ જો ધગશથી કામે લાગી જાય તો ખૂબજ સુંદર પરિણામ લાવી શકાય તેમ છે.

## જાહેર આભાર દર્શન

**જયશ્રી સ્વામિનારાયણ સહ સવિનય જણાવવાનું કે અમારા જમાઇશ્રી પ્રફુલકુમાર રામલાલ દ્વિવેદી (U.S.A.)ના અચાનક અક્ષરવાસ થવાથી અમારા પરિવારમાં ન પૂરાય તેવી ખોટ પડી છે. સર્વાવતારી શ્રીહરિને ગમ્યુ તે ખરું.**

**વિપત્તિના સમયમાં આપ સૌ અમારા દુઃખમાં ભાગીદાર થવા માટે પ્રત્યક્ષ આવીને, પત્રથી, ફોનથી, ઇમેઇલથી, એસ. એમ. એસ. થી સહાનુભૂતિ દર્શાવી તે બદલ સર્વે નાના મોટા દેશ વિદેશમાં રહેતા સમસ્ત હરિભક્તોનો અમો અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ.**

**શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ**

**શ્રી સ્વામિનારાયણ બાગ, મેમનગર, અમદાવાદ-૫૨.**

# માઁ

- કલ્પેશ એન. પટેલ (કોઠાર)

**માઁ માઁ કહતા આત્મા અનાહિત થાય છે,**
**એજ માઁ ને મધર કહેતા અધર પણ શરમાય છે.**

ભક્તો ! આજે આપણે માઁ તત્વ વિશે કંઈક જાણીએ, ખરેખર માઁ શબ્દ સાંભળીએ કે બોલીએ તોય હૃદયમાં ટાઢક અને શાંતિ સાથે આનંદ અનુભવાય છે. "માઁ" નું આ દુનિયાના અસ્તિત્વમાં અનેરૂ સ્થાન રહેલું છે. માઁ નો પ્રેમઅને ભાવ પોતાના બાળક ઉપર અઢળક હોય છે. એક માઁ ના પ્રેમ અને ભાવને કોઈ ઓળખી શકતા નથી. અને ક્યાંથી ઓળખી શકે ? જે માઁ રાત-દિવસ જાગી-જાગી પોતાના બાળકને સૂવડાવે, પોતે ભીનામાં સૂઈ અને છોકરાને કોરામાં સૂવડાવે. પોતે રૂખું-સુકું ખાય અને પોતાના બાળકને ચોપડેલુ ખવડાવે. પોતે દુઃખ સહન કરી બાળ ને સુખી કરવાની ઈચ્છા કરે, પોતે ભર ઉનાળામાં બજારમાં જતી હોય એ ભારે તાપ માથા ઉપર પડતો હોય અને એ માઁ પોતે તડકો સહન કરી પોતાના લાડકા બાળ ઉપર પોતાની સાડીનું પલ્લું એના મસ્તકે નાખે ત્યારેજ એને શાંતિ થાય. આટ-આટલું કર્યા પછી પણ એ માઁ નો પ્રેમલાગણી ઓછી થતી નથી અને એને થાક પણ લાગતો નથી. એટલા માટે જ એક સાહિત્યકારે માઁ ઉપર સુંદર પંક્તિઓ લખી છે.



माँ के हृदय में प्रेम रहा है, प्रेम रहा है।
खुद भुख प्यास और धुप सहन करे ॥
जिसकी कोई सीमा न स्थान मिले जगतमे।
बच्चे को हृदयसे शितल छाया दे ॥
रोता हुवा बच्चा जब जब घर में।
प्रेम भरी लोरी गा-गाकर उसे चुप कराये ॥

આ તો જેને માતાનો પ્રેમ મળ્યો હોય અથવા પ્રેમ જોયો હોય તો જ ખ્યાલ આવે કે માઁ નો પ્રેમ કેટલો છે. એટલે માઁ ના પ્રેમની વાત તો જેટલી કરીએ એટલી જ ઓછી છે.

માઁ પોતાના બાળકને સંસ્કારી બનાવવાની લાલસા રાખતી હોય છે, જેમ નાના છોડને પ્રથમથી જ સારી સારવાર, ખાતર પાણી આપવામાં આવે તો એ છોડ વિશાળકાય અને મજુબત વૃક્ષનું રૂપ લઈ લે છે. પછી બધાય એની શીતળ છાયામાં બેસી આરામ અનુભવે છે. એમ માઁ બાળપણથી જ પોતાના બાળકનું ધ્યાન રાખે, સારા સંસ્કારોનું સિંચન કરે અને એની સાર-સંભાળ રાખી સારો સંસ્કારી છોકરો જે મોટો થઈ બીજાને અને પોતાને ઉપયોગી થાય અને એક બીજી વાત માઁ ના અગાધ પ્રેમની શીળી છાયા બાળકને શાંતિ અર્પે છે.

**माता तारी शीळी छाया रे,**
**लागी जाय सहुने माया रे.**

માઁ ના પ્રેમની વાત જ અલૌકિક છે. જગતમાં જેની જોડ ના મળે એવી શીતલ છાયા માઁ ના પ્રેમની છે અને માઁ ના વાત્સલ્યની વાત શું કરવી ?

લોકો શીતળતાને માટે ક્યાં ક્યાં દોટ મુકે. કુલ્લુ મનાલી, કાશ્મીર જેવા હિલ સ્ટેશનોએ જશે પણ ખરેખર જે માઁ ના વાતસલ્યની શીતળતા, માઁ ની ગોદની શીતલતાએ તો ક્યાંય નહિ ફક્ત માઁ ની ગોદમાં જ મળશે. એટલે જ એક કવિએ માઁ ની શીતળતા વિષે લખ્યું છે.

**જે મસ્તી હોય છે આંખોમાં, તે મહેલમાં નથી હોતી,**
**અમીરી કોઈ અંતરની જાગીરીમાં નથી હોતી.**
**શીતળતા પામવાને માનવી તું દૌટ કાં મુકે,**
**જે હોય છે માઁ ની ગોદમાં તે હિમાલયમાં નથી હોતી.**

આ જગતમાં બધું જ ખરીદી શકાય છે પણ માઁ ના પ્રેમને ખરીદી શકાતો નથી. એજ માઁ તત્વની મહાનતા છે, માઁ પોતાના બાળકની સારી સારવાર રાખી એને સારા સંસ્કારનું સિંચન કરે છે. અને આદર્શ બાળક બનાવે છે. જેથી એ બાળક દુનિયાના ગમે તે છેડે જાય તો ક્યાંય પાછો ના પડે.

પરંતુ આજ-કાલના છોકરાઓ માઁ ને ગણતા જ નથી. જ્યાં થોડા મોટા થશે પછી માઁ બાપનું માનશે નહીં. માઁ ને કહેશે કે તુ મારા ગળે ક્યાંથી ફસાણી, માઁ ને ના બોલવાના શબ્દો બોલશે પછી છેલ્લે એનું નિરાકરણ કાઢશે અને માઁ ને વૃદ્ધાશ્રમમાં મુકી આવશે. એને સહેજે જ વિચાર આવશે નહી કે મારી માઁ એ મને પાળી-પોષી મોટો માણસ બનાવ્યો. એ બધું હું ભૂલી ગયો.

એ આજનો બાળક માઁ ને મોટો થઈ ગમે તેવા દુઃખો આપશે તોય માતા એમ નહિ વિચારે કે આનું ભુંડુ થાય, પણ મનથી પ્રાર્થના કરશે હે પ્રભુ એને સદ્‌બુદ્ધિ આપજો. એના સારા ભવિષ્ય માટે પ્રાર્થના કરશે. આ તો માઁ નું હૃદય છે એની સીમા કોઈ ઓળખી શકતો નથી.

ખરેખર માઁ ના પ્રેમની વાતના તો ગ્રંથોના ગ્રંથ લખાય તેમ છે. કેમકે માઁ નો પ્રેમજ એવો છે. એની વાત થાય તેમ નથી. અને આ જગતના લોકો, બ્રહ્મા, વિષ્ણુ, મહેશની પૂજાઓ કરશે એ દીકરાઓને (છોકરાઓ) ક્યાંય રખડવાની જરૂર નથી. માઁ ને રાજી કરી લ્યો, માઁ બધાય ને પૂજવાનું ફળ મળી જશે, સૌ પ્રથમ સવારે ઉઠતાજ માઁ ને પગે લાગવું. કેમકે એ પહેલા ગુરુ છે તે પરમેશ્વરની ઓળખાણ કરાવે છે. એમ માઁ ની પ્રેમથી સેવા કરો એમાં ત્રણેય દેવની સેવા આવી જશે.

ભગવાન સ્વામિનારાયણ જ્યારે નાની અવસ્થામાં અર્થાત્ ઘનશ્યામ સ્વરૂપે હતા ત્યારે એમની માઁ ની સેવા કરીને બતાવ્યું. માઁ ની સેવા પ્રથમ કરજો, બાલ ઘનશ્યામે માઁ ની સેવા કરી માઁ નો રાજીપો મેળવ્યો અને માઁ ને સદ્‌ગતિ આપી પછી વનમાં જવા નીકળ્યા હતા. અને આપણે જોઈએ તો ત્રણ દેવ પ્રખ્યાત છે, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ. બ્રહ્મા જન્મદાતા છે, એટલે લોકો એમની પૂજા કરે છે, વિષ્ણુ પાલક અને મહેશ સંહારક છે. એટલે લોકો એમની આગળ પોતાનું મસ્તક ઝુકાવે છે.

બ્રહ્મ માં વિષ્ણુ અને વિષ્ણુમાં મહેશ સમાઈ નથી શકતા, પરંતુ દુનિયામાં એક એવું તત્વ છે ? જેમા બ્રહ્મા પણ છે, વિષ્ણુ પણ છે અને મહેશ પણ છે !

માઁ જન્મ આપે એટલા માટે બ્રહ્મા છે, સંતાન ને પાળે એટલા માટે વિષ્ણુ છે, અને સંસ્કાર આપી એનો ઉદ્ધાર કરેછે એટલે મહેશ પણ છે !

હું વધારે નથી કહેતો પણ નાની એવી વાત કહું જેથી ખ્યાલ આવે માઁ તત્વ એ કેવું છે.

"નૌ કલાક સુધી પાંચ કિલોનો પાણો (પથ્થર) પેટ ઉપર બાંધીને જુઓ, ખબર પડી જશે કે માઁ તત્વ શું હોય છે."

માઁ પોતાના બાળકને નવ નવ મહિના સુધી ઉદરમાં રાખી કેવી પીડા સહન કરે છે એ તો માઁ જ જાણે. પણ એ વેદના કેવી ભયાનક હશે. આવી ભયાનક વેદના સહન કરે એનું જ નામ માઁ છે.

અને એજ માઁ જ્યારે પોતાના છોકરાને કહેશે એલા છોકરા જા બજારથી આટલો સામાન લેતો આવ. તો કહેશે ના માઁ હું એટલો બધા સામાન ઉપાડી ના શકુ. તો હું કહું છું એ છોકરા ને ધિક્કાર છે જે પોતાની માઁ ની એટલી સેવા પણ ના કરી શક્યો એના કરતા તેં જન્મજ ન લીધો હોત તો સારૂ હોત.

હે ભક્તો ! વધારે તો હું માઁ વિષયમાં શું કહું ? બસ! માઁ એ તમને જે રીતે સાચવ્યો હોય એ પ્રમાણે એમની સેવા કરી એમનો રાજીપો મેળવી લેવો એજ મોટી કમાણી છે. એના માટે આ પંક્તિઓ સાંભળવા જેવી છે.

**જેને માત-પિતાની સેવા કરી,**
**તેને સર્વે દેવ સેવ્યા સમાન છે.**
**એ વાત બહુ પ્રખ્યાત છે,**
**એ તો અગમની ઓળખાણ છે.**
**સર્વે બ્રહ્માંડમાં પ્રસરી રહી,**
**એ માઁ ના પ્રેમની વાત છે.**
**એટલા માટે કહુ છું તમને,**
**એજ મોટી કમાણી છે.**

# મહિમા અતરૂ અલ્પાંગ

- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ જીયતપુરા (મહંત સ્વામી, માણસા)

અરે, મુક્તાનંદ સ્વામી, આ શું કરો છો?

દંડવત પ્રણામ! પણ કોને સ્વામી?

કૂતરાને! હા કૂતરાના સ્વભાવેયુક્ત બીજા કૂતરા જેવા જ આ કૂતરા ને આજે હું માંડ્યો છું. વણ થંભ્યા સાષ્ટાંગ દંડવત પ્રણામ કરવા! આપ જેવા મોટેરા સંતને સૌ કોઈ અનુસરતું હોય પણ આ ચરિત્ર જોઈને તો શૂરાને શાણા સૌને સંદેહ થાય તેવો છે. કૂતરાને તે વળી દંડવત? મોટેરા સૌ મળી આપને દંડવત કરે ને આપ વળી પાછા કૂતરાને?

ખરુ કહો છો સામાન્ય નજરે તીરે ઉભા જુએ તમાસો તે કોઈની આમાં ચાંચ ન ડૂબે એ વાત સાચી છે. તો કૂતરું પણ ક્યાં છે તે વાત વિચાર માંગી લે તેવી છે. શેરીઓમાં રખડતું કૂતરું હડ-હડ થાય પણ ખેતરના શેઢા ચાટતું રોજ તાજા રોટલા ખાય ને બંગલે બંધાયેલું તો બ્રેડ-બિસ્કીટ ઝાપટે. વળી ગાડીમાં વિહરતું શેઠીયાના ખોળા ખુંદે! તો દત્તાત્રેયના શરણે બેઠેલું ગુરૂ દત્ત સાથે પૂજાવા પણ લાગે. ત્યારે આજે આ કૂતરું ભગવાન સ્વામિનારાયણની ચરણ રજથી પાવન અક્ષરધામતુલ્ય ગઢપુરના દાદાને દરબારે જે લીંબતરૂ કે જેને છાંયડે હરિવરે સ્વસ્વરૂપના ગહન જ્ઞાનની ગાંઠડીઓ ખોલીને તેના તરંગોને વિશ્વ વ્યાપી વહેતા મુક્યા. જ્યાં દેવતાઓને પણ પ્રવેશવું દુર્લભ છે. ત્યાં આ કૂતરુ નિર્ભય પણે નિશ્ચિત થઈને કોઈ જાતના થડકા કે ફડકા વિના આરામફરમાવી રહ્યું છે તે જોઈને પ્રથમતો પેલા મારું મન પછી મસ્તક અને ધીરે ધીરે આઠે અંગે સહિત નમતા-નમતા તેને નમી જવાયુ અને એકવાર નમાયા પછી એના મહિમાના વિચારને એવા તો પામી જવાયું કે હવે થાક ખાવા પુરતું પણ અટકાતું નથી.



અહોહો ..... આપની વાણીનો એક પણ શબ્દ આ લોકનો જણાતો નથી. અરે! આપના આ વિચારો પણ માયા પરના છે. નર્યુ અમૃત વહી રહ્યું છે. કંઈક થોડું વધુ કહો ને, હાથ જોડીને વિનવું છું માવતર!

આમાં મારું કાંઈ નથી. શરૂઆતમાં તો મને પણ અઘટીત સ્વભાવો જોઈને સત્સંગી તથા સાધુઓની ચિતરી ચડતી. પણ જેમજેમશ્રીજી મહારાજને સમજતો ગયો તેમ તેમ અહંમ ઓગળતો ગયો ને ધીરે ધીરે તેમાંજ સમાતો ગયો. સહજ આનંદી સહજાનંદજી પોતાના રંગનો ઢોળ ચડાવતા ગયા ને આખુંયે નાળીયેર ક્યારે મધ મીઠું સાકરીયુ કરી મેલ્યું કે હવે તો એના નામનો આછો પાતળો પડછાયો પણ જેના ઉપર પડે છે તે સઘળું સાગમટે વાલુ વાલુ જ લાગે છે. સાધુ સત્સંગીની તો શી વાત કહું પણ ઢોર-ઢાંખર પણ હૈયે વળગે છે. કોઈ કેવો છે એ જોવા કે જાણવાની કુમતી વહે તો મન બુદ્ધિએ પણ મેલી દીધી છે. અહોરાત્રી બસ એકજ રટણ લાગી ગઈ છે કે કોણ કોનું છે? વિના વિલંબે ઉભરી આવે છે કે સઘળું મારા ઈષ્ટદેવ સહજાનંદ સ્વામીનું છે. ને બસ હું બની જાવ છું નત મસ્તક. આવા એક માત્ર સંબંધવાળાના માહાત્મ્ય સભર વિચાર માત્રથી બની રહ્યો છું સમગ્ર સત્સંગમાં દાસાનુદાસ! મહારાજે પણ પ્રસંગોપાત પ્રશંસા કરી કરીને આ મુક્તાનંદજીને જે કાંઈ મોટપ આપી છે તે સઘળા યશનું મૂળ છે આ મહિમા..... મહિમા વિના બધું ખારુ ઝેર છે. જોયું ને મહિમાથી થાય મીઠું મધ.

હે પ્રભુ ..... હે દયાળુ ..... હે કરુણાના સાગર ..... આપ તો કૃપાવંત છો. જો આપના મહિમા સભર આ વિચારોમાંથી મહા પ્રસાદના થોડા એ બુંદ પણ અમ પર વર્ષાવો તો હે ભગવંત આ સત્સંગ જરૂરથી નિર્વિષ બની રહે.

સર્વોપરિ શ્રીહરિના અગાધ સંબંધને પામેલા તમામે તમામસંતો હરિભક્તો સમેત સમસ્ત સત્સંગ પરસ્પર માહાત્મયના અતૂટ બંધનથી અખંડ દ્રઢ પણે બંધાયેલા રહો એવી પ્રાર્થના.....

# શુભનું બહેતું ઝરણું

- સાધુ યોગીચરણદાસજી ગુરુ સ્વામી દેવપ્રસાદદાસજી (પૂજારી, અયોધ્યા)

સનાતન ધર્મના શિખરો પર લહેરાતી ધજાઓ ભારત દેશની ઓળખાણ આપી રહી છે. કારણ કે ભારત દેશમાં ઉત્તરથી લઈ દક્ષિણ સુધી અને પૂર્વથી લઈ પશ્ચિમસુધી અસંખ્ય તીર્થો આવેલા છે. આ તીર્થોના શિખર પર લહેરાતી ધજાઓ ભારતની આગવી ઓળખાણ તો આપે છે. પણ સાથે સાથે ઉન્તિના શિખરો સર કરવાની પ્રેરણા આપી રહી છે.

ભારતના મહાન સંતોના મત્ત અનુસાર ભારતની ઉત્તરે ભગવાનના અવતારો અને ભારતની દક્ષિણે ભગવાનના ભક્તો અવતર્યા છે.

એમાંય જ્યાં જ્યાં ભગવાન અન ભગવાનના ભક્તો અવતર્યા છે. તે બધી જ ભૂમિમાં આજે મહાન તીર્થ ધામો થઈ ગયા છે.



તેવી જ આ ઉત્તર પ્રદેશની ભાગ્યવંતી ભૂમિકે જ્યાં રામ, શ્યામ, ઘનશ્યામ ભગવાનના પાર્દુભાવથી અતિ મહાન તીર્થ રૂપે ઓળખાય છે.

અને ખરેખર આવા તીર્થોમાં આજે પણ દર્શન કરવા જઈયે, તો ભગવાન પ્રત્યેના પ્રેમની વિરહની, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ભક્તિની એક નવી ચેતના જાગૃત થાય છે.

એમાંય વળી ભગવાને જે જે લીલાઓ કરી હોય તે શ્રવણ કરવાથી મનમાં શાંતિ થાય છે. અને જ્યારે આપણે તે પ્રસાદીની જગ્યામાં જઈએ અને હૃદયના સાચા ભાવથી નિષ્કામ થઈ આખો બંધ કરી ધ્યાન લગાવીએ તો આપણને ભગવાનની લીલાની અનુભૂતિ થાય છે. એમાં સંશય નથી.

આજે પણ આપણે જોઈ છે કે વૃંદાવનની રમણ રેતીમાં જ્યારે જઈએ તો ખ્યાલ આવશે કે મહાત્માઓ તેમાં આળોટતા હોય છે. કારણ કે તેમાં ભગવાનના ચરણારવિંદ પડ્યા છે.

કેટલો મહિમા!

છપૈયા-અયોધ્યામાં આજે પણ બાળપ્રભુ ઘનશ્યામના નાના-નાના પગલા ભૂંસાયા નથી. જેની દિવ્યતા આજે પણ દેદિપ્યમાન થઈ રહી છે.

એમાંય આ તીથીની દિવ્યતા જો સચવાઈ રહી હોય તો તેમાં આપણા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની કૃપા અને સંતો, ભક્તોનું યોગદાન રહેલું છે.

એમાંય આનંદની વાત તો એ છે કે, આવા આચાર્ય મહારાજશ્રી ભગવાનના પુત્ર કે જેમનો યોગ થયો અને તેમના પગલા આ તીર્થોમાં પડવાથી તીર્થોમાં દિવ્યતાના તેજ પથરાયા તેમાં જરાય સંશય નથી.

જ્યારે પણ પૂ. મહારાજશ્રી, પૂ. ગાદીવાળાશ્રી અને પૂ. લાલજી મહારાજશ્રી આ તીર્થોમાં વિચરતા હોય તો આપણને બાળપ્રભુ અને ભક્તિમાતાના વાત્સલ્યની ઝાંખી થઈ આવે છે. કેવા ભાગ્યશાળી છીએ આપણે!

એવું જ એક મહાન તીર્થ જન્મભૂમિ અયોધ્યા, જેને મહા પ્રભુ ઘનશ્યામમહારાજે પોતાની નાની નાની પગલીઓ પાડીને ઘણી બધી લીલાઓ કરી છે. અને વળી ઉદ્ધવઅવતાર ગુરુ રામાનંદ સ્વામીનું જન્મસ્થાન પણ અહીં આવેલ છે.

બાળ પ્રભુ ઘનશ્યામમહારાજ અયોધ્યા નિવાસ

અનુસંધાન પેજ - ૫ પર...

# શ્રીજી મહારાજના પ્રસાદીના ઝૂલો અમદાવાદ મંદિર

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)



શાસ્ત્રો કહે છે કે પૃથ્વી ઉપર જ્યાં જ્યાં જે જે સ્થળે પાપ નાશક ભગવાન જન્મધરે છે તથા જે જે સ્થળે ભગવાન અને સંતપુરુષો વિચરણ કરે છે તે તે સ્થળો બધા તીર્થરૂપ છે. સર્વાંતર્યામી ભગવાન શ્રી પુરુષોત્તમનારાયણ અમદાવાદ શહેરમાં હજાર મુખવાળા શેષનારાયણ પણ વર્ણન કરતાં મુંઝાય તેવા આશ્ચર્યકારક દિવ્ય લીલા ચરિત્રો કરતા હતા. નગરવાસી જનોને અલૌકિક આનંદ આપતા હતા અને દુષ્ટોને શરમજનક પરાજય પમાડતા હતા. હાલમાં મંદિરના પરિસરમાં રહીને આગળ વધીએ તો આમતો આખું મંદિર જ પ્રસાદીનું છે. મંદિરમાં ધુમ્મટના દરેક સ્તંભને શ્રીહરિના હસ્તનો સ્પર્શ થયેલો છે. શ્રીહરિના ચણારવિંદની રજથી આખુંય મંદિર પાવન બનેલું છે. છતાં પણ એ પવિત્રતાને કોઈ એક સ્થાનમાં કેન્દ્રિત કરવાથી વિશેષ આનંદ આવશે.

**ત્રણ સિંહાસનો :** મૂર્તિ પ્રતિષ્ઠા કર્યા પહેલા શ્રીહરિ નરનારાયણદેવ આદિ ત્રણેય સિંહાસનોમાં બિરાજ્યા હતા.

જ્યારે આ સિંહાસન સોનાના કર્યા ત્યારે નરનારાયણદેવના સિંહાસન ઉપર ચોડેલો આરસનો પથ્થર તથા થાંભલા નારાયણઘાટ મંદિરમાં સિંહાસનમાં લગાવેલા છે. શ્રી નરનારાયણદેવના દ્વાર સોનાના બનાવેલા છે. અસલ પ્રસાદીના દ્વાર લુણાવાડા સ્વામિનારાયણ મંદિરમાં છે.

**ગરુડજી :** ગર્ભગૃહમાં ત્રણેય સિંહાસનોના પગથિયામાં રહેલી ત્રણેય ગરુડોની મૂર્તિઓ પ્રસાદીની છે.

**ભોંયરું તથા ભોંયરામાં કૂવો :** શ્રી નરનારાયણદેવના સિંહાસનની નીચે સુંદર ભોયરું છે. જેમાં શ્રીહરિ બપોરના સમયે ઘણી વખત શાંતિથી પોઢતા. ભોંયરામાં કૂવો છે. શિલ્પ શાસ્ત્રની વિધિ અનુસાર જ્યાં અચળ પ્રતિમાઓની સ્થાપના કરવી હોય ત્યાં મૂર્તિઓની નીચે કૂવો હોવો જોઈએ. એ નિયમને લક્ષમાં રાખી શ્રીહરિએ સદ્‌ગુરુ આનંદાનંદ સ્વામીને મંદિરની બરાબર મધ્યભાગમાં કૂવો કરવાની આજ્ઞા કરેલી. બરાબર તે કૂવા ઉપર જ સિંહાસન ગોઠવી તેમાં શ્રી નરનારાયણદેવની સ્થાપના કરવામાં આવી છે. શ્રીહરિ ભોંયરામાં પોઢતા ત્યારે પોતે આ કૂવાનું પાણી પીવા વગેરેના ઉપયોગમાં લેતા. આ કૂવાના મોઢા ઉપર પોલો થાંભલો કરી પડખાના ભાગો ચણી લઈ સિંહાસનના પાછળના ભાગમાં નાનું દ્વાર રાખેલું છે. જ્યારે શ્રી નરનારાયણાદિ દેવોને અભિષેક કરવામાં આવે છે ત્યારે આજે પણ નાના લોટાથી તે કૂવાનું પાણી કાઢી અભિષેક કરવામાં આવે છે.

**મંદિરમાં પંચાયતન દેવ :** શ્રીહરિએ શ્રી નરનારાયણદેવ પધરાવ્યા તે સમયે જ શ્રી નરનારાયણદેવના સિંહાસનની પૂર્વ તરફ શિવ પંચાયતનની સ્થાપના કરી છે.

**શ્રી નરનારાયણદેવના મંદિરના દ્વારનો ઉંબરો :** આ ઉંબરા ઉપર શ્રીહરિ થાળ જમ્યા હતા તથા શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરી રહ્યા પછી સત્સંગીઓ દાગીનાઓ તથા વસ્ત્રો દેવને ભેટ આપતા હતા તેને શ્રીહરિ ઉંબરા ઉપર બેસી લેતા હતા. અને બ્રહ્મચારીને તે વસ્તુઓ

મૂર્તિઓને ધરાવવા આપતા હતા. તથા દેવની પ્રતિષ્ઠા સમયે દેવ સામી એક દ્રષ્ટિ રાખી મૂર્તિઓમાં દ્રષ્ટિ જોડી પોતાનું તેજ અને શક્તિ મૂર્તિઓમાં મૂકતા હતા.

પરમ પ્રસાદીનો આ ઉંબરો જાણે અક્ષરધામનો ઉંબરો હોય ને શું એવું જણાય છે ! જે સત્સંગીને એ ઉંબરા પર મસ્તક ટેકવવાની એક નિષ્ઠા હશે તેનું કલ્યાણ તો આ જન્મે જ થઈ રહ્યું છે !!

**સુખશય્યા :** શ્રી નરનારાયણદેવના મંદિરથી પશ્ચિમતરફ સુખ શય્યાની સ્થાપના પણ શ્રીહરિએ જ કરેલી છે. તેમાં પલંગ છે તે પ્રસાદીનો છે. તેમાં સામે શ્રીજીની બે મૂર્તિઓ છે. તેમાં જે ચિત્રની મૂર્તિ છે તે શ્રીજીમહારાજે નારાયણજીભાઈ પાસે બનાવરાવી છે. તેમાં સં. ૧૮૮૨ એમ લખેલું છે.

**થાંભલો :** રાધાકૃષ્ણદેવની આગળનો થાંભલો પ્રસાદીનો છે. જે હાલમાં નીચેના ભાગે ચાંદીથી મઢેલો છે. આ થાંભલાને ઓઠિંગણ દઈને શ્રીજી મહારાજે ઘુમ્મટની છતમાં કોતરેલા પૂતળાનું નિરીક્ષણ કર્યું હતું. તથા ત્યાં જ ઊભા રહીને મંદિરના નિર્માણ કાર્યમાં સેવા કરનાર મુખ્ય કારીગરોને શિરપાવો આપ્યા હતા. આ એ જ થાંભલો છે જેને લાવતા હરિભક્તના બળદનો પગ ભાંગી ગયેલો. શ્રીહરિ થાંભલાને ભેટ્યા હતા. જે ઘટના નીચે મુજબ છે.

મંદિરના નિર્માણ સમયે એક હરિભક્તે સાબરકાંઠાથી એક લાંબો પથ્થર ગાડે ચડાવ્યો. ગાડું ચાલ્યું આવતું હતું. રસ્તામાં ક્યાંક ખાડામાં બળદનો પગ પડ્યો. બળદનો પગ ભાંગી ગયો. બે ગામની વચ્ચે આ બનાવ બન્યો. હવે શું થાય ? આ બળદ તો ચાલી શકે એમ ન હોતો. ભગતે વિચાર કર્યો. આ જન્મે સ્વામિનારાયણ ભગવાન ઓળખાયા છે. હવે ફરી જન્મ લેવો નથી. આ જીવ ઘણીવાર બળદ થયો હશે અને ગાડે જૂત્યો હશે તો આજે સ્વામિનારાયણ ભગવાનને અર્થે ગાડે જોડાઈ જાઉં. બીમાર બળદને જંગલમાં ચરવા છૂટો મૂકી દીધો. અને ભગવાન સ્વામિનારાયણનું નામ લઈ, એક બાજુ સાજો બળદ અને એક બાજુ આ હરિભક્તે ધોંસરી ખભા ઉપર લીધી અને ગાડું ખેચ્યું. ગળામાં કાંધ પડી ગઈ. સામે ગામ આવ્યું ત્યાંથી બીજો બળદ ભાડે કરી માંડ માંડ અમદાવાદ પહોંચ્યો. આનંદસ્વામીને વાત કરી. સ્વામીએ ખૂબ રાજી થઈ માથે હાથ મૂંકી કહ્યું ધન્ય છે તમને. આ પથ્થરનો હું થાંભલામાં ઉપયોગ કરીશ. રાધાકૃષ્ણદેવ અને નરનારાયણદેવની વચ્ચે ઘૂમટમાં આ પ્રસાદીનો થાંભલો આજે પણ સૌને દર્શન આપી રહ્યો છે. શ્રીજી મહારાજ જ્યારે મંદિરમાં પ્રતિષ્ઠા કરવા પધારેલા, ત્યારે આનંદ સ્વામીએ આ થાંભલા વિશે સઘળી વાત કરી, જે સાંભળીને સ્વામિનારાયણ ભગવાને થાંભલાને હાથ લગાડેલો અને કહ્યું કે ધન્ય છે આ સત્સંગીને ! શ્રીજી મહારાજ કહે એ સત્સંગીનું તો કલ્યાણ થાય એમાં શંકા નહિ, એ ત્રણેય બળદનું પણ કલ્યાણ થશે. આ મંદિરના પથ્થર લાવવામાં જે જે પ્રાણીઓએ સેવા કરી છે એ સૌનું કલ્યાણ થશે. આ પથ્થરને જે કોઈ ભક્ત વંદન, સ્પર્શ કરશે, ભેટશે તેનું પણ કલ્યાણ થશે. આજે પણ સૌ હરિભક્તો આ પ્રસાદીના પથ્થરને સ્પર્શ કરે છે, ભેટે છે અને શ્રીહરિની આ લીલાને યાદ કરે છે.

**મૂળ મંદિરના આવા ઈતિહાસો શાસ્ત્રોમાં લખાયેલાછે. અન્યત્ર આભાસી સંસ્થામાં આવો ઈતિહાસ ન હોય ! અહીં કલ્યાણના કેવળ વાયદા નથી, તે ખેડૂત તથા તેના બળદોનો જ્યારે અંતકાળ આવ્યો ત્યારે શ્રીહરિ વિમાન લઈને તેડવા પણ પધારેલા અને વચન મુજબ જગ જાહેર કલ્યાણ કર્યું.**

**બેઠક :** મંદિરના ઉત્તર તરફના પગથિયાની આથમણી તરફની બેઠક ઉપર થાંભલા પાસે શ્રીહરિ ઘણી વખત બેસતા તેથી તે બેઠક પ્રસાદીની છે. હાલમાં તે બેઠક ફેરવી નાંખેલ હોઈ ત્યાં થાંભલા પાસે ઓટો કરાવી ચરણારવિંદ પધરાવ્યા છે અને તે બેઠકનો પ્રસાદીનો પથ્થર રંગમહોલની પાસે દર્શન કરવા મુકેલો છે.

**મંદિર પાછળ કૂવો :** મંદિર અને અક્ષરભુવનના દક્ષિણ દિશાના ખૂણા પાસે કૂવો છે. તે કૂવાનું પાણી ઘણું જ સારું અને સ્વાદુ હતું. તેથી શ્રીજીમહારાજ તથા સંતો તે પાણી પીતા. દેવના ઉપયોગમાં પણ તે પાણી વપરાતું. તથા જ્યાં સુધી કૂવામાં પાણી હતું ત્યાં સુધી માંદા સંતો તે જ પાણી પીતા. હાલમાં તેમાં પાણી નથી. તેથી તે કૂવા ઉપર પથ્થર ઢાંકી દીધેલો છે.

*(ક્રમશ:)*

# રોકડા રૂપિયાનું રહસ્ય

- પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

ભારતીય ધર્મ, સંસ્કૃતિ અને સભ્યતાની રક્ષા મોટે ભાગે જે તે સંપ્રદાયના આચાર્યશ્રી, સંતો અને મહાપુરુષોએ જ કરી છે. આધ્યાત્મિકતા એ વિશ્વને ભારતનો વારસો છે, સાચો વારસો છે. આધ્યાત્મિક વિકાસ જેટલો ભારતની ભૂમિ પર થયો છે અને થાય છે, તેટલો જગતની કોઈપણ ભૂમિ પર થયો નથી.

પૂર્ણ પુરુષોત્તમભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુના 'સર્વજીવ હિતકારી સિદ્ધાંતો'ને અનુલક્ષીને સમગ્ર વિશ્વને વિષે સદ્‌વિદ્યાનું પ્રવર્તન દેશ-વિદેશમાં વિચરણ કરીને આચાર્યશ્રી તથા સંતોએ કરવું એ ઘણું કઠિન કાર્ય છે. દુનિયાની માયાથી જળકમળવત્ રહીને આ સંતો પોતાના જીવનનો વિશેષ સમય ધર્મના પ્રચાર અને પ્રસાર માટે તેમજ આધ્યાત્મિક વિકાસ માટે વ્યતીત કરતા હોવાને લીધે તેઓ ખરેખર વંદનીય અને પૂજનીય છે.



પ.પૂ. આચાર્યશ્રીએ અનેકવિધ આયોજનો દ્વારા સંતોને અને વિદ્વાન વક્તાઓને પ્રેરણા આપી શ્રોતાજનોને તરબોળ અને તરબતર કરી હરિભક્તોનાં હૃદયોમાં ભક્તિરસનો ઝરો ભર્યો છે.

એક વખત કેટલાક સંતો એક ગામની બહાર એક ઘેઘૂર વટવૃક્ષ (વડલો) નીચે આવીને રહ્યા. ગામના માણસોને ખબર પડી કે સંતો વડ નીચે રાતવાસો રહેવાના છે. આથી ગામના આગેવાનોએ તેમનું પ્રેમપૂર્વક સ્વાગત કર્યું અને પ્રાર્થના કરી કે, "મહારાજ ! આ વડના વૃક્ષમાં એક જબરદસ્ત પ્રેત રહે છે, જેણે કેટલાયના ભોગ લીધા છે. માટે આપ સૌ ગામમાં પધારો."

આથી સંતોએ કહ્યું કે, "અમે પણ એક પ્રકારના પ્રેત જેવા જ છીએ. જો તે પ્રેત ભગવાન શ્રી સ્વામિનારાયણનું નામ સાંભળશે તો તેનોય ઉદ્ધાર થઈ જશે....."

એ દિવસથી આ ગામમાં એકધારો સત્સંગ થવા લાગ્યો. એક વખત એક ગૃહસ્થ સહકુટુંબ યાત્રા પ્રસ્થાનને દિવસે એક નાળિયેર અને એક રોકડો રૂપિયો લઈને સંતોના દર્શનાર્થે આવ્યા. અને કહ્યું, "બાપજી ! અમે સૌ યાત્રાએ જઈ રહ્યા છીએ, માટે આ ભેટ સ્વીકારી કૃતાર્થ કરો."

"ભાઈ ! મહારાજની દયા વગર આવો યોગ મળવો દુર્લભ છે. પણ તમારી એક વાત અમને ન ગમી."

"કઈ બાપજી ?" જિજ્ઞાસાવૃત્તિથી પટેલે પૂછ્યું.

"બીજું બધું તો ઠીક, પણ આ રૂપિયાની અહીં શી જરૂર હતી? આનું (રૂપિયાનું) નામશું છે તે તમે કોઈ જાણો છો?"

જરા સ્મિત કરીને સ્વામી બોલ્યા :

"ભાઈ ! અહીં જ તમે ભીંત ભૂલો છો ! એનું નામ તો સૌ જાણે છે, એનું નામ 'રૂપિયો' નહિ પણ 'રોકડો' છે. તમે 'રોકડા' શબ્દના બે ભાગ કરો. રો + કડા. એનો અર્થ એ થાય છે કે, જો કોઈ વિરકત ત્યાગી એને ગ્રહણ કરે તો તેને રોવું પડે, એટલે 'રો' ! અને પાછળથી 'કડા' એટલે કડક સજા સહન કરવી પડે. માટે આ રૂપિયો અહીંથી ઉપાડી લો. પણ પટેલનું મન ન માન્યું. પોતે ભાવથી ધરેલી ભેટ સ્વામીએ ગ્રહણ ન કરી તેથી તે ગળગળો થઈ ગયો.

સ્વામીએ તેના હેયાને વાંચી લીધું, તેથી શાંતિથી કહ્યું : "તમે મને રૂપિયો આપ્યો છે, તે હવે મારી માલિકીનો થઈ ગયો છે. હવે આ રૂપિયો કોઈ ગરીબને મારા વતી આપજો, પટેલ સમજી ગયા કે, સ્વામીના અદલ નિશ્ચયની બલિહારી છે !

કહેવાનું તાત્પર્ય એ છે કે સંતોમાં સામાના હૃદયને ઉકેલવાની અદ્‌ભુત શક્તિ હોય છે. આ શક્તિ ઈશ્વરી શક્તિ છે. ઈશ્વરી શક્તિ જેમને વરી હતી તે હતા સદ્‌ગુરુ સ્વામી નિત્યાનંદજી !

# સત્સંગ સુગંધ

## "કેવા શોભે છે મહારાજ મારી ડગલીમાં !"

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

સુરતના એક દરજી ભાવનગરમાં રહે. નામ આત્મારામ. આત્મારામ દરજીને શ્રીજી મહારાજ પર ખૂબ ભાવ. શ્રીહરિ ઉપર એટલી આત્મીયતા કે આંખો બંધ કરે કે મહારાજની મૂર્તિ પ્રત્યક્ષ દેખાય. મહારાજનું નામ પડતાં ઓળઘોળ થઈ જાય. દરજી કામ કરીને વ્યવહાર નિભાવે. હાથ કામ કરે ને હોઠ ઉપર મહારાજનું નામ રમતું હોય.

એક દિવસ વિચાર આવ્યો કે, "મહારાજના ચરણમાં ધરવા જેવું મારી પાસે બીજું તો શું છે ? જે છે તે મારી આંગળીઓની કળા છે. મારી એ કળા હું શ્રીજી મહારાજનાં ચરણોમાં સમર્પિત કરું ને કૃતાર્થ થાઉં !"

બસ, શ્રી સહજાનંદ સ્વામી મહારાજ માટે એણે સુંદર ડગલી સીવવાનો સંકલ્પ કર્યો.



એ માટે રાત-દિવસ મહેનત કરીને એણે એક અતિ સુંદર ડગલી તૈયાર કરી. ડગલીમાં કિંમતી જરીનું સુંદર ભરતકામ કર્યું, સોનેરી વેલ બુટ્ટા મૂક્યા ને એવી મનોહર બનાવી કે જોયા જ કરીએ ! પછી એક દિવસ સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી એણે એ ડગલી મહારાજને સમર્પિત કરી.

ડગલી જોઈને મહારાજ ખુશ થઈ ગયા. કલાકારીગરી પર મહારાજને ખૂબ પ્રેમહતો. ચિત્રકલા, શિલ્પકલા, કાવ્યકલા એવી જ આત્મારામ દરજીની આ સીવણકલા !

મહારાજે તરત જ ડગલી અંગ પર ધારણ કરી, બિલકુલ બરાબર ! નહિ નાની નહિ મોટી ! નહિ લાંબી નહિ ટૂંકી ! જાણે બરાબર માપ લઈને ન બનાવી હોય ! મહારાજ બોલ્યા : "આત્મારામ! ડગલી ફકકડ બનાવી છે ! અમને એ બહુ ગમી છે. માગો, માગો તે આપીએ."

આત્મારામે હાથ જોડી કહ્યું : "મહારાજ ! માગું આપનાં ચરણમાં આશ્રય ! એ સિવાય બીજું કાંઈ ન જોઈએ !"

મહારાજે હસીને કહ્યું, "જેવી ડગલી કિંમતી છે તેવી તમારી માગણી પણ મહાન છે ! પણ તમે અમને રાજી કર્યા છે તો અમેય તમને રાજી કરી છીએ. જાવ તમે જે માંગ્યુ તે અમે આપ્યું."

આત્મારામ દરજીએ ફરીથી દંડવત કર્યા. હેત ભાવથી સીવેલી ડગલીના બદલામાં પરમાત્માએ "પરમસુખ"ની લ્હાણી કરી દીધી !

ત્યાં વળી કોઈ એક હરિભક્તે પૂછ્યું, "આત્મારામ! એ તો કહો, તમે આ ડગલીનું માપ ક્યારે લીધેલું ?"

આત્મારામે મહારાજની સન્મુખ જોઈ ઉત્તર આપ્યો : "આ મૂર્તિ તો મારા રોમે રોમમાં વસી ગઈ છે - આંખો બંધ કરું કે મહારાજ દેખાય છે ! તે વખતે માપ લઈ લઉં છું. કેટલીય વખત ડગલી સીવતા સીવતાં મેં એમને અંગ પર એ ઓઢાડીને જોઈ છે ! કેવા શોભે છે મહારાજ મારી ડગલીમાં!"

બોલતાં બોલતાં આત્મારામની આંખો બંધ થઈ ગઈ ને એ અંતરમાં ડગલી પહેરીને બિરાજેલા મહારાજનાં દર્શન કરતો રહ્યો. આત્મારામજાણે નિર્વિકલ્પ સમાધિમાં સરી પડ્યો ! સભામાં બિરાજેલા સૌના મુખમાંથી શબ્દો નીકળી પડ્યા : "ધન્ય ડગલી ! ધન્ય દરજી !"

પછી તો આખા નગરમાં વાત ફેલાઈ ગઈ કે આત્મારામ દરજીએ મહારાજને જેવી ડગલી સીવી આપી છે એવી તો ક્યાંય કદી કોઈના જોવામાં આવી નથી. શું અદ્‌ભુત ડગલી છે ! વાત વહેતી વહેતી ભાવનગરના મહારાજ વ્રજેસિંહના કાને આવી.

રાજા કહે, "એવી કેવી ડગલી છે ? મારે એ જોવી." એમણે સેવકને મોકલી મહારાજને વિનંતી કરી કે "મારે આપની એ

અદ્‌ભુત ડગલી જોવી છે.''

શ્રીજી મહારાજે એ ડગલી રાજાને જોવા માટે મોકલી. રાજા ડગલી જોઈને મુગ્ધ થઈ ગયા : ''વાહ ! સુંદર કામ કર્યું છે, મને કોઈ આવી જ ડગલી સીવી આપે તો સો સોનામહોરો આપું.''

એમણે દરબારી દરજીને બોલાવ્યો. દરબારી દરજીએ ડગલી જોઈને એની આંખો પણ અધ્ધર થઈ ગઈ ! એણે તરત જ રાજાને કહ્યું ''મહારાજા સાહેબ, આવી ડગલી મારાથી નહિ સીવાય ! જરીના આવા વેલ બુટ્ટા ને આવું ભરતકામ મને નથી આવડતું.'' વ્રજેસિંહ તો હતાશ થઈ ગયા. ત્યાં દરબારી દરજીએ કહ્યું, ''જેણે આ ડગલી સીવી છે એને જ કહો, એ જ આવી ડગલી સીવી શકશે.''

મહારાજાએ આત્મારામ દરજીને તેડાવ્યો. એને ખૂબ માનપાન આપીને બેસાડ્યો ને પછી પેલી ડગલી બતાવી કહ્યું, ''મને આવી એક ડગલી સીવી આપો ! તમને મોં માંગ્યું ઈનામ આપીશું.''

આત્મારામ દરજીએ શાંત સ્વસ્થ અવાજે કહ્યું, ''માફ કરજો મહારાજા, નાને મોંઢે મોટી વાત કરુ છું. પણ વાત એમ છે કે એકલી કલાકારીગરીથી આવું કામ નથી થતું. એમાં કારીગરી ઉપરાંત કંઈક ઉમેરવું પડે છે !''

રાજાને વાતમાં રસ પડ્યો ! એમણે કહ્યું, ''શું ઉમેરવું પડે છે?'' આત્મારામે કહ્યું, ''હેત અને ભક્તિ ! સ્વામી સહજાનંદજી મહારાજની આ ડગલી સીવી એમાં તો મેં હેતના ટેભા લીધા છે. બીજી ડગલી સીવવા એવું હેત ક્યાંથી લાવું ?'' આટલું બોલી આત્મારામ ચૂપ થઈ ગયો. મહારાજનું નામ લેતાં જ એ ગળગળો થઈ ગયો હતો.

મહારાજ વ્રજેસિંહ પણ શ્રી સ્વામિનારાયણ ભગવાનમાં હેત વાળા હતા. શ્રીહરિનો મહિમા તેઓ બરાબર સમજતા હતા. આત્મારામનો સમગ્ર આત્મા પરમાત્મા શ્રીહરિમાં એકાકાર થઈ ગયો છે - એ એમણે પ્રત્યક્ષ જોયું. એ સમજી ગયા કે ''આત્મારામતો મહારાજનો ભક્ત છે. એટલે એને શ્રીજી મહારાજ ઉપર સ્નેહ હોય એવો મારા પર ક્યાંથી હોય ? હું મારા પૂર્વજન્મોના પુણ્યે રાજા થયો છું, તે સિવાય મારા પર ભાવ થાય એવું મારામાં શું છે ?''

એમણે આત્મારામને કહ્યું, ''આત્મારામ, તમારી વાત સાચી છે. શ્રીહરિ માટે જે ડગલી તમે સીવી છે એવી બીજી ડગલી સીવાય નહિ, સીવવાનું કહેવાય પણ નહિ ! કારણે એ ડગલીનો પહેરનારો પુરુષ અદ્વિતીય છે ! એની ડગલી પણ ભલે અદ્વિતીય રહી !''

થોડીવાર અટકી વ્રજેસિંહ રાજાએ કહ્યું, ''અને આવી અદ્‌ભુત ડગલી સીવનારો દરજી પણ મારા રાજ્યમાં અદ્વિતીય છે. એની કલાની યોગ્ય કદર કરવી એ રાજા તરીકે મારો ધર્મ છે.

આત્મારામ કહે, ''મહારાજની ડગલી સીવવાનું ઈનામમારાથી ન લેવાય !''

''મહારાજની ડગલી સીવવાનું નહિ, મારી ડગલી નહિ સીવવાનું હું તમને ઈનામ આપુ છું.''

પછી વ્રજેસિંહ રાજાએ આત્મારામને ભારે મોટું ઈનામ આપી એમનું બહુમાન કર્યું.

રાજાએ આત્મારામને ભારે મોટું ઈનામ આપ્યું એ જાણી મહારાજ, વ્રજેસિંહ રાજા ઉપર ખુશ થયા.

અનુસંધાન પેજ ૨૬નું ચાલું...


ડોલાવ્યું એને પકડો. ત્યારે સંગીતકાર કહે છે રાજન ઉભા રહો કોઈને પકડવાની જરૂર નથી. રાજા નવાઈ પામી ગયા. કેમ? સંગીતકાર કહે છે. મારી ઈચ્છા હતી કે હું મારૂં સંગીત એવાને જ સંભળાવવા માગતો હતો કે જે સાચા રસિયા હોય. એ આ કસોટી ઉપરથી સાબિત થઈ ગયું. માટે આજ સાચા સંગીત પ્રેમી છે. આમને હું સંગીત સંભળાવીશ. સંગીતકારે આખી રાત્રી પોતાની કળા સાચા સંગીત પ્રેમીઓને સંભળાવી.

આ વાત ઉપરથી આપણે એ શીખવાનું કે જેને ભગવાનનું ભજન કરવાનો સાચો ખપ હોય, સાચી નિષ્ઠા હોય તેને ગમે તેવાં દુઃખ આવે કષ્ટ આવે તો પણ પોતાની ટેકમાંથી પાછા પડે નહિ તેને સાચા ખપવાળા ભક્ત કહેવાય. એટલે જ બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું છે ને કે,


''બ્રહ્માનંદ કહે રે એવા હરિજનની બલિહારી
મસ્તક જાતાં રે નવ મેલે ટેક વિસારી.''

શિર સાટે ભગવાનનો ને સત્સંગનો સાચો ખપ હોય તેના માટે આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન હાજરા હજૂર છે.


# સર્વોપરિ ભગવાનનું સર્વોપરિ હરિભક્ત દ્વારા નિર્મિત સર્વોપરિ મંદિર ઓક્લેન્ડ ન્યુઝીલેન્ડ



અક્ષરધામના અધિપતિ, સર્વ અવતારના અવતારી સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાન આજથી ૨૩૦ વર્ષ પૂર્વે ભારતની ભૂમિઉપર સધર્મની સ્થાપના કરવા માટે વિચરણ કરી રહ્યા હતા અને તેઓએ મુમુક્ષુઓને શ્રી સ્વામિનારાયણ મંત્ર આપ્યો. સ્વામિનારાયણ ધર્મનો પ્રસાર અને પ્રચાર કરવા માટે શ્રીહરિએ પોતે અમદાવાદમાં શ્રી નરનારાયણદેવની પ્રાણ પ્રતિષ્ઠા કરી એક મંદિર બનાવ્યું જે તે યુગમાં ધર્મ પ્રચારનું પ્રથમચરણ હતું. શ્રીહરિની આજ્ઞા મુજબ આચાર્યશ્રીઓ દ્વારા સધર્મનો દુનિયામાં પ્રચાર થાય તથા આમઆદમી વ્યસન મુક્ત બની એકાંતિક ધર્મનું પાલન કરી સ્વચ્છ સમાજ રચના ઉભી કરે અને છેવટે આ જન્મમરણના ફેરામાંથી મુક્તિ મેળવે. આમ આવી આજ્ઞાનું અક્ષરસહ પાલન કરતા આચાર્યોની પરંપરાના શ્રીહરિના સાતમાં વંશજ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની નિશ્રામાં અને તેમની આજ્ઞાથી સ્વામિનારાયણ સંપ્રદાયના શ્રી સ્વામિનારાયણ મંદિર કાળુપુર ગાદીના ચુનંદા સંતો હંમેશાં પ્રવૃત્ત રહે છે. આ સંપ્રદાયની પ્રસાર અને પ્રચારની પ્રક્રિયા હમેંશાં જાગૃત રાખી ધર્મની જ્યોત સમગ્ર વિશ્વમાં ફેલાવે છે.



પરંપરાગત સ્વાગત કરતાં ત્યાંના માવરી પ્રજાજનો.



સ્વાગત કરવા ભાવવિભોર થયેલ પ્રજાજનો.

આવી જ એક જ્યોત, પેસિફિક મહાસાગરના કાંઠે દક્ષિણ ધ્રુવને અડીને ડેડલાઈનની નજીક ૪૪ લાખની વસ્તી ધરાવતા ન્યુઝીલેન્ડ દેશમાં પ્રગટાવી છે. ન્યુઝીલેન્ડને ઉગતા સૂર્યનો દેશ કહેવામાં આવે છે. દરરોજ આંતર રાષ્ટ્રીય તારીખ બદલાય ત્યારે સૂર્યનું પ્રથમ કિરણ આ દેશમાં પ્રકાશિત થાય છે. આ દેશ બે ટાપુ સમૂહનો બનેલો છે. એક ઉત્તર અને બીજો દક્ષિણ. અહીં આશરે દોઢ લાખ ભારતીયો રહે છે. જેમાં લગભગ અડધા ભાગના ગુજરાતી પરિવારો વસવાટ કરે છે. ન્યુઝીલેન્ડ દેશની રાજધાની ઓકલેન્ડ શહેર છે. આશરે ૨૦ થી ૨૨ લાખની વસ્તી




સત્સંગને વિષે આત્મબુધ્ધિવાળા નિષ્ઠાવાન હરિભક્તો




મેયરશ્રી સાથે હેતપ્રેમની પરિભાષા



પ્રતિષ્ઠા મહોત્સવની તૈયારીઓ



પોતાના ગુરૂ પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના દર્શન -શ્રવણાર્થે શોભાયાત્રામાં ઉમટેલી માનવમેદની



સંતો સહિત પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીનું ઓકલેન્ડ મંદિરમાં ઝીણવટભર્યું નિરીક્ષણ

ધરાવતા આ શહેરમાં બ્રિટિશ શાસન બાદ બાદ છેલ્લાં પાંચ સાત પેઢીઓથી ભારતીયોનો વસવાટ છે. જ્યાં તમામ સુખ સુવિધાઓની સગવડો છે. પ્રકૃતિ સૌંદર્ય પણ અઢળક છે. અહીંનો મુખ્ય વ્યવસાય ખેતી અને ઘેટા ઉછેરનો છે. આમ આ દેશ ઉપર ભગવાને ખૂબજ કૃપા કરી છે.

ઈ.સ. ૧૯૯૪ માં અમદાવાદથી તત્કાલિન લાલજી મહારાજશ્રી પ.પૂ. ૧૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પોતાનો અભ્યાસ પૂર્ણ કરીને પેસિફિક મહાસાગરના કાંઠાના દેશો, ઓસ્ટ્રેલીયા, સિંગાપોર, હોંગકોંગ, ફિઝી, થાઈલેન્ડ અને ન્યુઝીલેન્ડમાં ત્રણ મહિના વિચરણ કર્યું. ત્યારે અહીં વસતા ભારતીઓએ સત્સંગ-દર્શન પૂજાનો લ્હાવો લીધો. સળંગ ત્રણ વર્ષ સુધી સત્સંગ પ્રચારના માધ્યમથી ઓકલેન્ડમાં પ.ભ. ડૉ. કાંતિભાઈ પટેલ ઈટારવાવાળાના નેતૃત્વ હેઠળ શ્રી નરનારાયણદેવ તાબાની ઈન્ટરનેશલન સ્વામિનારાયણ સત્સંગ ઓર્ગેનાઈઝેશન (આઈ.એસ.એસ.ઓ.) નામની સંસ્થાની સ્થાપના કરવામાં આવી.

**મંદિરની સ્થાપના માટે આજ્ઞા :** આઈ.એસ.એસ.ઓ. ના નેજા હેઠળ પ્રત્યેક રવિવારે સત્સંગ સભા થાય છે. પ.ભ. કાંતિભાઈના ભાઈ જયંતીભાઈનો ભક્તિભાવ તથા પ.ભ. અરૂણભાઈ જેવા અનેક હરિભક્તોની મહેચ્છાથી પાપાટોપટોય વિસ્તારમાં એક નાનો હોલ ખરીદીને નાનું હરિ મંદિર બનાવ્યું. આવા સમયમાં ન્યુઝીલેન્ડ દેશની કાયમી વસવાટ (પી.આર.) માટેના કાયદાનું સરલી કરણ તથા ઉંચ્ચ શિક્ષણ માટેના એડમીશન સરળ થતાં ગુજરાતના વિદ્યાર્થીઓને ભણવા માટે આવવાની સંખ્યામાં વધારો થયો. સત્સંગીઓની લાગણી અને માંગણીથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી પાપાટોપટોય વિસ્તારમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનું શિખરબંધ મહા મંદિર બનાવવા માટે વર્ષ ૨૦૦૨ માં ચર્ચ ખરીદવામાં આવ્યું.


આ ચર્ચમાં ભગવાનની મૂર્તિઓ પધરાવવાની ચર્ચા ચાલતી હતી એવામાં પ.ભ. ડૉ. કાંતિભાઈ નારાણભાઈ પટેલને શ્રીજી મહારાજનો નિશ્ચય પરિપકવ હોવાથી તેઓએ અનંતકોટિ બ્રહ્માંડના ઉગતા સૂર્યના દેશમાં બિરાજમાન હોય ત્યારે જુના ચર્ચમાં ન પધરાવતાં નવા મંદિર નિર્માણની મહેચ્છા દર્શાવી ત્યારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રાજી થઈને આજ્ઞા આપી.

**સંપ્રદાયનું સર્વ પ્રથમમંદિર : (ઉગતા સૂર્યના દેશમાં)** શ્રીજી મહારાજે પોતાના વિચરણ વખતે અમદાવાદ શહેરમાં સ્વામિનારાયણ સંપ્રદાયનું સર્વ પ્રથમ મંદિર નિર્માણ કરાવ્યું. આ મંદિર બનાવવા સ્વામિનારાયણ ભગવાને સ્વયં માણકી ઉપર બેસીને જમીન સંપાદન કરી. અને મંદિર કર્તા સ.ગુ. આનંદાનંદ સ્વામીને મંદિરના કામમાં કોઈપણ જાતની કમી ના રહે તે માટે તકેદારી રાખવાનું જણાવેલ. મંદિરની વિશાળતા શિલ્પકલા, સ્થાપત્યકલા, વાસ્તુકલા વગેરેની બેનમૂન કૃતિ બનાવી જેની કોપી આજ દિન સુધી કોઈ

કરી શકેલ નથી. તેમ વિશ્વના પ્રથમદેશમાં સર્વાવતારીનું મંદિર બનાવવામાં કોઈ જાતની કચાશ ન રહે અને સર્વાંગ રીતે પૂર્ણ કલાત્મક ભારતીય સંસ્કૃતિને અનુરૂપ કાષ્ટ કલાની બેનમૂન કલાકૃતિઓ જેમાં તમામ પ્રકારની ડિઝાઈન, કલા અને સંસ્કૃતિનો સમન્વય હોય અને ભગવાન શ્રીહરિની લીલાઓની ઝાંખી થઈ શકે તેવી તમામ સુવિધા સંપન્ન પૂર્ણ કરવાનું પ્લાનીંગ કરવામાં આવ્યું.

**પ.ભ. ડૉ. કાંતિભાઈ પટેલ, મંદિર નિર્માણમાં :** મૂળ ગુજરાતી પ.ભ. ડૉ. કાંતિભાઈ પટેલ વ્યવસાયે કાર્ડિયોલોજીસ્ટ (હૃદય રોગના સર્જન) છે. તેઓ પેસિફિક દેશોમાં હૃદય રોગના સુપર સ્પેશ્યાલીસ્ટ તરીકે સારી નામના ધરાવે છે. તેઓની પોતાની ૨૨ જેટલી હોસ્પિટલો ન્યુઝીલેન્ડ દેશમાં આવેલી છે. દેશના વરિષ્ટ નેતાઓ, અને ઉદ્યોગપતિઓ શ્રી કાંતિભાઈ પટેલના પ્રભાવમાં છે. ડૉ. કાંતિભાઈ પટેલની મુલાકાત માટે એકાદ માસ પહેલાંથી સમય લેવો પડે છે. તેવુંજ તેમનું માનવ સેવામાં વ્યસ્ત જીવન છે. આમ વ્યવસાયિક શ્રેષ્ઠ વ્યક્તિને જ્યારે સત્સંગનો રંગ લાગે ત્યારે તે તે ક્ષેત્રમાં પણ શ્રેષ્ઠ જ સાબિત થાય. તે અનુસાર ડૉ. કાંતિભાઈ પટેલે ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની પ્રસન્નાર્થે તેમના વ્યવસાયિક જીવનમાંથી થોડો થોડો સમય બચાવીને મંદિરને આકાર આપવા માટે જીવન સમર્પિત કરવા તૈયાર થયા.

ડૉ. કાંતિભાઈએ પોતાનું સ્વપ્ન સાકાર કરવા માટે ભારતના પુરાતન મંદિરોમાં વિચરણ કરી નિરીક્ષણ કર્યું. તથા દેશ વિદેશમાં તૈયાર થયેલ નવા મંદિરોનો અભ્યાસ કર્યો. તેમાં સર્વોપરિ અને શ્રેષ્ઠ નરનારાયણદેવનું કાલુપુર અમદાવાદની ડિઝાઈન તથા પ્લાનિંગ પસંદ પડ્યું. તે મંદિરમાં રહેલ સ્થાપત્ય અને શિલ્પની પ્રતિકૃતિ કરવાનો મક્કમનિર્ધાર કર્યો. વિદેશમાં વિઝાના નિયમો, દેશની સલામતી અને આંતરિક શાંતિ માટેના કડક નિયમો હોવાથી નકશી કામના કલાકારોના પ્રવેશ માટે, સલામતી અને સુરક્ષાને ધ્યાનમાં રાખી મંદિરની ડિઝાઈન નકશા કાઉન્સીલમાં પાસ કરાવ્યા. આ જટિલ કાર્યને સિધ્ધ કરવા માટે ભારત તથા હોંગકોંગ, ચાયના વગેરે દેશોમાંથી મોડેલ બનાવી મંદિર બહારના એલિવેશન બનાવ્યા. તથા ભારતના કાષ્ટકલાના શિલ્પી કનુભાઈ મેવાડા (કણભા) વાળાના નેતૃત્વમાં લાકડાની નકશી કામનો પ્રારંભ કર્યો. જેમ જેમ કાર્ય આગળ વધતું ગયું તેમ તેમ તેમાં વધુને વધુ ડિટેઈલનો ઉમેરો થતો ગયો. નકશી કામના વધુ પડતા કામના કારણે મંદિર નિર્માણનો સમય ગાળો નિર્ધારિત સમય કરતાં બમણો થયો. પણ કામમાં કોઈ કચાશ ન રહે તેવો ડૉ. કાંતિભાઈનો આગ્રહ હતો. આ મંદિર નિર્માણના અંદાજીત બજેટ કરતાં ખર્ચનો ઉત્તરોત્તર વધારો તથા ડૉ. કાંતિભાઈએ પોતાનું સર્વસ્વ દાવ ઉપર લગાવી દીધું. અન્ય હરિભક્તો પાસે દાનની માગણી ન કરતાં પોતાનું બેંક બેલેન્સ, બચતો વગેરે મંદિર નિર્માણમાં ખર્ચાઈ ગયું. ત્યારબાદ પોતાના ઘરને ગીરો મૂક્યું, આગળ વધતાં પોતાની



પ્રતિષ્ઠાના અંગભૂત યજનવિધિ.




શ્રીનરનારાયણદેવનો મહાભિષેક



અભિષેકના અલૌકિક દર્શન



પ્રતિષ્ઠાની આરતી ઉતારતા
પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી



કથામૃતનું રસપાન કરાવતા
વક્તાશ્રી યોગેન્દ્રભાઈ ભટ્ટ



આરતીનો મહાલાભ લેતા મુખ્ય યજમાનશ્રી
ડો.કાંતિભાઈ પટેલ તથા પરિવારના સભ્યો.



કથાશ્રવણમાં મગ્ન મહિલાગણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું સભામા
સ્વાગત કરતા ત્યાંના અગ્રગણ્ય મહાનુભાવો.

હોસ્પિટલો બેંકમાં ગીરો મૂકી લોન મેળવી મંદિરનું કામ ચાલુ રાખ્યું. મનમાં હવે પુરુ કરો તેવો સંકલ્પ પણ ન થવા દીધો. આશરે ચાર પાંચ વર્ષની સખત મહેનત, લગન અને કાર્યત્વરાથી મુશ્કેલીઓનો સામનો કરતાં કરતાં તા. ૨૪ માર્ચ ૨૦૦૮ ના રોજ મંદિરમાં મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા કરવાનું નક્કી થયું. મંદિરના બાંધકામને નિહાળીને ન્યુઝીલેડના રહેવાસીઓ બ્રિટિશરો (ગોરા) ત્યાંના મૂળ નિવાસી માવરીઓ અને બહારથી આવેલા અનેક (કાળા) લોકોએ બહારનું એલિવેશન જોઈને પોતાની ગાડીઓ ઉભી રાખી મંદિરની અંદર આવતા અને મનોમન મંદિરની સુંદરતાના વખાણ કરતા તથા પ્રસંશા કરતા કહેતા હતા કે ન્યુઝીલેન્ડમાં ભારતીય સંસ્કૃતિનું પ્રત્યક્ષ દર્શન જોવા મળેછે.

**મંદિરની ભવ્યતા :** ન્યુઝીલેન્ડના પાટનગરમાં દક્ષિણ દિશામાં જ્યાં ભારતીય વસ્તીનું પ્રમાણ વધારે છે તેવા સમૃદ્ધિથી ભરપૂર પાપાટોપટોય વિસ્તારના વેન્ટાવર્થ એવન્યુ પર સહેજે શોધી શકાય તેવા લોકેશન ઉપર મંદિર આવેલું છે. ઈન્ટર નેશનલ એરપોર્ટથી ૧૭ મિનિટમાં મંદિર પહોંચી શકાય છે. મંદિરમાં દાખલ થતાં પરિસરમાં ૫૦ ગાડી પાર્ક કરી શકાય તેવો પાર્કિંગ પ્લોટ છે. ભવ્ય ફૂવારો બનાવેલ છે. તથા સુંદર બાગ બગીચાવાળો લેન્ડસ્કેપ બનાવેલ છે. મંદિરની આજુબાજુ ૧૨ બંગલા ખરીદીને સત્સંગીઓ માટે વસવાટ બનાવવામાં આવ્યા છે. હજુ વધારે બંગલા ખરીદવાનું આયોજન છે. મંદિરના પ્રવેશ દ્વારની અંદર ભવ્ય સ્વાગત કક્ષ બનાવેલ છે. જેમાં સત્સંગનું પ્રમાણિત સાહિત્ય કેન્દ્ર તથા બૂટ હાઉસ બનાવેલછે.

મંદિરના મુખ્ય હોલમાં સુંદર સિંહાસન ઉપર મધ્યમાં હરિકૃષ્ણ મહારાજ સાથે રાધાકૃષ્ણદેવ બિરાજમાન છે. જમણી બાજુના સ્થાને શ્રી નરનારાયણદેવ બિરાજમાન છે. અને ડાબી બાજુ રામ દરબાર સ્થાપિત છે. જમણી બાજુની લાઈનમાં ગણપતિજી, હનુમાનજી, સૂર્યનારાયણદેવ ગાયત્રી દેવી, અંબાજીમાતા, શિવ પરિવાર આદિ દેવોના સ્વરૂપની મૂર્તિઓ પધરાવેલ છે. તથા ઉપરની લાઈનમાં સિંહાસનની અંદર દશાવતારની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવામાં આવી છે. ન્યુઝીલેન્ડમાં વસતા પ્રત્યેક ધાર્મિક વ્યક્તિને મંદિર પ્રત્યે મમત્વ થાય અને સૌને પોતાપણું લાગે તે હેતુથી અલગ અલગ અવતારોના સ્વરૂપોની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવામાં આવીછે.

મંદિરની સામે ભવ્ય કોમ્યુનિટી સેન્ટર સત્સંગ ભવન તેમાં ૪૦૦ ની સીંટીંગ ખુરશી કે તેમાં ભવ્ય સ્ટેજ ના બેક ગ્રાઉન્ડમાં ગીતા ઉપદેશ કરતા ભગવાન શ્રીકૃષ્ણ તથા અર્જુનની ચિત્ર પ્રતિમા છે. માતાઓ તથા બાળકોને બેસવા માટે અલગ બાલ્કની બનાવવામાં આવી છે. જેમાં ૨૦૦ માણસો બેસી શકે તેવી વ્યવસ્થા છે અને ચાલુ કાર્યક્રમમાં બાળકો વિક્ષેપ ન કરે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. સલામતીની સંપૂર્ણ વ્યવસ્થા માટે મંદિરમાં અગત્યનાં સ્થળોએ વીડીયો કેમેરા ગોઠવેલા છે. અને તેમાં ફાયર એલાર્મ

અને વોર્નિંગ સિસ્ટમ લગાવેલી છે.

દરેક પ્રસંગમાં મંદિરની મૂર્તિના લાઈવ દર્શન થાય તે માટે વીડીયો **CCTV** અને કોમ્પ્યુટર મિકસીંગની વ્યવસ્થા ગોઠવેલી છે. મંદિરમાં અને હોલમાં સિલીંગ ઉપર લાકડાની કોતરણી કરેલી પેનલો છે તથા દિવાલો ઉપર અને સ્થંભો ઉપર પણ નકશી કરેલી છે. ઓટોમેટીક ઓપન બંધ થાય તેવા દરવાજા બનાવ્યા છે. તમામ સ્થળે લાકડાની કોતરણી વાળી કૃતિઓની જાળવણી માટે ફાયર સેફટી કોટીંગ લગાવેલ છે. જે કોટીંગ લાકડાને અડધા કલાક સુધી સળગવા દેતી નથી. ન્યુઝીલેન્ડ ઠંડો પ્રદેશ હોવાથી પ્રભુ ધ્યાનમાં વિક્ષેપ ન થાય તે માટે ભોંય તળીયામાં જડેલ ગ્રેનાઈટ નીચે ફલોર હિટીંગ સિસ્ટીમ લગાડેલ છે. અને ગમે તેવી ઋતુમાં રૂમનું ઉષ્ણતામાન ૩૦° થી ૪૦° જાળવી રાખે છે. સ્થાનિક પ્રજાને ભારતીય સંસ્કૃતિનું પ્રેરણાદાયક આર્કિટેકચરને લક્ષમાં રાખીને મંદિર બનાવેલ છે. ભગવાનના થાળ બનાવવા માટે અત્યંત આધુનિક સુવિધાથી ભરપૂર રસોડું બનાવેલ છે. તથા સંતો પૂજારીઓના આવાસ બનાવવામાં આવેલ છે. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી જ્ઞાન પ્રકાશ સ્વામી તથા હરિસ્વરૂપ સ્વામી ભગવાનની સેવામાં છે. મંદિર ઉપર ત્રણ મોટા ધુમટ અને આશરે પાંચ નાના ધુમટ બનાવેલ છે. મંદિરની બહારના ભાગમાં **GRC** મટીરિયલમાંથી બનાવેલ નકશીવાળાં થાંભલા, કમાનો અને ચેનલો લગાવવામાં આવી છે. મંદિરની નકશી કલા જોઈને આચાર્ય મહારાજશ્રી ખૂબજ પ્રસન્ન થયા હતા.



વિષ્ણુયાગમાં શ્રીફળ હોમતા
પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી




સમૂહ આરતીમાં સામેલ અગ્રગણ્ય હરિભક્તો

**મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ :** મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવમાં પણ ભવ્યતા લાવવા માટે મહોત્સવ તા. ૧૮-૩-૦૮ થી તા. ૨૪-૩-૦૮ કુલ સાત દિવસનો કાર્યક્રમ રાખવામાં આવ્યો. જેમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા, મહા વિષ્ણુયાગ, શ્રીમદ્ ભાગવત સપ્તાહ તથા અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમો ઉપરાંત દરરોજ મહાપ્રસાદ અને અન્નકૂટ દર્શનના કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. આ મહોત્સવ પ્રસંગે અમદાવાદ અને દેશ વિદેશમાંથી સંતો અને હરિભક્તોને આમંત્રણો અપાયાં. અમદાવાદથી મહોત્સવના ભાગરૂપે અઠવાડીયા અગાઉથી પૂર્વ તૈયારી કરવા સંત મંડળમાં શાસ્ત્રી સ્વામી પી.પી. સ્વામી જેતલપુર, ગુરુપ્રસાદ સ્વામી કાંકરીયા, દેવ સ્વામી નારાયણઘાટ, હરિસ્વરૂપ સ્વામી વગેરેનું તા. ૧૫ માર્ચના રોજ આગમન થયું. સંતોના આગમનથી હરિભક્તોના કાર્યને વેગ મળ્યો. ધંધા ઉપર માણસોની વ્યવસ્થા કરી અને નોકરી વાળાઓએ નોકરીમાં રજાઓ મૂકી મંદિરમાં સેવા કરવા માટે હરિભક્તો કામ કરવા લાગી ગયા. અમદાવાદથી મહંત સ્વામી પૂ. નારાયણસ્વરૂપદાસજી સ્વામી તથા જ્ઞાનપ્રકાશ સ્વામી તથા પાર્ષદ વનરાજ ભગત પધાર્યા.



પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી સાથે યજમાનશ્રી
કાંતિભાઈ અને તેમના સુપુત્ર વૈદિક વિધિમાં પ્રવૃત્ત




પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના આશીર્વચનો
એક ચિત્તે માણી રહેલા ભક્તજનો

ન્યુઝીલેન્ડના બીજા સુપ્રસિદ્ધ ડૉ. એલશસીપ્ટુ બ્રિટિશ ડૉકટર છે. તેઓ ડૉ. કાંતિભાઈ પટેલની પેનલમાં કામકરી રહ્યાં છે. છેલ્લા થોડા વર્ષોથી શ્રી કાંતિભાઈને મંદિર નિર્માણમાં વ્યસ્ત જોઈને તેઓશ્રી મંદિરની મુલાકાતે



મહિમાએ યુક્ત ભાવવિભોર થઈ ગયેલા મહાનુભાવો



ડો.કાંતિભાઈનો ભક્તિભાવ



શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની મહાઆરતી



સુશોભિત વસ્ત્રાભૂષણોમાં શ્રી નરનારાયણદેવના દર્શન

આવ્યા. મંદિરનું કામ જોઈને અને તેની ભવ્યતા અને દિવ્યતાથી ખુશ થઈ પોતાનું યોગદાન આપવા માટેનો સંકલ્પ થતાં એક લાખ ડૉલરનો ચેક શ્રી કાંતિભાઈને અર્પણ કર્યો. વિનમ્ર ભાવથી કહ્યું કે આ મંદિરમાં મારી સેવા અવશ્ય સ્વીકારો મને આ મંદિર ખૂબ ગમે છે. ડૉ. એલશ સીપ્યુટુ મૂર્તિ પ્રતિષ્ઠાના દિવસે મંદિરમાં પધાર્યા અને સર્વે સંતો અને ભક્તોની સામે પોતાની લાગણીઓ વ્યક્ત કરી.

**પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું આગમન :** આપણા સંપ્રદાયની પરંપરા અને સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા પ્રમાણે મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરવા માટે અમદાવાદ સ્વામિનારાયણ મંદિર શ્રીનરનારાયણદેવ ગાદીના વર્તમાન આચાર્ય પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તા. ૧૮-૩-૦૮ ના રોજ બપોરે ૧ વાગે ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પધાર્યા. પ.પૂ. મહારાજશ્રી પોતાનો નિત્યક્રમ પરવારીને મુસાફરીના થાકની અવગણના કરી ૩-૩૦ વાગે મંદિરના ઉત્સવમાં પધાર્યા.

**ન્યુઝીલેન્ડના આદિવાસી માવરી જનો દ્વારા રાષ્ટ્રીય પરંપરા મુજબ આચાર્ય મહારાજશ્રીનું સ્વાગત :** ન્યુઝીલેન્ડ માં તે દેશના મૂળ રહેવાસી જેઓ આદિજાતિ તરીકે જીવતા હતા. તેમને "માવરી" તરીકે ઓળખવામાં આવે છે. બ્રિટિશ શાસન અગાઉ માવરી પ્રજા કાયમી જંગલમાં જ રહેતી. પરંતુ શિક્ષણનો વ્યાપ વધતાં તેઓ હવે શહેરમાં આવ્યા છે. પરંતુ તેમની મૂળ રહેણી કરણી અને રિવાજો જાળવી રાખેલ છે. આવા "માવરી" લોકો દ્વારા પ.પૂ. મહારાજશ્રીના સ્વાગતની ગોઠવણ કરવામાં આવી હતી.

માવરી જુથના ૧૫ જેટલા પુરુષો પોતાની વનવાસી વેશભૂષામાં પોતાની માવરી ભાષામાં મંદિરના દરવાજે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીને આવતા રોકીને પોતાની આગવી લાક્ષણિક શૈલીમાં "અમારી ધરતી ઉપર આપ આવ્યા છો તો ચાલ્યા જાઓ." એવી અર્થવાળા શબ્દોથી ડાન્સ કરી મહારાજશ્રીને ડરાવતા હતા. તેઓ મોટા ડોળા કાઢતા અને બિહામણા ચાળા કરતા અને પૂ. આચાર્ય મહારાજશ્રીને ડરાવવાનો પ્રયત્ન કરતા પરંતુ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સ્થિર રહીને જરા પણ પાછા હઠ્યા સિવાય ઉભા રહ્યાં એટલે માવરીઓ પગે લાગીને પૂજ્ય ભાવથી સ્વાગત કરીને માવરી પરંપરા મુજબ નાકથી નાક ઘસીને વંદના કરી અને માવરી ભાષામાં સ્વાગત ગીત સંગીત રજુ કર્યું. માવરીઓ મહારાજશ્રીના ચરણમાં પડી પડીને અમારી ધરતીને આપે પાવન કરી હવે અમારો ઉદ્ધાર થાય તેવું વરદાન આપો. અમને ધર્મનો રાહ બતાવો અને તમારી અને તમારા મંદિરની રક્ષા માટે તૈયાર થઈ આ મંદિર અમારૂ માનીને તમારા ધર્મનું અનુસરણ કરીશું. એમજુદી જુદી રીતે પ્રાર્થના કરીને એક કલાક સુધી પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને સંતોને ઉભા રાખ્યા. અહીં રાષ્ટ્રીય મહાન કાર્યક્રમ હોય ત્યારે અથવા કોઈ વિદેશથી રાષ્ટ્રીય વડા પધાર્યા હોય ત્યારે આ પ્રમાણે સ્વાગત કરવામાં આવે છે. આમ

અહીં આપણા આચાર્ય મહારાજશ્રીનું સ્વાગત થતાં ત્યાંથી પ્રજા ખૂબજ પ્રભાવિત થઈ. પાપાટોપટોય શહેરના મેયરે તેમના ઉદ્‌ઘાટન પ્રવચનમાં આ મંદિર અમારી શાન વધારનાર અને અમારૂં ગૌરવ વધારનાર છે. આ રીતે પ્રશંસા કરી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું સ્વાગત કર્યું હતું. મવારીઓના આવા **સ્વાગતને પ્રોફારી તરીકે સંબોધવામાં આવે છે.**

આ પ્રસંગે આચાર્ય મહારાજશ્રી સાથે પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને બહેનોને સત્સંગ-દર્શનનો લાભ આપ્યો હતો. નિત્ય બહેનોએ ગાદીવાળાશ્રીને ઘરે ઘરે પધરામણી કરાવતાં અને બહેનોની અલગ સત્સંગ સભા રાખવામાં આવતી.

આ મહોત્સવમાં શ્રીમદ્‌ ભાગવત સપ્તાહ પારાયણ સુપ્રસિદ્ધ કથાકાર આદરણીય શ્રી યોગેન્દ્રભાઈ ભટ્ટજીએ કથાનું રસ પાન કરાવ્યું હતું. અને ભક્તિ સંગીત રૂપી અમૃતવાણીથી શ્રોતાઓના દિલ જીતી લીધાં હતાં. કથાનો સમય દરરોજ ૪ થી ૮ વાગ્યા સુધી રાખવામાં આવ્યો હતો.

**મહોત્સવમાં હાજર રહેલ મહાનુભાવો :** ન્યુઝીલેન્ડ મંદિરના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવને દિપાવવા માટે ઘણાં મહાનુભાવો પધાર્યા હતા. જેમાં મુખ્યત્વે મહોત્સવના પ્રથમ દિવસે મનુકાઉ ટાઉનના મેયરશ્રી લેન બ્રાઉન પધાર્યા હતા. તેઓના વરદ્‌ હસ્તે દિપ પ્રાકટ્ય વિધિ રાખવામાં આવી હતી. મનુકાઉ ટાઉનમાં આ મંદિરને ગૌરવ સમાન ગણાવ્યું હતું. ભારતીય સંસ્કૃતિની ન્યુઝીલેન્ડની પ્રજાને પ્રેરણા આપવા દાયક આ મંદિર ગણાવ્યું હતું.

ન્યુઝીલેન્ડના રક્ષા મંત્રી શ્રી "કીલ ગોફ" પધાર્યા હતા. તેઓએ સરકાર વતી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું તથા પ.ભ. ડૉ. કાંતિભાઈ પટેલનું સન્માન કર્યું હતું. તેઓનું બાળપણ પાપાટોપટોય ગામમાં વિતેલું તેના યાદગાર પ્રસંગો કહ્યાં હતા અને મૂળ સ્વામિનારાયણ સંપ્રદાય અને મંદિરની સેવાઓને બિરદાવી હતી. મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીઓ ખૂબજ સાત્વિક અને સદાચારી હોય છે તેનો ખાસ ઉલ્લેખ કર્યો હતો અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી દ્વારા ન્યુઝીલેન્ડમાં અનેક મંદિરો નિર્માણ થાય તેવું આહવાન કર્યું હતું.

ભારતીય એસોસિયેશનના પ્રમુખશ્રી "ચન્દ્રુદોગી" તથા વરિષ્ટ પદાધિકારીઓ જગદીશ નતાલી, પુકાકારી, ઈશ્વરભાઈ, રામભાઈ પધાર્યા હતા. તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું. અતિથિ વિશેષમાં અશોકભાઈ દરજી, રોહન નહરિયા, અનિલ ચન્ના વગેરે મહાનુભાવોએ પ.ભ. કાંતિભાઈ પટેલનું સન્માન કર્યું હતું.


પ.ભ. કાંતિભાઈના મૂળ ગામઈટારવા જી. નવસારીથી હરિભક્તો પધાર્યા હતા. પ.ભ. અમૃતભાઈ, પ.ભ. કાંતિભાઈ વગેરે હરિભક્તોએ પોતાના ગામના પનોના પુત્ર પ.ભ. કાંતિભાઈનું સન્માન કર્યું હતું.



યથાવિધિ પૂજન-અર્ચનમાં મગ્ન
ડો. કાંતિભાઈ અને પરિવાર



ઓકલેન્ડ-ન્યુઝીલેન્ડ શ્રી સ્વામિનારાયણ
મંદિરના ગગનચૂંબી શિખરો



શોભાયાત્રાની શોભા વધારતા પૂજય પી.પી.સ્વામી
અમદાવાદ મંદિરના મહંત સ્વામી ઈત્યાદિ સંતો



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની
શોભાયાત્રામાં સામેલ હરિભક્તો.



આશીર્વચન પ્રદાન કરતા
પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી



શ્રી કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી



જન્મોત્સવ પ્રસંગે કીર્તન ભક્તિમાં મગ્ન
ભક્તિગણ




ISSO ના અતિપ્રેમી સેવાભાવી
કચ્છી હરિભક્તોનો સમૂહ

પ્રસંગને દિપાવવા પાપાટોપટોયના મેયર, પ્રિથપાલસિંહ ચેરમેનશ્રી દશમેશસિંહ દરબાર, વિરબાર, સેક્રેટરી **NZ Central Ind. Asso.** ડૉ. રાજેન્દ્રપ્રસાદ ફેમિલી કમિશ્નર **NZ Govt.** ક્રિશ કાર્ટર, મંત્રીશ્રી **Edu. NZ Govt.** પેન્શીથંગ એમ.પી. નેશનલ પાર્ટી, ડૉ અશરફ ચૌધરી એમ.પી. લેબર પાર્ટી, રોબ રોબર્ટસન એમ.પી. મનુકાઈ, રે સ્ટ્રાંગ કોમ્યુનિંટી બોર્ડ મેમ્બર પાપાટોપટોય સી.ટી. બેગ બ્રાઉન, મેયર મનુકાઉ વગેરે મહાનુભાવોએ હાજરી આપી હતી.

**વિદેશની ભૂમિમાં એકજ દાતાના દાનથી મંદિર નિર્માણનો ઈતિહાસ લખાયો :** શ્રીહરિના સમકાલિન ભક્તોના સમર્પણને યાદ કરાવી આવે એવી સેવાના ઉત્તમ ભક્ત પરમ ભક્ત કાંતિભાઈ નારાયણભાઈ પટેલે મંદિર નિર્માણમાં ૭૦ લાખ ન્યુઝીલેન્ડ ડોલરનો કુલ ખર્ચ કર્યો છે. તેમાંથી ૯૫% ધનની સેવા આપેલ છે. ડૉ. કાંતિભાઈ પટેલે નાણાં મેળવવા માટે પોતાની અંગત મિલકતો બેંકોમાં ગીરવે મૂકીને લોન લીધેલી છે. અન્ય હરિભક્તોએ જે સ્વેચ્છાએ દાન આપ્યું તેનો સ્વીકાર કર્યો. બાકીનો મૂર્તિ પ્રતિષ્ઠા અને બાંધકામનો ખર્ચ તેમણે પોતે ઉપાડેલ છે. ઈષ્ટદેવને શિર સાટે સમર્પિત થનારા આ ઉત્તમ હરિભક્તને સેવાનું જરા પણ માન નથી. જાણે મેં કંઈજ સેવા કરી નથી તેવા દેહાભિમાનથી અને ગર્વથી મુક્ત ભક્તની કોઈ પ્રસંશા કરે તો ત્યાંથી ઉભા થઈ ચાલ્યા જાય. સભામાં કોઈ પ્રસંશાના બે શબ્દો બોલે તો પણ નીકળી જાય. એવા આ નિર્માની ભક્તના હૃદયમાં ભગવાન અખંડ બિરાજે છે. સંપ્રદાયના ભામાશા સમાન પ.ભ. ડૉ. કાંતિભાઈ પટેલને ભગવાનની કૃપાથી પરિવાર જનોનો સંપૂર્ણ સહયોગ મળ્યો છે. ધર્મપત્ની શ્રીમતી રંજનાબેન, દીકરી મીનાબેન, પુત્ર રાકેશભાઈ તથા દિપકભાઈ જમાઈ રોહિત રેડ્ડી વગેરે પરિવારજનોએ ડૉ. કાંતિભાઈ જે સેવા કરતા તેમને સહર્ષ સ્વીકારી લેતા. તેમને ક્યારેય સેવા કાર્યમાં રોક્યા નથી. દાદા ખાચરની માફક પોતાની સંપૂર્ણ મિલકત શ્રી નરનારાયણદેવને ચરણે ધરેલ છે. આવા ભક્તને કોટી કોટી વંદન અને આ ભક્ત પરિવારને શ્રીજી મહારાજ હંમેશા પોતાના બનાવીને રાખે તેવી પ્રાર્થના.

મહોત્સવમાં સ્ટેજ ભેટ તરીકે મનીષ તન્નાએ સેવા આપી હતી. વિષ્ણુયાગ તથા મૂર્તિ પ્રતિષ્ઠા વિધિના વેદપુરુષ શ્રી શાસ્ત્રી રવિન્દ્રભાઈ જોષીએ સેવા આપી હતી. આ મહોત્સવ પ્રસંગે પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતાં. જેઓએ બહેનોને દર્શન પૂજન સેવાનો અલભ્ય લ્હાવો આપ્યો હતો..

*અહેવાલ : પી.પી. સ્વામી જેતલપુર*

*લેખક : એ. એમ. પટેલ અમદાવાદ.*

# સત્સંગ ભાવપત્રિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## અતિ દયાળુ રે સ્વભાવ છે સ્વામીનો.....

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

"હે કરૂણાના કરનાર તારી કરૂણાનો કોઈ પાર નથી." સ્વામિનારાયણ ભગવાનની દયાળુતા આજે દરેકને દેખાઈ આવી. માંગરોળ ગામમાં મહાપ્રભુની મોટી મહેર થઈ. આખા ગામમાં જયજયકાર થઈ ગયો. એમાં પણ ગામની બહેનોને તો ઘરબેઠાં ગંગા.

વાત એમ હતી કે સ્વામિનારાયણ ભગવાન માંગરોળ પધાર્યા હતા. ગામમાં દરરોજ સભા થાય. હજારો મુમુક્ષુ જીવાત્માઓ સભામાં આવે, ઉપદેશ સાંભળે અને ભગવાનના દૃઢ આશ્રિત બને. એમાં એક દિવસે ભગવાને જોયું કે ગામમાંથી બહેનો પાણીના બેડાં લઈને ક્યાંક દૂર દૂર જાય છે. ગામના ભક્તજનોને પ્રભુએ પૂછ્યું. આ બધા પાણી ભરવા માટે દૂર દૂર ક્યાં જાય છે ? અહીંથી દૂર એક કૂવો છે ત્યાં પાણી મીઠું છે એટલે જાય છે. સમૂદ્ર કિનારાનું આ અમારૂં ગામ છે. એટલે અહીં મીઠા પાણીની બહુ મુશ્કેલી છે. ભગવાન કહે છે આ નજીકમાં વાવ્ય તો છે ને ? મહારાજ ! એનું પાણી ખારૂં થઈ ગયું છે. અને પછી તો એ ઉજ્જડ થઈ ગઈ છે. હવે એનો ઉપયોગ જ થતો નથી. ભગવાન કહે છે આપણે બધાય એ વાવ્યને ફરીથી શરૂ કરાવીએ. મહારાજ ! એ તો કાદવ-કીચડથી અડધી તો પૂરાઈ ગઈ છે. ભગવાન કહે છે વાંધો નહીં. પુરાઈ ગઈ છે તો આપણે ખાલી કરીશું. સભામાં બેઠેલા બધાં જ સંતો અને ભક્તોને ભગવાન કહે છે પીવાના પાણીની ખૂબ મુશ્કેલી છે. કષ્ટના કારણે જુઓ બધા દૂરદૂરથી પાણી લાવે છે. સૌ દુઃખી છે તો સૌની સાનુકુળતા માટે તમે બધા અહીં બેઠા છો તેમણે પોતાની શક્તિ પ્રમાણે કામ કરવાનું છે. આ ઉજ્જડ પડી રહેલી વાવ્ય એને આપણે ચોખ્ખી કરવી છે.



શ્રમયજ્ઞ શરૂ થયો. સંતો-હરિભક્તો બધા જ સેવામાં જોડાઈ ગયા. જે જુવાનીયા હતા, નિષ્ણાંત હતા એ અંદર ઉતર્યા. લાંબા દોરડા આવ્યાં, સાધનો આવ્યાં, માટી, પથરા કાઢવા માંડ્યા. વાવ્ય ગળાવા માંડી. જ્યારે પૂરેપૂરો કચરો નીકળી ગયો ત્યારે પ્રભુ કહે છે. હજુ બે હાથ ઉંડે ખોદો. જ્યાં બે હાથ જેટલા ઉંડે ગયા ત્યાં એકદમ પાણીની સરવાણી ફૂટી. કૂવામાં કામ કરનાર ભક્તજનો કહે છે, મહારાજ ! જળ આવ્યું !!! ભગવાન કહે છે બહુ સારૂં, ગંગાજી પધાર્યા છે. બધા બહાર આવો. ઘણા માણસો ઉતાવળીયા હતા. તેમણે લોટા ભરી લીધા. ગરણાં આડા માંડી પાણી કેવું છે એ ચાખવાની તૈયારી કરતા હતા. ત્યાં સ્વામિનારાયણ ભગવાને હાથ ઉંચો કર્યો. એમ કોઈ પાણી પીતા નહીં. કેમ મહારાજ ! જરા પાણી કેવું નીકળ્યું, ખારૂં, મોળુ, મીઠું જોઈએ તો ખરા ! ના, હમણાં નહીં, પછી. ગોરધનભાઈ ! ગામમાં બ્રાહ્મણ હોય, કર્મકાંડને જાણનારા ભૂદેવ હોય એને બોલાવો. આપણી વાવ્યમાં ગંગાજી પધાર્યા છે. એનું પૂજન કરવું છે. ભક્તો ! વરૂણ પૂજન કરીશું, વિધિ કરીશું પછી પાણી પીશું, અત્યારે નહીં.

ભૂદેવો આવી ગયા. વાવ્યના કાંઠે યજ્ઞ કર્યો. પૂર્તકર્મ વિધિ. એમાં જળનું પૂજન થાય એને આપણે ગંગા પૂજન કહીએ છીએ. બહુ વિધિવત્ એ જળનું પૂજન કર્યું. વાવ્યને વધાવી, પછી એમાંથી પાણી લાવ્યા, ગાળ્યું, ઠાકોરજીને અર્પણ કરીને બધા પીવા લાગ્યા ને કેવું સ્વાદિષ્ટ મીઠું જળ ! સર્વત્ર સ્વામિનારાયણ ભગવાનનો જયજયકાર થવાં લાગ્યો.

હે મિત્રો ! મહારાજે ઉતાવળીયા ભક્તોને જળ પીવાની ના પાડી. અને પછી ભગવાનને અર્પણ કર્યા પછી છૂટ આપી એ કથામાંથી આપણે શું શીખવાનું ? બહુ ધ્યાન રાખવાનું. આપણા જીવન સાથે આ વાતને થોડી સરખાવજો. ગામડામાં હરિભક્તોની વાડીમાં ખેતરમાં કાંઈ પાક્યું હોય એમાંથી ઠાકોરજીનો ભાગ પહેલો કાઢવો. ગામડામાં સત્સંગીઓ પોતાના ખેતરમાં બાજરી

વાવી હોય, જ્યાં બે-પાંચ ઠુંઠાં નજરમાં આવે એટલે લઈને સીધા મંદિરમાં આવે. પહેલું જ ભગવાનને અર્પણ. અહીં શહેરમાં પણ ઘણા હરિભક્તો પોતાના મકાનની આજુબાજુ બે-ચાર વેલાં કે છોડવા નાંખે છે અને એમાં કાંઈ શીંગો થાય તો વધારીને ખુશ થઈને આરોગે છે. પણ પહેલું ભગવાનને અર્પણ કરવું. ઠાકોરજી મંદિરમાં છે એમ ઘરમાં પણ છે. કદાચ મંદિર સુધી તકલીફ ન લેવી હોય તો થોડું શાક બન્યું હોય તો તૈયાર કરીને ઘરમાં ભગવાન બિરાજતા હોય એમને ધરવું. જો કે એ નિત્યક્રમ રાખવો. ઠાકોરજીને ધર્યા સિવાય ભોજન ન કરાય. કેટલાય ઉતાવળીયા ભગતો રસોડા પાસે બેસી જાય અને એક એક પૂડલો ઉતરતો જાય ને ઝાપટતા જાય. ઠાકોરજીને થાળ ધરવાનો એમને એમ રહી જાય. ભગવાન બેઠા બેઠા જોયા કરે, કે આ પાંચ ગયા, ગયા, સાત ગયા. મને આપતો નથી, મારી સામે જોતો નથી. તું તારે ખાધા કર, પછી મારા હાથમાં છે ને. ખાવું ત્યાં સુધી કદાચ તારા હાથમાં પણ પચાવવું એ કોના હાથમાં ? "अहं वैश्वानरो भुत्वा....." એ તો મારા હાથમાં છે. માણસ ભગવાન ભૂલેને પછી એ ભાન ભૂલે. એકલું ખાવામાં જ નહીં, જીવનની પ્રત્યેક ક્રિયામાં જે ભગવાનને ભૂલે છે એ પછી વિવેક અને ભાન પણ ભૂલે છે. પોતાના ઘરમાં પણ એવી પરિપાટી, એવી પદ્ધતિ અપનાવવી જોઈએ, ઘરના પ્રત્યેક સભ્યને એવું ગોખાઈ જ ગયેલું હોય કે ઠાકોરજીનો થાળ તો થવો જ જોઈએ. દરરોજ પરમાત્માને અર્પણ કર્યા સિવાય કોઈ ચીજ લેવાય નહીં.

સ્વામિનારાયણ ભગવાને જે ભક્તજનો લોટા ભરી લાવ્યા હતા. તે બધાને પાણી પીવાની ના પાડી. કેમકે હજુ જળ ભગવાનને અર્પણ કરવાનું બાકી હતું.

મિત્રો ! સ્વામિનારાયણ ભગવાનનું સર્વજીવ હિતાવહ નામછે. એ આ ચરિત્ર ઉપરથી આપણને સહેજે જ સમજાઈ જાય છે. સ્વામિનારાયણ ભગવાને આ ધરતી ઉપર પ્રગટ થઈને "વહેલી કીધી અક્ષરવાટ પુરૂષોત્તમ પ્રગટી રે" જીવોના આત્યંતિક મોક્ષની સાથે સાથે સેવાનાં, પરોપકારનાં બહુવિધ કાર્યો કરીને અગણિત જીવોને આ લોકમાં પણ સુખી કર્યા છે. અને આજ દિવસ સુધી જેણે જેણે ભગવાનનો દૃઢ આશ્રય કર્યો છે તે સુખી થયા છે. અને થશે.

## સત્સંગ શિર સાટે જોઈએ

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

એક નગર હતું. નગરનું નામ વસંત. આ વસંત નગરના રાજા સંગીતના ખૂબ પ્રેમી હતા. તેમને સંગીત ખૂબ ગમતું માટે અવાર-નવાર એ સંગીતના કાર્યક્રમો પોતાના નગરમાં ગોઠવતા. તેમાં એક વખત એવું બન્યું કે રાજા એક નામાંકિત સંગીતકાર પાસે પોતાના નગરમાં સંગીતનો કાર્યક્રમ માટે આમંત્રણ આપવા ગયા. આ સંગીતકાર ખૂબ જ સંગીતમાં પ્રવીણ હતો. રાજાને ખૂબ જ ઈચ્છા હતી કે આ સંગીતકાર મારા નગરમાં આવે. રાજાએ સંગીતકારને પોતાના નગરમાં આવવા કહ્યું, "ત્યારે સંગીતકાર કહે છે. હું આવું તો ખરો પણ મારી એક શરત છે. શરત એટલી કે મારૂં સંગીત શરૂ થાય ત્યારે કોઈએ માથું ડોલાવું નહિ. રાજા આશ્ચર્યમાં પડી ગયા શું વાત કરો છો. માથું નહિ ડોલાવવાનું ! અરે સંગીત પ્રેમી હોય તેતો શરૂઆત થતાં જ માથું ડોલાવી દે. સંગીતકાર કહે છે તો હું પ્રોગ્રામ નહિ આપું જાવ.

રાજા મનમાં મુંઝાયા આ તે વળી ખરી શરત છે. અને મારે તો આમની પાસે જ સંગીત સાંભળવું છે. રાજા તૈયાર થયો. કોઈ વાંધો નહિ. તમે આવજો, કોઈ માથું નહિ. ડોલાવે અને ડોલાવશે તો ? પહેલેથી જ જાહેરાત કરી દઈશું. જો કોઈ માથું ડોલાવે તો તેને જેલની સજા થશે. સંગીતકારે તેમની વાત મંજુર રાખી. રાજાએ આ બાજું આખા નગરમાં ઢોલ વગડાવી જાહેરાત કરી કે આજે રાત્રે આપણા નગરના ચોકમાં સંગીતનો કાર્યક્રમરાખેલ છે. આ સાંભળતા જ નગરના માણસો ખુશ થઈ ગયા. ત્યાં તો બીજી જાહેરાત થઈ કે એ સંગીત સાંભળી જે કોઈ પોતાનું માથું ડોલાવશે તેને જેલની સજા થશે. આ વાત સાંભળતાં બધાં ગભરાઈ ગયા અને વિચારવા લાગ્યા કે જો આવું હોય તો આપણે નથી જવું. પાછું જઈ એ ને માથું હલી જાય તો જેલમાં જવું પડે. એના કરતા મૂકો ઉપાધિ જઈને શું કરવું છે. નગરમાં રહેનારો મોટો સમુદાય આ કાર્યક્રમમાં જવાનું માડી વાળે છે. સાંજે પડી સંગીતકાર સ્ટેજ પર આવે છે. સંગીત શરૂ થતાં પહેલા એકવાર ફરીથી રાજાએ જાહેરાત કરી કે જો કોઈ માથું ડોલાવશે તેને જેલની સજા થશે. ત્યારે ત્યાં બેઠેલા થોડા સંગીત પ્રેમી બોલી ઉઠ્યાં આ તો મહાન સંગીતકાર છે. અમારે એમનું સંગીત સાંભળવું જ છે. ગમે તે થાય ભલે જેલમાં જવું પડે તોયે શું. અમે મરી જવા પણ તૈયાર છીએ પણ આવું સંગીત છોડવા તૈયાર નથી.

સંગીતનો કાર્યક્રમશરૂ થયો. આલાપ. અરોહ, અવરોહની ગતવિધિ શરૂ થઈ. ત્યાં તો સંગીત પ્રેમીનાં માથાં ડોલી ઉઠ્યા. રાજાએ સિપાઈઓને હુકમછોડવાના શરૂ કર્યા કે જેણે જેણે માથું

અનુસંધાન પેજ - ૧૬ પર...

# મણિ મુદ્રા

## ગુરુ કોને કરશો ?

- સાં.યો. નર્મદાબા ગુરુ બચીબા (જેતલપુર-હવેલી)

ગુરુનો અર્થ :

નિષ્કામના, નિઃસ્વાર્થ, નિર્દોષને પ્રભુના ચરણને શરણ સુધી લઈ જાય તે જ સાચા ગુરુ છે. અને જે ગુરુના હૃદયમાં કપટ છે. સ્વાર્થ છે. પોતે દોષથી ભરેલ છે તેને ગુરુ કરી શકાય નહી. પરંતુ વેશધારી ગુરુ કહેવાય, ભગવાનની લખેલી શિક્ષાપત્રીના મતે ગુરુ ગમે તેટલા શક્તિશાળી હોય, હથેળીમાં બ્રહ્માંડ બતાવે તેટલી સામર્થી હોય છતાં જો ભગવાનનાં ચરણમાં સ્નેહ, ભક્તિ, ધર્મ કે પ્રેમન હોય તો તેવા ગુરુને પૂજવા તે તો તુલસી છોડીને જવાસો પૂજવા જેવું છે. તેવા ગુરુના પડછાંયામાં પણ ન રહેવું. પરમેશ્વરના ચરણોમાં પ્રેમ-ભક્તિ કરાવે તેજ સાચા ગુરુ છે. બાકી તો ગીંગોડા છે. સિધ્ધિઓનો કોઈ અર્થ નથી.



રાવણ પાસે તપના પ્રભાવે ઘણી સિધ્ધિ હતી. તે ધારે ત્યારે દશ માથા અને વીશ હાથ વાળો બનતો. પાતાળમાં પ્રવેશ કરતો. આકાશમાં ઉડતો. ધાર્યું રૂપ લઈ શકતો. પરંતુ ભગવાનનું નહીં માનવાથી તેની સિધ્ધિઓ તેનાં જ વિનાશનું કારણ બની. ભાગવતમાં વાત છે કે હિરણ્યકશ્યપુ કેટલી સિધ્ધિ વાળો હતો અગણિત વરદાનો હોવા છતાં કમોતે મર્યો. સત્સંગિજીવન શાસ્ત્રનો કાલિદત અસુર અનેક સિધ્ધિવાળો હતો. વરસાદ વરસાવે, પવન ફૂંકાવે, આકાશમાં ગતિ કરે, નાના-મોટા રૂપ લઈ શકે આવી અનેક સિધ્ધિ વાળો હોવા છતાં ભગવાનનું ન માનતો હોવાથી કૂતરાની મોતે મર્યો. તે જ ગુરુઓ ભગવાનને જ ન માનતા હોય આવા ગુરુઓ તમોને કદી પણ તારી શકશે નહીં. જેની પાસે નાવ નથી. જેને તરતા કદી આવડતું નથી તે આપણને શું તારી શકે ? ન જ તારી શકે.

મા હંમેશા પોતાના બાળકને બાપની ઓળખ કરાવશે તેને સમજાવશે તારીને મારી શોભા તારો પિતા છે ને તારા નામપાછળ તેનું નામશોભે અને મારા નામપાછળ પણ તારા પિતાનું જ નામશોભે. આમગળે ઉતરાવે છે તે મા છે. તેવી રીતે ગુરુ શિષ્યને એવું ગળે ઉતારે કે તારીને મારી સાધનાનો અંતિમછેડો ભગવાનનું ચરણારવિંદ છે. દેવ, આચાર્ય વગરની તપશ્ચર્યાઓ, શક્તિઓ છે તે એકડા વગડના મીંડા જેવી છે. માટે ભગવાન અને આચાર્યને કદી પણ છોડશો નહીં.

માટે ગુરુ કર્યા પહેલા પુરી તપાસ કરવી કે તે પ્રભુના ભક્ત તો છે ને ? તેમનામાં ભગવાનનાં ચરણનો આશ્રય છે કે નથી ! તેનો પુરો વિચાર કરજો. માણસ ભેંસ ખરીદે તોય દોહીને લે, બળદ હાંકીને ખરીદે, મકાન લે તોયે જોઈને લે અરે ! બે રૂપિયાનું માટલું ખરીદે તોયે ટકોરા મારીને ખરીદે, બોદુ તો નથી ને ! બોદા માટલામાં પાણી ન રહે તેમબોદા ગુરુથી પરમાત્માની પ્રાપ્તિ ન થાય. આજે તો ઘણા લોકો આવા બોદા ગુરુના ખોળામાં માથા ધરીને બેઠા છે. આવા ગુરુ ઉંદરની માફક ધીરે-ધીરે ફુંકીને ખાધા કરે છે. આજ કાલ ભગવાનને માનનારા કરતા સ્વયં ભગવાન થઈને પૂજાવા વાળા ઘણા છે.

એક ગામમાં એક સદ્‌ગૃહસ્થે દીકરાના લગ્ન લીધા. લાડકી દીકરીને બાપ પૈસાવાળો હોવાથી વિચાર્યું કે મારે આખું ગામ ઘુમાડા બંધ જમાડવું છે. હવે મહેમાનોને અને ગામને જમાડવા માટે સામાન ભેગો કર્યો. પણ દાળ થાય તેવું મોટુ તપેલું નહીં. તેમાં કોઈએ વાત કરી કે બાજુના ગામમાં અમુક ભાઈને ત્યાં બહુ મોટું તપેલું છે. છોકરીનો બાપ રીક્ષા લઈને નામ-ઠામ પૂછતો ઘેર ગયો. પેલા ઘર ધણીને વાત કરી કે મારી દીકરીના લગ્ન છે. દાળ થાય એવડું તપેલું જોઈએ છે. તે તમારી પાસે છે તેમ જાણ્યું છે. તે આપશો તો તમારો આભારી થઈશ. પેલો ઘર ધણી કહે ઓહ ! એમાં શું ? માણસ માણસને મદદ ન કરે તો બીજો કોણ કરે ? જુઓ સામે ઓસરીમાં તપેલું પડ્યું છે લઈ જાવ ખુશીથી લઈ જાવ. છોકરીનો બાપ તો

તપેલું જોઈ ખુશ-ખુશ થઈ ગયો. પેલો ભાઈ કહે લઈ જાવ. એમાં પૂછવાનું શું? તમારું જ છે લઈ જાવ છોકરીનો બાપ રિક્ષામાં પાછો પોતાને ગામ આવ્યો ને મોટો ટેમ્પો ભાડે બાંધ્યો અને તપેલું ચડાવવા માટે બે માણસો સાથે લાવ્યો અને રિક્ષા લઈ તપેલું લેવા આવ્યો. રિક્ષાવાળો કહે ચાર ધક્કા થયા. એક ધક્કાના પચીસ રૂપિયા થયા એટલે મારા ભાડાના કુલ સો રૂપિયા થયા. ટેમ્પાવાળો કહે મારા પંચોત્તેર થાય. બરાબર આપી દીધા. પેલી છોકરીનો બાપ આવ્યો ને ઘર ધણીને કહી તપેલું લઈ જાઉં ને? પેલો ભાઈ કહે અરે! લઈ જાવ તમે મને ખોટો શરમાવો છો. મારૂ છે તે તમારું જ છે. તમારી દીકરી તે મારી પણ દીકરી જ છે. દીકરીના બાપને થયું કે આ ભાઈ બહું દયાળું ને સજ્જન છે. પેલા ભાઈ કહે તપેલામાં નામ તો છે ને? કારણ ક્યાંક બીજા તપેલામાં ભૂલ ન થાય. તપેલા વાળો ભાઈ કહે તમ તમારે લઈ જાવ ક્યાંય નહિ જાય. બદલાઈ જાય તો વાંધો નહીં. આમ રક્ક-જક કરતા ટેમ્પોને માણસ આવી ગયા અને તપેલું ચડાવવા ઓસરીમાં ગયા. જ્યાં ઉચું કરે તો તપેલાનું તળિયું જ નહીં! તદ્ન નકામું, જોવામાં તપેલું જ લાગે! નામ પણ તપેલું! પણ તળિયા વગરનું! આવું તપેલું જોવા જતા બે દિવસ ને ભાડું બગાડ્યું! તેમ સાધના હોય, તપ હોય પણ પરમેશ્વરનો આશ્રય ન હોય તો તેવા ગુરુના આશ્રયથી લૂંટાઈ જવાય. પણ મોક્ષ ન મળે. તો જેનું મન પ્રભુના ચરણમાં લાગેલું હોય, ધર્મ સહિત પ્રભુની ભક્તિ હોય, શુદ્ધ ચારિત્ર્ય હોય તેવા ગુરુના ખોળામાં માથું મુકવું. પરંતુ વિમુખ ગુરુનો પડછાયો ન લેવો. એમાં જ મહારાજનો રાજીપો છે.

## નિષ્ઠાવાન રૂપબાઈ

- સાં.યો. કોકિલાબા તથા ઉષાબા (સુરેન્દ્રનગર)

સત્સંગના ખમીરવંતા ગણોદના ક્ષત્રિય જુણાભાઈના યોગે ભાયાવદરના સોમાજી ખવાસને સત્સંગનો રંગ લાગ્યો, ઘરના સભ્યોને પણ ધીરે ધીરે સત્સંગના સંસ્કાર લાગ્યા. એકવાર ઘરના બધા મળી ગઢડા મહારાજના દર્શન કરવા ગયા. મહારાજના દર્શનનો, સંતો દ્વારા ઉપદેશનો દિવ્ય લાભ લીધો. દીકરી રૂપબાઈને રાજભાઈના શબ્દો જીવમાં ગુંથાઈ ગયા કે આવા અમૂલ્ય અવસરને, દેહને દેહનાં સબંધી માટે તથા અલ્પ અને અંતે દુઃખનું કારણ એવા તુચ્છ વિષય ભોગ માટે વેડફાય નહિ. એ બધું સુખ એક દિવસ નજર સામે ધૂળ થઈ જવાનું છે. અંતે એક મહારાજનું જ સુખ રહેશે. એ જ સાચો આપણા આત્માનો અવિરત આનંદ છે. આ શબ્દો તીર જેમ હૃદયમાં લાગ્યા. આથી નાની વયે સ્વામિનારાયણ ભગવાનના વર્તમાન લઈ મીરાં જેમભક્તિ કરવાની ટેક લીધી. સંસાર ખારોને નીરસ લાગ્યો. ભજનમાં ભરપૂર રહી દઢ નિયમો ને નિષ્ઠાની ખુમારીમાં ભક્તિ કરવા લાગ્યા.

રૂપબાઈની સાવ નાનપણથી સગાઈ થઈ ગયેલી. ઉપલેટાના ખવાસ દેવાની સાથે. એય પણ શક્તિપંથીને દેવી ઉપાસક. પિતા સોમાજી મુંઝવણમાં પડ્યાં કે, હવે શું કરવું? એકવાર જુણાભાઈ સાથે ગઢડા ગયા ને દીકરીની મુંઝવણ શ્રીહરિને કહી, દીકરીને ભક્તિનો રંગ લાગ્યો છે. સંસાર કરવો નથી અને સગાઈ થઈ ગઈ છે ને ત્યાં બધાં મલિન દેવી ઉપાસક છે. બકરા-કુકડા કાપે, મદ્ય-માંસ ખાય ને ડુંગળી લસણની તો વાત જ શી કહેવી? મહારાજ કહે, "રૂપબાઈની શી ઈચ્છા છે?"

"મહારાજ! એને તો તમારી જ રટના લાગી છે." એના પિતાએ કહ્યું, મહારાજ કહે, "તો પછી પ્રભુ ભજવા દ્યો ને!" "પણ ..... મહારાજ! અમે તો લોકલાજમાં ને વિષયમાં બંધાયા છીએ. તે એમાં રહી તમને ભજીએ."

મહારાજ કહે, "તમે શેમાં રાજી?"

સોમાજી કહે, "પરણીને પ્રભુ ભજે તો ઠીક!"

મહારાજ હસીને કહે, "અમારી રૂપાની અનન્ય નિષ્ઠા ને અમારો વિશ્વાસ એ તો સોનાને રૂપા જેવા જ છે. એમના હૃદયમાં એ લોહીમાં વણાઈ ગયા છે. માટે એમને સંસાર કાંઈ નહિ કરી શકે ને એમના દ્વારા સત્સંગ ઘણાને થશે. માટે જાવ રૂપાને કહેજો સુખેથી પરણી પ્રભુ ભજે અને જ્યારે આપદા આવી પડે તો અમારું ચિંતવન કરે. અમે સદાય સાથે રહી રક્ષા કરીશું."

સમય જયાં ઉપલેટાના દેવાજી ખવાસ સાથે રૂપબાઈના ધામધૂમથી લગ્ન લેવાયા. સત્સંગના સંસ્કાર રૂપ કરિયાવર સાથે દીકરીને વળાવી. સોમાજીએ જમાઈને પહેલેથી જ કહી દીધું હતું કે, અમે સ્વામિનારાયણ ભગવાનના ચુસ્ત આશ્રિત છીએ. આ ધર્મને લઈ રૂપા આવશે. તે તમારે પાળવા દેવા પડશે. દેવાજીએ કહ્યું, "ભલે, અમને એમાં કાંઈ હરકત નથી."

રૂપબાઈએ સંસારની ચોપાટમાં પ્રવેશતા પ્રથમ સાસરીયાના આંગણે પગ દીધો કે તુરત ત્યાંનું વાતાવરણ પામી ગયા. જેના ઘરમાં સત્સંગ ન હોય ત્યાં વેશ, વર્તન ને વાણી કેવા વિચિત્ર હોય. તેનું અસંસ્કારી વરવું દર્શન તેમને થયું.

ઘર આંગણે જ કુળદેવી માતાનો મઢ હતો. આ સ્થાને ખવાસ પરિવારો મરણ-પરણને માનતા વખતે બકરા વધેરતા. છોકરું જન્મે એટલે પ્રથમ માતાને ભોગ લાગે. બાળક મોટું થતાં ગડથોલ

ખવડાવી માતાના ચરણે આળોટતું કરે, કોઈ લાપસી ઝારે, કોઈ નાળિયેર ફોડે ને વાત-તહેવારે વળી ભૂવા ધૂણતાને ડાકલા તો વાગ્યાં જ કરતા. દાણા જોવાતાં હોય, આવું ચાલ્યા જ કરે. એટલે ત્યાં ગાંજામાંથી ધુમાડાના ગોટા અખંડ નીકળતા હોય, અફીણ ઘોળાતું રહેતું, હોકા ગગડાવતાં, ભુવાની ધુધકારી સંભળાતી જ રહેતી, ભૂવો કાંઈ પણ ઉચ્ચારે એને વેદ વાક્ય મનાતુ. "સાક્ષાત્ પ્રગટ થઈને બોલે છે !" એવી આસ્થાએ અબુધ લોકોમાં ઘર કરેલું. દાણા જોઈ નડતર દૂર કરવું, સંતાન પ્રાપ્તિની માનતા માટે પાડાનું બલિદાન, નાના-મોટા કામમાં બાધા-આખડીને દોરા-ધાગા કરવાં, મેલી વિદ્યા ને મંત્ર-જંત્રના જોરે પ્રજાને ભયમાં રાખવી, વાવાઝોડું આવ્યું કે માતાનો કોપ થયો ! દુકાળ પડવો કે માતા કોપી ! તાવ-તરિયો કે પેટમાં દુઃખ્યું તોય બસ માતા રૂઠી ! આમ, બધી જ બાબતમાં માતાનાં કોપરૂપી ભૂત અખંડ વળગેલું રહેતું.

સહજાનંદ સ્વામીના નિરાળા સંતો ગામડે-ગામડે વિચરતાં ત્યારે આવા ભયથી ત્રાહિમામ પોકારતી પ્રજાને સાચી સમજણ આપી સત્સંગની શીતળતા આપતા. લોકો નિર્ભય થતાં ને શાતા વળતી. લોકોએ નવા આનંદનો અનુભવ કરતાં.

રૂપબાઈ પરણીને આ ઘરમાં આવ્યા, તે દિવસેજ રિવાજ પ્રમાણે કુળદેવી પાસે ગાંઠ છોડાવીને પગે લાગવા જવાનું સાસુ-સસરાએ કહ્યું, રૂપબાઈએ ચોખ્ખું કહી દીધું, "મારે તો ગઢડાની માનતા છે. મારા પ્રભુ પાસે જઈને પગે લાગી ગાંઠ છોડીશ." રૂપબાઈના તેજ પાસે સૌ ઝાંખા થઈ ગયાં. કાંઈ બોલી શક્યાં નહિ.

સમય જતાં ઘરમાં કંકાસ વધ્યો. રૂપબાઈ રોજે સાસુ-સસરાને "જય સ્વામિનારાયણ" કહી પગે લાગવા જતાં. તેઓ તેમને અનેક પ્રકારે મેણાં મારી વાંકુ બોલી હેરાન કરે છે. દેવાજી પણ હરકત કરે, પરંતુ તેમને છેવટે થયું કે, મારે આખી જીંદગી આમની સાથે રહેવાનું છે, શા માટે ખોટો કંકાસ ઘરમાં કરવો ? ક્યાં એ ખોટું કરે છે ? પછી દેવાજી જુદા થયા. રૂપબાઈને નિરાંત થઈ. રસોઈ કરી મહારાજને થાળ ધરાવવો વગેરે સેવા સૂખેથી થવા લાગી. ભજન-ભક્તિમાં નડતર દૂર થઈ. ઉપલેટામાં આહિર જ્ઞાતિના મલાઈને રૂપા એ બે બહેનો ને સત્સંગ થયો. અવારનવાર સમૈયા-ઉત્સવમાં ત્રણેય ગઢડા, જુનાગઢ જતાં ને મહારાજનાં દર્શન કરે, સંતોની કથા-વાર્તા સાંભળે. વળી, જીવુબા, રાજબાનો સમાગમ થાય એટલે નિષ્ઠા ને મહિમાના કેફથી હૈયું છલકાઈ જાય ને પાછા ઘેર આવે. આમ, સત્સંગ કરતાં જોત-જોતામાં છ-છ વર્ષ ચાલ્યા ગયા. શ્રીજીની કૃપાથી રૂપબાઈને ત્રણ દીકરા ગુલાબના ફૂલ જેવા થયા. માતાએ ધાવણ ધવડાવતાં જ સત્સંગનાં સંસ્કાર રેડ્યાં. ગળથુથીમાં સહજાનંદ પાયા. થોડા મોટા થતાં સંતોના હાથે કંઠી બંધાવી, વર્તમાન ધરાવ્યા.

રૂપબાઈનો દિયર ભૂવો હતો. તેણે તેના મા-બાપને કહ્યું, "મોટા ભાઈએ એકેય છોકરાને હજુ સુધી માતાને પગે લગાડ્યા નથી ને નિવેદ પણ બાકી જ છે. આ બહુ ખોટું થયું છે." "તુ જ તારી ભાભીને કહેને !" એમ કહી મા-બાપે ત્યાં મોકલ્યો. તેણે જઈ કહ્યું, "ભાભી ! તમારા ત્રણેય દીકરા મોટા થયા, હવે એને પગે લગાડી નિવેદ કરો. સાથે ત્રણ લીલા નાળિયેર (બોકડાં) વધેરોને તમારેય પ્રસાદી તો લેવી પડશે ! તમે આપણા કુળરિવાજ બારુ કરી રહ્યાં છો." રૂપબાઈના રુંવાડા બેઠા થયા. આંખ લાલ કરી કહ્યું, "અમારે તો સ્વામિનારાયણ ભગવાનનો આશરો છે. તમારા આ અધર્મથી તો અમે ત્રાસી ગયા છીએ. શાંતિ માટે નોખા રહીએ છીએ. હજુ કેડો મેલતાં નથી ? બહુ તમારું સહન કર્યું. હવે જરા પણ સાંભળશું નહિ ! ને જે થાય તે કરી લેજો!"

"જો જે હો..... જોવા જેવી થશે ! ..... લોહીના કોગળા કરીને છોકરા મરશે ! તારું મોઢું અવળું થઈ જશે ને જીવતાં તુ ને ડાકણ કરીશ." એમ દિયર ડરાવવા લાગ્યો.

રૂપબાઈ કહે, "કર્તા-હતા એક મારા ભગવાન છે. એમના હલાવ્યા વિના પાંદડુંય ન હલે ! તું અને તારી દેવી શું કરવાના છો?" આ સાંભળી દિયર ધૂંવાપૂવા થતો ઘેર ગયો. જઈ બધાને વાત કરી. "મારુ ને દેવીનું અપમાન કર્યું!" એમના બાપા કહે, "હવે કામ કળથી કરવું પડશે. આમા બળ કે ડર બતાવે નહિ ચાલે."

એકવાર રૂપબાઈ કામ પ્રસંગે બહાર ગયેલા. પાછળથી તેમના સસરાએ નિવેદની તૈયારી કરી, ત્રણેય બાળકોને લઈ માતાના મઢે ગયા. ભૂવાં આવ્યાં ત્યાં રૂપબાઈ ઘેર આવ્યા. ખબર પડી, દોડતાં ત્યાં આવ્યાં, રણચંડીનું રૂપ જાણે હોય એમ હાંકોટો કર્યો. બધા સજ્જડ થઈ ગયા. કહ્યું, "ખબરદાર! જો કોઈએ મારા દીકરા નિમિત્તે હિંસા કરી તો તમારી ખેર નથી ! જો દેવીએ જ મને દીકરા આપ્યા હોય તો અત્યારે જ ત્રણેય ફાટી પડો ! મારે નથી જોઈતાં. આ તો મારા સ્વામિનારાયણ ભગવાને આપેલા છે." ડાકલા બંધ થઈ ગયા. ભૂવાનો ઓતાર ઉતરી ગયો. સૌ ડઘાઈ ગયા. રૂપબાઈ બાળકોને લઈ ઘેર આવતા રહ્યાં. પછી તો પેલા આખી રાત ડાકલાં વગાડી ધૂણ્યાં. જો માતા રીઝે તો રૂપબાઈને નમાવીએ. પણ કાંઈ થયું નહીં.

થોડા સમય પછી રૂપબાઈને ચોથો બાળક જન્મ્યો. ત્રીજા દિવસે સુવાવડના ખાટલે સૂતા હતા. રાત્રે દેવી ભયંકર વિકરાળ રૂપે પ્રગટ થઈ હાથમાં ત્રિશૂળ લઈ ડરાવવા લાગીને વઢવા લાગી કે, "તેં મારું અપમાન કરી નિવેદ અટકાવ્યું છે. તારા બાળકોને ભરખી જાઉં છું." એમ કહી લેવા આવી. આ જોઈ રૂપબાઈ બેઠા થયા ને હાથ લાંબો કરી કહ્યું કે, "જા... જા.... શિયાળ જેવી! તારો શો ભાર છે ! કે તું મારા દીકરાને અડી શકે. મારો પ્રભુ તને પહોંચશે. એ તો સાક્ષાત્ મારી સાથે જ છે. આ સાંભળી દેવી કોપાયમાન થઈ, ખીજાઈ લાલ આંખો કરી કહ્યું, "તો સાંભળજે.... લઉ છું...." આમ કહી નજીક આવી. રૂપબાઈએ સફાળા ઉભા થઈ રાડ નાખી. મહારાજને પોકાર કર્યો, "પ્રભુ ! દોડજો !" પ્રગટપણાનો દૃઢ વિશ્વાસ ને નિષ્ઠાની ખુમારીથી પ્રભુ તુરત પ્રગટ થયા. અજવાળા પથરાયા. ઝળહળતાં મહારાજનાં દર્શન થયા. દેવીને ચાર સોટી ફટકારી. એના શરીરમાં ચારે સોટી ઉપસી આવી તેજ હીણ થઈ ગઈ. ધ્રૂજતી ધ્રૂજતી મહારાજનાં ચરણમાં પડી, "બચાવો .... માફ કરો....." પોકાર કરવા લાગી. શ્રીહરિ કહે, "આજથી ક્યારેય હવે તું મારી રૂપાનું નામ લઈશમાં એ ક્યારેય તને નૈવેદ નહિ ધરે....." દેવી હાથ જોડી બોલી, "ભલે મહારાજ ! પણ..... મને જવા દ્યો." હરિ આજ્ઞાથી દેવી હવામાં ચાલી ગઈ. દેવાજીએ આ બધું પ્રત્યક્ષ જોયું. દેવીની શક્તિને સામર્થીનો ખ્યાલ આવી ગયો. ને એણે ખાટલેથી ઉભા થઈ મહારાજને વંદન કર્યા ને કહ્યું, "તમે ભગવાન ખરાં ! મારા બાળકોની રક્ષા કરી." હરિવરે હસીને કહ્યું, "જે અમને અનન્ય ભાવે ભજે છે, અચળ નિષ્ઠા રાખી મારા દૃઢ વિશ્વાસે રહે છે તેની રક્ષા હું માતા-બાળકની જેમ કરે તેમ કરું છું." આમ કહી, ચારે બાળકના માથે હાથ ફેરવ્યાં. રૂપબાઈના માથે હાથ મૂક્યાં ને કહ્યું, "તમે મારો દૃઢ આશરો રાખી સત્સંગ રાખ્યો છે ને ભક્તિ કરી એટલે હું તમારા ઉપર ખૂબજ રાજી થયો છું. તમારે હવે કાંઈ કરવું રહ્યું નથી. આનંદમાં રહેજો." આમ કહી અદૃશ્ય થયાં.

સવારે દેવાજીએ આ વાત કરી કે, "દેવાધિદેવ, દેવ-દેવી તમામના નિયંતાને ઉપરી એક ભગવાન સ્વામિનારાયણ છે. માટે એમનો આશરો કરો. આ બધું મૂકો. ભગવાને મારા દીકરાને બચાવ્યા. દેવી તો કોપીને ભરખવા તૈયાર થઈ હતી. નિવેદને માનતાઓ કરી એનું ફળ આવું નીકળ્યું ?" બધાને વાત સાંભળી આશ્ચર્ય થયું. પછી સર્વેએ સત્સંગ માટે સંતોને તેડાવ્યા. મઢમાંથી માતાને રજા દીધી. મઢ સાફસૂફ કરી સંતોના ઉતારા કર્યા. આખા કુટુંબને સત્સંગ થયો ને બધા ખૂબ સંસ્કારી થયા. ભક્તિ કરી ધામને પામ્યા.

વ્હાલા ભક્તો ! બસ આવી જ નિષ્ઠાને ભગવાનનો પ્રત્યક્ષપણાનો દૃઢ વિશ્વાસ પાકો થઈ જાય એટલે જે કરવાનું છે તે થઈ ગયું. માટે આ ચરિત્રમાંથી આટલું મનન કરી દૃઢ કરવું


શ્રી સ્વામિનારાયણ માસિક પ્રકાશનની માલિકી અંગેની માહિતી

**From-IV (see Rule : 8)**

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રકાશન સ્થળ | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧ |
| ૨. | પ્રકાશન સમય | : | માસિક દર મહિને |
| ૩. | મુદ્રકનું નામ | : | મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી |
| | રાષ્ટ્રીયતા | : | હિન્દી |
| | સરનામું | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧. |
| ૪. | તંત્રીનું નામ | : | મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી |
| | રાષ્ટ્રીયતા | : | હિન્દી |
| | સરનામું | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧. |
| ૫. | માલિક | : | શ્રી નરનારાયણ દેવની ગાદીના અધિપતિ પ.પૂ.ધ.ધુ. |
| | (સંસ્થાપક) | | આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી |
| | રાષ્ટ્રીયતા | : | હિન્દી |
| | સરનામું | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧. |

હું સ્વામી નારાયણસ્વરૂપદાસજી આથી જાહેર કરું છું કે ઉપર બતાવેલી બાબતો મારી જાણ અને સમજ મુજબ સાચી છે.

**સહી : સ્વામી નારાયણસ્વરૂપદાસજી, મહંત સ્વામી**

શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧

(પ્રકાશકની સહી)

# સત્સંગ સમાચાર

## અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી નરનારાયણદેવનો ૧૮૬ મો પાટોત્સવ મહોત્સવ ધામધૂમથી ઉજવાયો.

શ્રી નગર અમદાવાદના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન ભરત ખંડના અધિષ્ઠાતા સર્વોપરિ શ્રીહરિએ સ્વયં બાથમાં લઈ પધરાવેલ સ્વસ્વરૂપ સર્વાવતારી શ્રી નરનારાયણદેવનો ૧૮૬ મો પાટોત્સવ મહોત્સવ ફાગણ સુદ-૩ ને તા. ૧૦-૩-૨૦૦૮ ને સોમવારના રોજ પ્રાતઃ ૬-૩૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ષોડશોપચાર મહાભિષેક વેદ વિધિસર સંપન્ન થયો.

ત્યારબાદ પ્રસાદીના વિશાળ ભવ્ય સભા મંડપમાં પ્રાસંગિક સભામાં યજમાન પરિવારના પ.ભ. રતિભાઈ જેચંદદાસ ભાવસારના ચિ. પ.ભ. રાજેશભાઈ ભાવસાર (લાંધણજવાળા) આદિ સૌ પરિવાર તેમજ સહ યજમાન અનિ. પ.ભ. નાગજીભાઈ હરજીવનદાસ ઠક્કરના સુપુત્રો પ.ભ. વિનોદભાઈ તથા શ્રી રમેશભાઈ (શિકાગો) આદિ યજમાન પરિવારોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. પૂ. પી.પી. સ્વામી (મોટા) એ સભા સંચાલન કરતા સર્વાવતારીશ્રી નરનારાયણદેવનો અદ્‌ભુત મહિમા માહાત્મ્ય સાથે સંપ્રદાયના આ સૌ પ્રથમ મંદિરનું ગૌરવ ગરિમા તેમની રોચક અને મધુર શૈલીમાં વર્ણવ્યું હતું. અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી એ પણ આજે ભગવાન શ્રીહરિ અને શ્રી નરનારાયણદેવ બન્ને એકજ સ્વરૂપ છે. તેમાં કોઈ ભેદ નથી તે દ્રષ્ટાંત સાથે સુંદર રીતે સમજાવ્યું હતું. બીજા વિદ્વાન સંતોમાં માજી મહંત શા.સ્વા. નિર્ગુણદાસજી, શા.સ્વા. સત્સંગભૂષણદાસજી (ગાંધીનગર સે.-૨) શા. સ્વા. અખિલેશ્વરદાસજી કાંકરિયા મહંત સ્વામી, નાના પી.પી. સ્વામી આદિ અનેક સંતોએ પાટોત્સવ પ્રસંગે દેવનું માહાત્મ્ય મહિમા સહિત વર્ણવ્યું હતું.

છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રી, ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સર્વે ભક્તજનોને સર્વોપરિ શ્રી નરનારાયણદેવ પ્રત્યેની વિશેષ નિષ્ઠા વધે અને તેમનું શરણું પકડશો તો પ્રારબ્ધમાં ગમે તેવા દુઃખો હશે તે દૂર ભાગશે. એમ ત્રણે શ્રીહરિના અપર સ્વરૂપોએ આશીર્વાદ આપી સૌ ઉપર અતિ પ્રસન્ન થયા હતા. ત્યારબાદ સૌ સંત-હરિભક્તોએ શિસ્તબદ્ધ ચરણ સ્પર્શ દર્શન કરી દિવ્ય લાભ લીધો હતો. શણગાર આરતી નો ઘંટનાદ થતા સભા વિરામ પામી હતી.

પૂ. મહંત સ્વામીની પ્રેરણાથી વી.પી. સ્વામી, કો. રામાનુંજ સ્વામી, શા. ડી.કે. સ્વામી, વિષ્ણુ સ્વામી, અયોધ્યાના યોગી સ્વામી અને અન્નકૂટમાં શા. ભક્તિવલ્લભદાસજી (અમેરિકાવાળા) અને સંત મંડળ અને બાપુનગરના હરિભક્તોની સેવા પ્રસંશનીય હતી. *(કલ્પેશ પટેલ)*

## અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવ જયંતી ફુલદોલોત્સવ ઉજવાયો

આપણા ઈષ્ટદેવ સર્વાવતારી શ્રી નરનારાયણદેવ જયંતી ફાગણ સુદ-૧૫ તા. ૨૧-૩-૦૮ ને શુક્રવારના રોજ અમદાવાદ મંદિરના ચોકમાં 'ફુલદોલોત્સવ'નું સુંદર આયોજન સંપન્ન થયું હતું.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ન્યુઝીલેન્ડ ઓકલેન્ડ મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધાર્યા હોવાથી તેઓશ્રીની તમામજવાબદારી સંપ્રદાયના ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પોતાના શિરે ઉપાડીને આજે સૌ પ્રથમબપોરે ૧૨-૦૦ કલાકે શ્રી નરનારાયણદેવની આરતી ઉતારવા પધાર્યા હતા. ત્યારબાદ મંદિરના ચોકમાં વિશાળ શમિયાણાંમાં છેક સાબરકાંઠા, ખેડબ્રહ્માથી કેશુડાનો મોટો જથ્થો મંગાવીને બે ત્રણ દિવસ અગાઉ ગરમપાણીના કુંડમાં કલર બનાવવાની વિધિ કરેલી. જે આજે પુરા રંગ સાથે મોટી ટાંકીઓમાં ભરવામાં આવેલ. સુંદર મોટું સ્ટેજ ગોઠવવામાં આવેલ. જેના ઉપર પ.પૂ. લાલજી મહારાજશ્રી સૌ ભક્તજનોને સુંદર અલૌકિક દર્શન થાય તે રીતે શ્વેત સાફો અને શ્વેત વસ્ત્ર પરિધાનમાં એવા શોભતા હતા કે જાણે સાક્ષાત્ બાલ સ્વરૂપ ઘનશ્યામમહારાજ આજે આપણી વચ્ચે ઉભા હોય તેવા રંગોની પિચકારી સાથે દિવ્ય દર્શન થતા હતા. મંદિરનો ચોક, નિજ મંદિર, સભા મંડપ, અટારીઓ, ગેલેરીઓમાં માનવ મહેરામણ કીડિયારાની જેમ ઉભરાયો હતો. સૌને એકજ તાન હતું કે પ.પૂ. લાલજી મહારાજ અમને આખે આખે એવા કલરથી ભીંજવી દે જેથી અમને ગમે તેવા દેશકાળમાં બીજો રંગ ન લાગે. બસ આજે તો રંગાવું જ છે. આવા નિષ્ઠાવાન ભક્તોના મનોરથ પ.પૂ. લાલજી મહારાજે સતત એક કલાક સુધી રંગે રમીને પુરા કર્યા.

પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને પૂ. શ્રી રાજા પણ હવેલીમાંથી આ

અદ્‌ભુત પ્રસંગને નિહાળીને હર્ષાવિન્ત થતા હતા. પૂ. મહંત સ્વામીના માર્ગદર્શનથી કોઠારી રામાનુજ સ્વામી, શા. ડી.કે. સ્વામી, વી.પી. સ્વામી, વિષ્ણુ સ્વામી આદિ સંત મંડળ અને કલ્પેશ પટેલ, અલ્પેશ અને પ્રકાશ ભગત અને તેમની સેવા ટીમે આજે આ પ્રસંગમાં શ્રદ્ધા-ભક્તિ પૂર્વક સેવા બજાવીને શ્રી નરનારાયણદેવ અને પ.પૂ. લાલજી મહારાજશ્રીનો રાજીપો મેળવ્યા હતો. *(શા. ડી. કે. સ્વામી)*

## કાંકરિયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ભવ્ય ચોર્યાસી ઉત્સવ ઉજવાયો

સર્વોપરિ શ્રીહરિના પાવન ચરણોથી ઉત્તમતીર્થક્ષેત્ર સમું કાંકરિયા રામબાગ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૧૨-૩-૦૮ ના શુભ દિને શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજ અને બાલસ્વરૂપ કષ્ટભંજનદેવનો પાટોત્સવ તેમજ ચોર્યાસી મહોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના સાનિધ્યમાં ધામધૂમથી ઉજવાયા.

આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૮-૩-૦૮ થી ૧૨-૩-૦૮ પર્યન્ત આયોજીત રાત્રી પંચદિનાત્મક શ્રીમદ્ ભાગવત પારાયણ પ્રસંગે પારાયણના યજમાનના નિવાસ સ્થાનેથી પોથીયાત્રા ધામધૂમથી નીકળીને મંદિરે આવી હતી. કથાની પ્રારંભ વિધિ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. જેના વક્તા પદે પૂ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીએ બિરાજીને કથામૃતનો સુંદર લાભ આપ્યો હતો.

તા. ૯-૩-૦૮ ના રોજ બહેનોને દર્શન-આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા.

તા. ૧૨-૩-૦૮ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે પ્રાતઃ ૬-૩૦ કલાકે ઠાકોરજીનો મહાભિષેક ષોડશોપચાર પૂર્વક વિધિવત રીતે ધામધૂમથી સંપન્ન થયો હતો. પૂજારી સ્વામી દેવકૃષ્ણદાસજીએ ઠાકોરજીને સુંદર શણગાર ધરાવીને દર્શન કરાવ્યા હતા.

સવારે ૯-૩૦ કલાકે ચોર્યાસી મહોત્સવની વિશાળ સભામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે સૌ પ્રથમપારાયણની પૂર્ણાહુતિ પોતાના વરદ્ હસ્તે કરી હતી. તેજ સમયે પ.પૂ. મોટા મહારાજશ્રી ઠાકોરજીના દર્શન કરી સભામાં પધાર્યા હતા. સભામાં પ.ભ. ગોવિંદભાઈ ચતુરભાઈ પટેલ અને પરિવારોએ પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા.

ત્યારબાદ પાટોત્સવના યજમાન પ.ભ. જીગરભાઈ દિપકભાઈ પટેલ, શહેર ચોર્યાસીના યજમાન શેઠશ્રી હરિકિશનભાઈ ઠક્કર, કષ્ટભંજનદેવના પાટોત્સવના યજમાન પ.ભ. હિતેશભાઈ પટેલ પરિષદફાર્મવાળા, પારાયણના યજમાન પ.ભ. હસમુખભાઈ ભગવાનદાસ મકવાણા અને શ્રી કનુભાઈ ઠક્કર (બાવળા-તેલની સેવા) આદિ હરિભક્તોએ પણ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન-આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા.

પ્રાસંગિક સભામાં ધામોધામના સંતો પધાર્યા હતા. જેતલપુર અક્ષર મહોલવાડીના વિદ્યાર્થી સંતો મોટી સંખ્યામાં પધાર્યા હતા.

સંપ્રદાયના વિદ્વાન કથાકાર શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી (ગાંધીનગર) અમદાવાદ મંદિરના મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી, પૂ. પી.પી. સ્વામી (જેતલપુર), શા.સ્વામી નિર્ગુણદાસજી, શા. સ્વા. હરિઓમપ્રકાશદાસજી (જે.વાડી) આદિ સંતોએ પ્રસંગોચિત્ત પ્રવચન કર્યું હતું. સભા સંચાલન શા.સ્વામી યજ્ઞપ્રકાશદાસે કર્યું હતું. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપ્યા હતા. મહંત શા. સ્વામી ગુરુપ્રસાદદાસજીએ આભાર વિધિ કરી હતી.

સંતો તથા ભૂદેવોને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સ્વયં પીરસીને ખૂબજ રાજી કર્યા હતા.

આ પ્રસંગે હજારોની સંખ્યામાં ભાવિક ભક્તજનો અને બ્રાહ્મણ પરિવારોએ પ્રસાદ લીધો હતો. સમગ્ર આયોજનમાં મહંત શા.સ્વામી આનંદપ્રસાદદાસજીની પ્રેરણાથી પા. નરોત્તમભગત, શા. પ્રાણજીવનદાસજી, મહંત સ્વામી ભાનુપ્રકાશદાસજી મથુરા તથા કાંકરિયાના હરિભક્તો અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા અને મહિલા મંડળ બાપુનગર, કાંકરિયા, કષ્ટભંજનદેવ પાઠ મંડળ આદિ સૌની સેવા પ્રેરણારૂપ હતી. *(મહંત સ્વામી આનંદપ્રસાદદાસજી)*

કાંકરિયાના સેવાભાવી અને શ્રી નરનારાયણદેવ અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીના અત્યંત કૃપાપાત્ર પ.ભ. ગોવિંદભાઈ ચતુરભાઈ પટેલ ખૂબજ બિમાર થઈ ગયેલા. નિષ્ણાંત ડોકટરોએ છેલ્લા રિપોર્ટ આપી દીધેલા. પરંતુ જેઓનું મૂળ સંપ્રદાય સાથેનું જોડાણ ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીનો રાજીપો અને કાંકરિયાના બાલ સ્વરૂપ કષ્ટભંજનદેવની કૃપા દ્રષ્ટિ અને સંતોના આશીર્વાદથી તેઓ સંપૂર્ણ સાજા થઈ રોજે દર્શને આવે છે. આવા તો સંપ્રદાયમાં અનેક દાખલાઓ મોજુદ છે.

## શ્રી નરનારાયણદેવ ધાર્મિક શિક્ષણ વિભાગ દ્વારા તા. ૨૩-૧૨-૦૭ ના લેવાયેલ પરીક્ષાનું પરિણામ

| કુલ | ૨૦૮૫ | બેઠકો | પાસ | નાપાસ |
|---|---|---|---|---|
| ૧. | બાલ સત્સંગ | ૮૮૦ | ૮૩૦ | ૫૦ |
| ૨. | કિશોર સત્સંગ | ૬૦૫ | ૫૨૦ | ૮૫ |
| ૩. | સત્સંગ પરિચય | ૫૪૦ | ૪૮૦ | ૬૦ |
| ૪. | સત્સંગ પારંગત વચનામૃત ભાગ-૧ | ૪૦ | ૩૦ | ૧૦ |
| ૫. | સત્સંગ પ્રવિણ વચનામૃત ભાગ-૨ | ૨૦ ૨૦૮૫ | ૧૫ ૧૮૭૫ | ૫ ૨૧૦ |

૧૦૦ ટકા ગુણ મેળવનાર બાલ મિત્રો

બાલ સત્સંગ (૧) પટેલ અજયકુમાર પ્રવિણભાઈ અસારવા ગુરુકુળ, મકવાણા શૈલેષ ભરતભાઈ અ.ગુ., પડશાળા રાહુલ બાબુભાઈ અ.ગુ., ડાભી અજયકુમાર શૈલેન્દ્રસિંહ ડાંગરવા, પ્રજાપતિ કિંજલ કિશોરભાઈ ડાંગરવા, સિધ્ધાર્થ પ્રભાતસિંહ ટાંકીયા, જીજ્ઞાશા

ભરતસિંહ ભાટી બાલવા, મહેન્દ્રસિંહ ઈશ્વરસિંહ ઝાલા ગાંધીનગર, રાઠોડ નરેન્દ્રસિંહ ભરતસિંહ ગાંધીનગર, વરૂ જયશ્રી ભરતસિંહ ગાંધી ગાંધીનગર.

બાળ સત્સંગ-૧

(૧) પટેલ રસિકકુમાર બી. એપ્રોચ. (૨) રામાણી સેજલ બાબુભાઈ એપ્રોચ. (૩) પટેલ કિશોર વિનોદભાઈ એપ્રોચ. (૪) વસોયા કમલેશ હરજીભાઈ એપ્રોચ. (૫) પટેલ હિરલ પ્રવિણભાઈ એપ્રોચ. (૬) પંચાલ પૂજા ગીરીશભાઈ એપ્રોચ. (૭) હાડકડા મેહુલ સતીષભાઈ કોટેશ્વર ગુરુકુળ. (૮) ખત્રી વિપુલ કાંતિભાઈ કોટેશ્વર ગુરુકુળ. (૯) લકુમહર્ષદભાઈ ભગવાનભાઈ (૯૯) કોટેશ્વર ગુરુકુળ. (૧૦) હાડકડા ખોડુ સતીષભાઈ (૯૯) કોટેશ્વર ગુરુકુળ.

કિશોર સત્સંગ-૨

(૧) વેકરીયા ગૌતમકાનજીભાઈ અસારવા ગુરુકુળ. (૨) પટેલ રવિ દિનેશભાઈ અસારવા ગુરુકુળ. (૩) પૃથ્વીસિંહ મહેન્દ્રસિંહ ટાંકીયા. (૪) રણવીરસિંહ ભરતસિંહ ટાંકીયા. (૫) અજયસિંહ ઘનશ્યામસિંહ ટાંકીયા. (૬) નરેન્દ્રસિંહ ખુમાનસિંહ ટાંકીયા (૭) શાહ આદિત્ય જે. એપ્રોચ. (૮) ત્રિવેદી યશ ભરતભાઈ કોટેશ્વર ગુરુકુળ.

સત્સંગ પરિચય-૩

(૧) વળીયા પ્રદિપ ભીખાભાઈ અસારવા ગુરુકુળ. (૨) વળીયા દિવ્યેશ જયસુખભાઈ અસારવા ગુરુકુળ. (૩) હરપાલસિંહ મહેન્દ્રસિંહ ટાંકીયા. (૪) ધર્મિષ્ઠા ખુમાનસિંહ ટાંકીયા. (૫) દિપ્તિ મહેન્દ્રસિંહ ટાંકીયા. (૬) પટેલ નયન રાજેન્દ્રભાઈ મેઘાણીનગર. (૭) ચૌધરી નિરંજ પ્રભુદાસ કોટેશ્વર ગુરુકુળ. (૮) પટેલ યશ પંકજભાઈ કોટેશ્વર ગુરુકુળ.

સત્સંગ પારંગત વચ.-૧

(૧) શાસ્ત્રી અભિજીત રમેશભાઈ ડાંગરવા (૨) ડાભી અજયકુમાર વિક્રમસિંહ ડાંગરવા. (૩) ગજજર જીગર જગદીશભાઈ ડાંગરવા. (૪) પડશાળ નિહારકુમાર આર. મેઘાણીનગર. (૫) હરખાણી રોનક કરશનભાઈ કોટેશ્વર ગુરુકુળ (૮૬) (૬) ગેડીયા કલ્પેશ દકુભાઈ કોટેશ્વર ગુરુકુળ (૮૬).

સત્સંગ પ્રવિણ વચ.-૨

(૧) ડાભી શ્વેતાબેન મહેન્દ્રસિંહ ડાંગરવા (૯૨%) (૨) ડાભી પૃથ્વીસિંહ કિરીટસિંહ ડાંગરવા (૯૦%) (૩) ડાભી નિધિબેન અમૃતસિંહ ડાંગરવા (૮૭%) (૪) ડાભી નિકિતાબેન ભરતસિંહ ડાંગરવા (૮૭%) (૫) બોધાણી હાર્દિક નરોત્તમભાઈ કોટેશ્વર ગુરુકુળ (૯૯%) (૬) કુભાણી હર્ષદ લાભુભાઈ કોટેશ્વર ગુરુકુળ (૮૯%).

આમકુલ ૩૧ કેન્દ્રોએ પરીક્ષામાં ભાગ લીધો હતો. કુલ પરિણામ૮૩.૨૮ ટકા આવ્યું છે. ઉપરોક્ત વિદ્યાર્થીઓને તેમની ઉત્તરોત્તર પ્રગતિ માટે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી આશીર્વાદ પાઠવેછે. *(સંચાલકશ્રી, રણછોડભાઈ પટેલ)*

## એપ્રોચ બાપુનગર મંદિરનો તૃતિય પાટોત્સવ ઉજવાયો

ફાગણ સુદ-૮ ના અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બાળ સ્વરૂપ શ્રી ઘનશ્યામમહારાજનો પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ષોડશોપચાર મહાભિષેક છપ્પન ભોગ અન્નકૂટ આરતી ધામધૂમથી સંપન્ન થયા હતા.

પાટોત્સવ પ્રસંગે આયોજીત પ્રાસંગિક સભામાં ધામોધામના સંતો તથા શા. સ્વામી નિર્ગુણદાસજી આદિ સંત મંડળે યજમાન પ.ભ. બાબુભાઈ પોપટભાઈ, નારણભાઈ તથા નાગજીભાઈ શિંગાળા પરિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. શ્રી કાળુભાઈ ગૌદાણી દ્વારા પ્રકાશિત 'બાળગુંજન' પુસ્તિકાનું (દ્વિતીય આવૃતિ) પ.પૂ. મહારાજશ્રીએ વિમોચન કર્યું હતું. છેલ્લે પ.પૂ. મહારાજશ્રીએ સમસ્ત સભાને રૂડા આશીર્વાદ આપ્યા હતા. મહંત સ્વામી લક્ષ્મણજીવનદાસજીએ આ પ્રસંગે સુંદર આયોજન કર્યું હતું. *(ગોરધનભાઈ સીતાપરા)*

## ધરિયાવદ (રાજ.) મંદિરમાં પાટોત્સવ ઉજવાયો

રાજસ્થાનના સુંદર રમણીય વિસ્તારમાં આવેલા ધરિયાવદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૧૮-૨-૦૮ ના રોજ પ્રાતઃ ૭-૦૦ કલાકે સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા શ્રી રાધાકૃષ્ણદેવનો તૃતીય પાટોત્સવ અભિષેક પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ષોડશોપચાર મહાવિધિ પૂર્વક ધામધૂમથી સંપન્ન થયો હતો. ત્યારબાદ નૂતન પ્રવેશદ્વારનું ઉદ્ઘાટન પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થયું હતું. સવારે ૧૦-૦૦ કલાકે ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારીને પ.પૂ. મહારાજશ્રી કલ્યાણપુરા મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારવા પધાર્યા હતા. ધરિયાવદ મંદિરની પ્રાસંગિક સભામાં પાટોત્સવ યજમાન કવિ મહોદયશ્રી ચંદ્રશેખરજી શર્મા, ભેરૂલાલજી ચૌધરી તથા શ્રી મનસુખલાલ પાલીવાલે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. પ.પૂ. મહારાજશ્રીને ૩૭ ફૂટનો સુંદર ફુલોનો હાર હરિભક્તોએ પહેરાવી આશીર્વાદ લીધા હતા. પ્રાસંગિક સભામાં અમદાવાદ મંદિરના મહંત સ્વામી, જેતલપુરના મહંત સ્વામી તથા ચરાડવા, સાપાવાડા, બોટાદ અને જૂનાગઢના સંતો-મહંતો એ પ્રેરક પ્રવચનનો લાભ આપેલ. સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલન અત્રેના મહંત સ્વામી વાસુદેવચરણદાસે કર્યું હતું. ધરિયાવદથી ૫૦ કિલોમીટર દૂર આવેલા માલ્યા ગામમાં હરિમંદિરનું ભૂમિપૂજન પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે થયું હતું. *(કોઠારીશ્રી)*

## સાપાવાડા મંદિરનો ૧૫ મો પાટોત્સવ

તા. ૧૧-૩-૦૮ના રોજ અત્રે મંદિરમાં બિરાજમાન શ્રી ધર્મભક્તિ હરિકૃષ્ણ મહારાજ તથા શ્રી ઘનશ્યામમહારાજનો પાટોત્સવ અભિષેક પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ હસ્તે વેદોક્ત વિધિથી ધામધૂમથી ઉજવાયો.

પ્રાસંગિક સભામાં યજમાન પ.ભ. હિરાભાઈ કેવળભાઈ પટેલ અને પરિવારોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. (જેઓની જીવત ચર્યા પણ રાખવામાં આવેલ) સભામાં મહંત સ્વામી જગદીશપ્રસાદદાસે નિજ મંદિરને કલર કામકરવાની જાહેરાત કરી હતી. સંતોના પ્રેરક પ્રવચન બાદ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલન શા. છપૈયાપ્રસાદદાસે કર્યું હતું. આભાર વિધિ ડૉ. રતિભાઈએ કરી હતી. સાપાવાડા કાર્યક્રમ પૂર્ણ કરી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી આપણા કુકડીયા શ્રી સ્વામિનારાયણ મંદિર પધાર્યા હતા. જ્યાં ઠાકોરજીની આરતી ઉતારીને હરિભક્તોની ખબર અંતર પૂછીને આશીર્વાદ આપ્યા હતા.

સાપાવાડા મંદિરના મહંત સત્યસંકલ્પદાસજીએ સુંદર આયોજન કર્યું હતું.

*(હાર્દિક ભગત)*

## શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડિયામાં પાટોત્સવ ધામધૂમથી સંપન્ન થયો.

અમદાવાદના ઘાટલોડીયા વિસ્તારના આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી પાટોત્સવના ઉપલક્ષમાં તા. ૧૩-૩-૦૮ ના રોજ સમૂહ મહાપૂજા રાખી હતી. જેમાં ૧૦૦ ઉપરાંત હરિભક્તોએ લાભ લીધો હતો. મહાપૂજા વિધિ શા. કૃષ્ણસ્વરૂપદાસે વિધિવત કરાવી હતી. તા. ૧૪-૩-૦૮ ના રાત્રે શા. સ્વામી રામકૃષ્ણદાસ અને તા. ૧૫-૩-૦૮ ના રાત્રે શા. ધર્મકિશોરદાસે કથામૃતનો અલૌકિક લાભ આપી હરિભક્તોને રાજી કર્યા હતા.

તા. ૧૬-૩-૦૮ના શુભ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો પાટોત્સવ ધામધૂમથી સંપન્ન થયો હતો.

પ્રાસંગિક સભામાં યજમાન અ.નિ. કાળીદાસ નરસીદાસ પટેલ પરિવારના શ્રી ગાંડાભાઈ, શ્રી વિષ્ણુભાઈ અને શ્રી અમૃતભાઈ આદિ હરિભક્તોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન આરતી ઉતારીને દિવ્ય લાભ લઈ આશીર્વાદ મેળવ્યા હતા. સંતોનું પણ પૂજન યજમાનોએ કર્યું હતું. મંદિરની કમિટીના સભ્યો અને કોઠારીશ્રી સોમાભાઈ આદિએ પણ પ.પૂ. મહારાજશ્રીનું પૂજન આરતી કરી હતી. ધાર્મિક પરીક્ષામાં ઉર્તિણ થનાર બાળકોને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઈનામઆપવામાં આવ્યા હતા. અત્રેના આગેવાન હરિભક્તોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીને પુષ્પહાર કરી આશીર્વાદ મેળવ્યા હતા. સંતોના પ્રેરક પ્રવચન બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપી અન્નકૂટ આરતી ઉતારી અલૌકિક દિવ્ય દર્શનનો મહા લાભ આપી સ્વસ્થાન પધાર્યા હતા.

સંતોમાં શા.સ્વા. પ્રેમસ્વરૂપદાસજી, સ્વામી રઘુવીરચરણદાસજી, શા.સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજી, શા. આનંદ સ્વામી, શા. છપૈયાપ્રસાદદાસ, મહંત સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી અને પૂજારી પરમેશ્વર સ્વામીએ પ્રેરક પ્રવચન કરીને હરિભક્તોને રાજી કર્યા હતા.

*(પ્રવિણભાઈ ટી. પટેલ)*

## બદપુરા મંદિરમાં શાકોત્સવ

તા. ૩૧-૧-૦૮ના રોજ અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે શાકોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. હરિભક્તોએ સેવા યજ્ઞમાં લાભ લઈ પ.પૂ. મહારાજશ્રીના આશીર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગમાં શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારણઘાટ) તથા નાના પી.પી. સ્વામી આદિ સંત મંડળે કથા-વાર્તાનો લાભ આપેલ. સમસ્ત સભાને પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપીને ચૌધરી સમાજની નિષ્ઠાને બિરદાવી હતી. *(ભરતભાઈ ચૌધરી શ્રી ન.ના.દેવ યુવક મંડળ)*

## ભીમપુરા (તા. માણસા) મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી ભીમપુરાના નવ નિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં તા. ૧૬-૨-૦૮ થી તા. ૨૦-૨-૦૮ પર્યન્ત ભાગવત પારાયણ, વિષ્ણુયાગ, સાંસ્કૃતિક કાર્યક્રમ, વ્યસન મુક્તિ અને ગામસફાઈ જેવા સમાજ લક્ષી કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવેલ. મંદિર નિર્માણમાં મોટી સેવા કરનાર તથા મુખ્ય યજમાન શ્રી ભરતભાઈ દલસંગભાઈ ચૌધરી પરિવાર (અમેરિકા) રહ્યાં હતાં. તા. ૨૦-૨-૦૮ ના શુભ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે સર્વોપરિશ્રી ઘનશ્યામમહારાજ અને શ્રી રામશ્યામની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા વેદોક્ત વિધિથી થઈ હતી. ત્યારબાદ યજ્ઞ અને કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. કથા પારાયણના વક્તા શા. રામકૃષ્ણદાસજીએ કથામૃત પાન કરાવ્યું હતું. પ્રાસંગિક સભામાં યજમાન પરિવારના પ.ભ. ભરતભાઈ આદિ સૌએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા.

સમગ્ર પ્રસંગમાં શા.સ્વા. હરિકૃષ્ણદાસજી (છપૈયા માજી મહંત) મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ) શ્રી નરનારાયણદેવના પૂજારી બ્ર. રાજેશ્વરાનંદજીએ ઉપસ્થિત રહી માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. સભા સંચાલન નાના પી.પી. સ્વામીએ કર્યું હતું. સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપ્યા હતા.

*(ચૌધરી વિષ્ણુભાઈ, સરપંચશ્રી)*

## ગવાડા શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ ઉજવાયો

શ્રીહરિના દિવ્ય ચરણોથી અંકિત મહાપ્રસાદી ભૂત શ્રી સ્વામિનારાયણ મંદિર ગવાડાનો ૨૬ મો પાટોત્સવ તા. ૧૨-૨-૦૮ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ધામધૂમથી સંપન્ન થયો હતો. પાટોત્સવના ઉપલક્ષમાં ત્રણ દિવસની વચનામૃતની રાત્રી પારાયણ શા.સ્વા. રામકૃષ્ણદાસજીના વક્તા પદે થઈ હતી. પાટોત્સવ પ્રસંગે શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ) અને નાના પી.પી. સ્વામીએ ઉપસ્થિત રહી પાટોત્સવની આરતી, અન્નકૂટ આદિ કરીને કથા વાર્તાનો લાભ આપેલ. પાટોત્સવના યજમાન પ.ભ. નારણભાઈ બેચરભાઈ પટેલ પરિવાર રહ્યાં હતાં.

*(નારણભાઈ પટેલ)*

### શ્રી સ્વામિનારાયણ મંદિર વરસોડા પાટોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ગાંધીનગર જીલ્લાના વરસોડા શ્રી સ્વામિનારાયણ મંદિરનો પ્રથમપાટોત્સવ તા. ૧-૨-૦૮ ના રોજ શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, નારણઘાટ મહંત સ્વામી દેવપ્રકાશદાસજી અને નાના પી.પી. સ્વામીએ ઠાકોરજીની પાટોત્સવની આરતી ઉતારીને કથા વાર્તાનો સુંદર લાભ આપ્યો હતો. અત્રે ગામના શ્રી સુરેશભાઈ તથા શ્રી બિપીનભાઈ જાની પરિવારે પાટોત્સવ અને અન્નકૂટના યજમાન બની મહા લાભ લીધો હતો. *(કોઠારીશ્રી)*

### શ્રી સ્વામિનારાયણ મંદિર વિહાર પાટોત્સવ ઉજવાયો

શ્રીહરિના ચરણરજથી પાવન વિહાર ગામના ભાઈઓ અને બહેનોના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૨૭-૨-૦૮ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો.

તા. ૨૭-૨-૦૮ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું ગામમાં શુભ આગમન થતા સંત-હરિભક્તોએ ખૂબજ ઉમળકા ભર્યું સ્વાગત સામૈયું શોભાયાત્રાના રૂપમાં કર્યું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ બન્ને મંદિરોમાં ઠાકોરજીની પાટોત્સવ અને અન્નકૂટની આરતી ઉતારી સભામાં વિરાજમાન થયા હતા. પાટોત્સવના યજમાન પ.ભ. ઘનશ્યામભાઈ કુબેરભાઈ રેવણીદાસ પટેલ પરિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા.

સમગ્ર પ્રસંગમાં સ્વામી સૂર્યપ્રકાશદાસજી ગુરુ જોગી સ્વામી, શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, નારાયણઘાટ મહંત દેવ સ્વામી, બ્ર. રાજેશ્વરાનંદજી (શ્રી ન.ના. દેવના પૂજારી) અને શા. રામકૃષ્ણદાસે પ્રસંગોચિત્ત પ્રવચન કરેલ. ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર પ્રસંગમાં નાના પી.પી. સ્વામી પ્રેરણારૂપ રહ્યાં હતા. *(હરિકૃષ્ણભાઈ પટેલ)*

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

### ન્યારા (હાલાર) અને પ્રતાપગઢ ગામે સત્સંગ સભા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી આપણા સંતો આપણા ગામડાઓમાં સત્સંગની પ્રવૃત્તિ કરે તો ખૂબજ રાજી થાય છે. તે અનુસંધાને મૂળી દેશના નીચેના ગામોમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી સ.ગુ. શા. સ્વામી નારાયણપ્રસાદદાસજીએ સત્સંગ સભાનું આયોજન કર્યું હતું.

તા. ૪-૩-૦૮ના રોજ રાજકોટ પાસેના ન્યારા (હાલાર) ગામમાં અને તા. ૭-૩-૦૮ના રોજ પ્રતાપગઢ (તા. હળવદ) ગામમાં સુંદર સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૌ પ્રથમસંતોમાં સ.ગુ. શા. સ્વા. નારાયણપ્રસાદદાસજી, મૂળી મહંત શા.સ્વા. વિશ્વપ્રકાશદાસજી, માણસા મહંત શા.સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજી, ચરાડવા મહંત શા.સ્વા. હરિપ્રકાશદાસજી વગેરે સંતોએ સર્વોપરિશ્રી સ્વામિનારાયણ ભગવાનનું મહિમા માહાત્મ્ય અને મૂળી શ્રી રાધાકૃષ્ણદેવનો શિર સાટે પક્ષ રાખવા ઉપર અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા પાળવાનો ખટકો જીવમાં વણાય જાય તો ભવ પાર થઈ જવાય એમઘણી ચોટદાર વાતો કરી હતી. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપતા નિત્યે મંદિરમાં આવવાનો ખાસ આગ્રહ રાખવો તેવી આજ્ઞા કરીને બન્ને ગામના ભક્તો ઉપર ખૂબજ પ્રસન્ન થયા હતા.

સભા સંચાલન શાસ્ત્રી છપૈયાપ્રસાદદાસે (મૂળી) સંભાળ્યું હતું. રસોડાની સેવા સ્વામી શિવપ્રકાશદાસજીએ સંભાળી હતી. આ બન્ને ગામની સભાના આયોજનમાં ચરાડવા મહંત શા.સ્વા. હરિપ્રકાશદાસજી પ્રેરણારૂપ રહ્યાં હતાં.

*(શા. આત્મપ્રકાશદાસ, સાયલા)*

### વાંકાનેર બહેનોનું શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે બહેનોના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તા. ૧-૩-૦૮ થી તા. ૫-૩-૦૮ પર્યન્ત 'શ્રીહરિવાક્ય સુધા સિન્ધુ' પંચાન્હ પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તા સાં.કોકીલાબા (ગુરુ સાં.યો. કમળાબા સુરેન્દ્રનગર) એ સુમધુર શૈલીમાં કથામૃત પાન કરાવ્યું હતું. સાં. જયાબા તથા સાં. વિજયાબાની પ્રેરણાથી કથાના યજમાન રંજનબેન હરિભાઈ પાટડીયા પરિવાર રહ્યાં હતા.

બહેનોના આગ્રહ ભર્યા આમંત્રણથી તા. ૨-૩-૦૮ ના રોજ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા. બહેનોને દર્શન આશીર્વાદનું અલૌકિક સુખ આપ્યું હતું. સભા સંચાલન સાં. ઉષાબાએ કર્યું હતું. ગામોગામથી પધારેલા સાંખ્યયોગી અને કર્મયોગી બહેનોએ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના દર્શન કરી કથાનો લાભ લીધો હતો. *(ભાનુબેન)*

### ધ્રાંગધ્રા બહેનોનું શ્રી સ્વામિનારાયણ મંદિર (ઘાંચીવાડ)

અત્રે ધ્રાંગધ્રા બહેનોના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સાંખ્યયોગી કંચનબા, હિરાબેન તથા ભગવતીબાની પ્રેરણાથી પૂ. સાંખ્યયોગી સીતાબાની ૨૧ મી પુણ્ય તિથિ નિમિત્તે વચનામૃતની પંચાન્હ પારાયણ યોજવામાં આવી હતી. આ પ્રસંગે બહેનોના આમંત્રણથી તા. ૭ ના રોજ પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા. અને સતત ત્રણ કલાક બહેનોને દર્શન આશીર્વાદનું મહા સુખ આપીને ખૂબજ પ્રસન્ન થયા હતા. તા. ૯ ના રોજ વર્તમાન પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા. અને બહેનોને વચનામૃત ઉપર સતત ૨ કલાક સુધી સમજણ આપી હતી.

બહેનોને વર્તમાન ધરાવી ગુરુમંત્ર આપી પૂજા પેટી આપી રૂડા આશીર્વાદ આપ્યા હતા. ગામોગામના બહેનોએ પધારીને પ.પૂ. ગાદીવાળાશ્રીના દર્શન કરી કથાનો લાભ લીધો હતો. કથાનું સંચાલન મોરબીના પૂ.સાં. રાજકુંવરબાએ કર્યું હતું. સભા સંચાલન પૂ.સાં. કંચનબા તથા સાં. ઉષાબાએ કર્યું હતું.

અહીં બહેનોને સત્સંગનું પોષણ અ.નિ. સાંખ્યયોગી ગૌરીબાએ કર્યું હતું. *(પાટડીયા ભાનુબેન, જયશ્રીબેન)*

### ચરાડવા શ્રી સ્વામિનારાયણ મંદિરનો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો

ચરાડવા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ફાગણ સુદ-૨ને તા. ૯-૩-૨૦૦૮ ના શુભ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય હારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજ અને છપૈયાધિશ બાલસ્વરૂપ ઘનશ્યામમહારાજનો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત દશમસ્કંધની પંચાન્હ પારાયણ નવયુવાન શાસ્ત્રી ભક્તિનંદનદાસ ગુરુ પૂજ્ય પી.પી. સ્વામી (જેતલપુર)ના વક્તાપદે થઈ હતી.

ફાગણ સુદ-૨ ના પ્રાતઃ ૭-૦૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે મંદિરમાં બિરાજમાન દેવોનો ષોડશોપચાર મહાભિષેક વેદોક્ત વિધિથી સંપન્ન થયો હતો. ખરેખર દેવોને દુર્લભ દર્શન માટે હજારો ભાવિક ભક્તોએ દર્શન કરી જીવન સુફળ બનાવ્યું. આ પ્રસંગે બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા. બહેનોની સભામાં શાકોત્સવ પ્રસંગમાં સેવા કરનાર બહેનોનું સન્માન કરી આશીર્વાદ આપ્યા હતા.

પ્રાસંગિક સભામાં પાટોત્સવના યજમાનો ગં.સ્વ. જયાબેન મનુભાઈ પટેલ હા. પ.ભ. ચંદ્રેશભાઈ પટેલ (બોસ્ટન), પ.ભ. ભગવાનજીભાઈ વાલજીભાઈ માંડલીયા (મોરબી) પરિવાર, પ.ભ. નવિનભાઈ ભગવાનજીભાઈ માંડલીયા, જયેશભાઈ વાઘેલા (પલાણા યુ.કે.), પ.ભ. અનિ. પરસોત્તમભાઈ નાથાભાઈ પટેલ પરિવાર અને પ.ભ. કાનજીભાઈ વિરજી કેરાઈ નારણપર (કચ્છ) આદિ યજમાનોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન-આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. વિદ્વાન સંતોમાં ચરાડવાના મહંત શા.સ્વા. હરિપ્રકાશદાસજી, અમદાવાદ મંદિરના કોઠારી શા.ડી.કે. સ્વામી, મોરબી મંદિરના અને ધરિયાવદના મહંત સ્વામી અને શા. ભક્તિનંદનદાસજીએ પ્રસંગોચિત પ્રવચન કર્યું હતું. છેલ્લે સમસ્ત સભાને પૂ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ પાઠવ્યા હતા. મહંત શા. સ્વામી હરિપ્રકાશદાસજીની પ્રેરણાથી શા.સ્વા. હરિપ્રિયદાસજી સ્વા. ધર્મપ્રિયદાસજી, મૂળીના જે.પી. સ્વામી, વિષ્ણુ સ્વામી (દિલ્હી), અનિરૂદ્ધ સ્વામી, રામપ્રકાશ સ્વામી, સુખનંદન સ્વામી, પ્રેમસ્વરૂપ સ્વામી, અજયપ્રકાશ સ્વામી, યજ્ઞપ્રકાશ સ્વામી, ભરત ભગત, ચંદુભગત આદિ સંત મંડળની સેવા પ્રેરણારૂપ હતી. *(વી.પી. સ્વામી)*

## વિદેશ સત્સંગ સમાચાર

### કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિર (I.S.S.O., U.S.A. અમેરિકા)

કોલોનીયા આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ૧૭ ફેબ્રુઆરીના રોજ ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

સત્સંગી બહેનો અને ભાઈઓએ ખૂબજ શ્રદ્ધા ભક્તિથી બાજરાના રોટલા અને રીંગણનું શાક બનાવવાની સેવામાં લાગી ગયા હતા. સાંજના મંદિરનો વિશાળ સભા મંડપ હરિભક્તોથી ખીચોખીચ ભરાઈ ગયો હતો. જેતલપુર મંદિરના પૂ. પી.પી. સ્વામીના શિષ્ય અને ન્યુજર્સી મંદિરના મહંત શા. વ્રજભૂષણદાસજી અને અત્રેના જ્ઞાન સ્વામીએ શાકોત્સવનું માહાત્મ્ય મહિમા સહિત વર્ણવ્યું હતું. શ્રીજી મહારાજે લોયામાં કરેલ શાકોત્સવની પરંપરા આજે તેજ રીતે ચાલી આવે છે. સ્વામીએ શાકોત્સવની કથા સાથે શાકોત્સવના કીર્તન ગાઈને હરિભક્તોને રાજી કર્યા હતા. ત્યારબાદ ઠાકોરજીને થાળ આરતી કરવામાં આવેલ. સભામાં શાકોત્સવના યજમાન અને સહ યજમાન પરિવારોનું મંદિર તરફથી સ્વામી દ્વારા પુષ્પહાર પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું. છેલ્લે જનમંગલ પાઠ કરી આરતી બાદ સૌએ સમૂહમાં શાકોત્સવનો મહાપ્રસાદ લઈ જીવનને ધન્ય બનાવ્યું હતું. આ પ્રસંગનો લાભ લેવા ન્યુયોર્ક, લોગ આઈલેન્ડ, અપસ્ટેટ ન્યુયોર્ક, જર્સીસીટી, વિહોકન-યુનિયન પેન્સીલ વેનીયા, ફીલાડેલ્ફીયા, ચેરીહિલ અને એટલાન્ટીક સીટીથી મોટી સંખ્યામાં હરિભક્તોએ પધારીને લાભ લીધો હતો.

૨૪ ફેબ્રુઆરી રવિવારના રોજ આપણા કોલોનીયા મંદિરના નિષ્ઠાવાન હરિભક્ત પ.ભ. નયનભાઈ પરીખના પિતાશ્રી પ.ભ. બિપીનભાઈ પરીખ અક્ષરનિવાસી થતા તેમને શ્રદ્ધાંજલિ અર્પવા સુપ્રસિદ્ધ કથાકાર પૂ. શ્રી યોગેન્દ્રભાઈ ભટ્ટ, વિહોકન મંદિરના મહંત શા. વ્રજભૂષણદાસ, ચેરિહિલ મંદિરના મહંત સ્વામી વિશ્વપ્રકાશદાસ તથા કોલોનીયા મંદિરના મહંત સ્વામી અને આપણા ઈસો. મંદિરના કમિટીના સભ્યો અને બીજા ઘણા હરિભક્તો આ પ્રસંગે પધાર્યા હતા.

ખાસ વિશેષ તો આ સભામાં પ.પૂ.અ.સૌ. બિન્દુરાજા, શ્રી પ્રફુલકુમાર અને બન્ને ભાણેજ શ્રી સુવ્રતકુમાર અને શ્રી સૌમ્યકુમાર પધાર્યા હતા. શ્રી નયનભાઈએ શ્રી પ્રફુલકુમાર અને સંતોનું ફૂલહારથી સ્વાગત કર્યું હતું. અને શ્રીમતી આશાબહેન પરીખે પૂજ્ય બિન્દુરાજાનું પુષ્પહારથી સ્વાગત પૂજન કર્યું હતું. ત્યારબાદ સૌ એ સાથે મળી શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરીને સંતો એ અને શ્રી યોગન્દ્રભાઈ ભટ્ટ તેમજ હરિભક્તોએ પ.ભ. બિપીનભાઈ પરીખની જીવન ઝરમરમાંથી તેમના ઉમદા ગુણો, દેવ, આચાર્ય પરત્વેની નિષ્ઠા અને તેમનાં ઉત્તમજીવન શૈલી વગેરે ગુણોને યાદ કરીને ભાવભીની શ્રધ્ધાંજલિ

અર્પી હતી. છેલ્લે ઠાકોરજીને થાળ-આરતી, નિત્ય નિયમઆદિ કરીને સભા પૂર્ણ થઈ હતી.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગની પ્રવૃત્તિ સુંદર ચાલે છે. *(પ્રવિણભાઈ શાહ)*

## વોશિંગ્ટન ડી.સી. I.S.S.O. ચેપ્ટર

અત્રે ૧૭ ફેબ્રુઆરી રવિવારના એકાદશીના દિવસે સાંજના ૩ થી ૭ સેર્વના પાર્ક કોમ્યુનીટી હોલમાં જાહેર સત્સંગ સભા રાખવામાં આવી હતી. જેમાં સૌ પ્રથમશ્રી સ્વામિનારાયણ ભગવાનના લીલા પદો, એકાદશીના પદો, નંદ સંતોના કીર્તનો સમૂહમાં ગવાયા હતા. ત્યારબાદ ઠાકોરજીને થાળ આરતી કરીને સૌએ સમૂહમાં પ્રસાદ લીધો હતો. આપણી આ સભામાં ઘણા નવા મુમુક્ષુઓ ભાગ લેવા આવે છે. સભામાં આપણા કલિવલેન્ડ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠાની જાહેરાત કાર્યક્રમસાથે કરવામાં આવી હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ સુંદર ચાલે છે. *(કનુભાઈ પટેલ)*

## શ્રી સ્વામિનારાયણ મંદિર લેસ્ટર (I.S.S.O., U.K.)

આપણા લેસ્ટર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તા. ૬-૩-૦૮ ને ગુરુવારના રોજ મહા શિવરાત્રીના ઉપલક્ષમાં સિધ્ધેશ્વર મહાદેવની સમૂહ શિવપૂજા યોજવામાં આવી હતી. જેમાં કિરણભાઈ ભાવસારે શિવરાત્રી મહિમાની કથા સાથે શિવ ભજનનું ગાન કર્યું હતું. વિદ્વાન ભૂદેવ કાંતિભાઈ ભટ્ટ દ્વારા મહા શિવરાત્રીનું વિધિવત પૂજન કરવામાં આવ્યું હતું. કુલ ૨૩ ભક્તોએ પૂજનનો લાભ લીધો હતો. સાંજના ૬ થી ૮ સુધી પૂજા વિધિ બાદ શિવ ભગવાનની આરતી સાથે પૂર્ણાહુતિ થઈ હતી. ઉત્સવના મુખ્ય યજમાન પ.ભ. મગનભાઈ ચકુભાઈ ચૌહાણ પરિવાર રહ્યા હતા. શ્રીજી સેવા મંડળના હરિભક્તોએ સાથે મળી સુંદર સેવા બજાવી હતી. શ્રી ભક્તિ મહિલા મંડળની બહેનોએ પ્રસાદની સુંદર વ્યવસ્થા કરી હતી. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી અહીં સત્સંગ પ્રવૃત્તિ સારી ચાલે છે. *(કિરણભાઈ ભાવસાર)*

# શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

| | |
|---|---|
| ૧૦૧-૦૦ શ્રી તારાબેન લાલજીભાઈ પટેલ ચિ. મિતના જન્મપ્રસંગે | સઈજ |
| ૧૦૧-૦૦ શ્રી મુકતાબેન બચુલાલ.પરમાર શ્રીજી પ્રસન્નાર્થે | ધૂળકોટ વિલેપાર્લા |
| ૧૦૧-૦૦ શ્રી જગદીશ બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે | ધૂળકોટ નાઈરોબી |
| ૧૦૧-૦૦ શ્રી ભરત બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે | ધૂળકોટ વિલેપાર્લા |
| ૧૦૧-૦૦ શ્રી કીર્તિકુમાર બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે | યુ.એસ.એ. |
| ૧૦૧-૦૦ શ્રી મહેન્દ્રકુમાર બચુલાલ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે | ધૂળકોટ નાઈરોબી |
| ૧૦૧-૦૦ શ્રી દિલીપ બચુલાલ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે | ધૂળકોટ વિલેપાર્લા |
| ૧૦૧-૦૦ શ્રી ઘનશ્યામજગદીશ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે | ધૂળકોટ નાઈરોબી |
| ૧૦૧-૦૦ શ્રી જય કીર્તિકુમાર પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે | ધૂળકોટ યુ.એસ.એ. |
| ૧૦૧-૦૦ શ્રી હાર્દિક દિલીપકુમાર પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે | ધૂળકોટ વિલેપાર્લા |
| ૧૦૧-૦૦ શ્રી શાંતિભાઈ નારણભાઈ ચિ. સુમિતીના જન્મદિન નિમિત્તે | જીરાગઢ |
| ૧૦૧-૦૦ શ્રી રમીલાબેન ગોવિંદભાઈ ચિ. ભાવિકાના નર્સિંગ બી.એલ.માં એડમીશન નિમિત્તે | કોઠંબા |
| ૧૦૧-૦૦ શ્રી લક્ષ્મણભાઈ મંગળદાસ કડીયા તેમની પુત્રીના લગ્ન નિમિત્તે | કલોલ |
| ૧૦૧-૦૦ શ્રી વિજયાબેન દેવશીભાઈ ગાંગાણી ચિ. મનસુખના લગ્ન પ્રસંગે | જામસર |
| ૧૦૧-૦૦ શ્રી કાંતાબેન નારણભાઈ રાઠોડ ચિ. હિનાના લગ્ન પ્રસંગે | દેવળીયા |
| ૧૦૧-૦૦ શ્રી ગોદાવરીબેન માવજીભાઈ ટાંક ચિ. છાયાબેનના લગ્ન પ્રસંગે | ધૂળકોટ |
| ૧૦૧-૦૦ શ્રી અભિષેક નરસીભાઈ કુરજીભાઈ મારવી નવી વેગનઆર ગાડી લીધી તે નિમિત્તે | સુરત |
| ૨૦૧-૦૦ શ્રી જીતેન્દ્રભાઈ ગાંડાલાલ પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે | મોટપ |
| ૧૫૧-૦૦ શ્રી વિનોદભાઈ પ્રહલાદભાઈ પટેલ નવી દુકાન લીધી તે નિમિત્તે | ડાંગરવા |
| ૧૦૧-૦૦ શ્રી શ્રધ્ધાબેન જીગરભાઈ ઠક્કર બોપલમાં મકાન લીધું તે નિમિત્તે | નાઈરોબી |
| ૧૦૧-૦૦ શ્રી જીગરભાઈ ઘનશ્યામભાઈ ઠક્કર લગ્ન નિમિત્તે | નાઈરોબી |
| ૧૦૧-૦૦ શ્રી રમાબેન તથા રીટાબેન ટાંક શ્રીજી પ્રસન્નાર્થે | મીરા રોડ |
| ૧૦૧-૦૦ શ્રી મૌલિક ગૌતમભાઈ રાઠોડ પ.પૂ. મહારાજશ્રીએ નામકરણ કર્યું તે નિમિત્તે | સુરત (જીરાગઢ) |
| ૫૦૧-૦૦ શ્રી સચિનભાઈ રમેશભાઈ પટેલ (હાલ ઓસ્ટ્રેલીયા) તેમના પત્નિ મિતલને ત્યાં પુત્ર જન્મપ્રસંગે | અડાલજ |
| ૧૦૧-૦૦ શ્રી રેવાબેન રણછોડભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | સુકાટીંબા |
| ૧૦૧-૦૦ શ્રી અશોકકુમાર માણેકલાલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે | માકણસા |
| ૧૦૧-૦૦ શ્રી મનોરમાબેન પિયુષભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | સુકીટાંબા |

# ફૂલ જેવા પૂ. શ્રી પ્રફુલ્લકુમારની વજ્રમૂર્તિ વિદાય

- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ

તા. ૨૯ માર્ચ ૨૦૦૮ ના રોજ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સૌ સત્સંગીઓએ ધરતીકંપના આંચકાથી પણ વિશેષ આંચકો-આઘાત-ધક્કો અનુભવ્યો.

પ.પૂ.ધ.ધુ.શ્રી મોટા મહારાજશ્રીના જમાઈ, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના બનેવી, પૂ. શ્રી દ્વિવેદી સાહેબના લાડકા-પનોતા પુત્ર, સત્સંગ સમાજ સૌના પરમ શ્રધ્ધેય, સમગ્ર સંતમંડળના આદરણીય એવા મુક્તાત્મા પૂજ્ય ભાઈશ્રી પ્રફુલ્લકુમારના અમેરિકામાં અચાનક અણધાર્યા અક્ષરવાસના સમાચાર સાંભળી સત્સંગ સમાજ ઊંડા આઘાતમાં ગરકાવ થઈ ગયો.

કાન સાંભળી ન શકે, હૃદય માની ન શકે તેવા આ સમાચાર જ્યારે હકીકત છે એવી પુષ્ટિ થઈ ત્યારે હરિભક્તોની આંખના આંસુઓએ અન્ય જનોના હૃદયમાં શોકનું સુનામી-વાવાઝોડું સર્જી દીધું. અને આ અતિ કઠિન અને દુઃખદ ક્ષણોમાં પણ પ.પૂ. શ્રી મોટા મહારાજશ્રીએ એક પિતા તરીકેની પોતાની લાગણીઓને હૃદયમાં જ સંઘરી-ભંડારી દઈને, એક મહાન આચાર્યને છાજે તેવી રીતે ભગ્ન હૃદયે પણ સૌને આશ્વાસન આપી સાંત્વના આપી દુઃખના દરિયામાં સપડાયેલી જીવન નૌકાને હેમખેમ બહાર કાઢવા, શ્રીહરિને પ્રાર્થના કરીને ભગીરથ પ્રયત્ન કર્યો.

> *મોટા પુરુષને દુઃખ આવતું નથી પરંતુ કોઈક જીવનું સારુ કરવા માટે તેઓએ શ્રીહરિને પ્રાર્થના કરીને, તેને સુખ થાય તેવા આશીર્વાદ આપીને પોતે તેનું કઠણ પ્રારબ્ધ ભોગવે છે.*

સૌ હરિભક્તો કે જેમની આંખો સામે હજી તો બિંદુરાજાશ્રીના લગ્નની રોશની ઝાંખી પણ પડી નથી, બંને કુમારોના ચૌલ સંસ્કારો વખતનો આનંદ ઓસર્યો નથી, પ્રસન્ન ઋષિકુમારો જેવા બંનેના નિર્દોષ હાસ્ય-બાળ રમતનો આનંદરસ પીવાની શરૂઆત માત્ર થઈ અને ત્યાં જ આ ઘનઘોર કાલીમાં છવાઈ ગઈ ! આ બધા આનંદ સામે આ અતુલ દુઃખ આવી પડેલું જોઈને સત્સંગ સમાજ, સગાસંબંધી, મિત્રવર્ગ, મુમુક્ષુજનો, સર્વે કોઈ દુઃખના દરિયામાં ધકેલાઈ ગયા.

એક લેખક તરીકે, શ્રીહરિમાં અચળ નિષ્ઠા હોવા છતાં, હું નિર્દભપણે જાહેરમાં કબુલ કરું છું કે મને પણ એક વખત એમ થઈ ગયું કે, શું શ્રીજી મહારાજને કોઈ કહેનાર નથી ? પછી શાંત ચિત્તે વિચારતાં થયું કે આજ પ્રશ્ને બ્રહ્માનંદ સ્વામીએ પણ એક પ્રસંગમાં કહ્યું હતું કે હે મહારાજ ! આ બ્રહ્માંડમાં તમારા સિવાય બીજો કોઈ ભગવાન નથી તેથી અમે આપના શરણ સિવાય બીજે ક્યાં જઈએ ? આવી વિષમ પરિસ્થિતિમાં સદા બ્રહ્મસ્વરૂપે રહેલા પ.પૂ. શ્રી મોટા મહારાજશ્રીએ, તેઓના નિવાસ સ્થાનની લોનમાં બિરાજીને આકાશ સામે દ્રષ્ટિ કરીને-જાણે શ્રી નરનારાયણદેવ સાથે વાર્તાલાપ કરીને માત્ર ટૂંકાક્ષરી જવાબ આપ્યો કે "સૌ હરિભક્તો ધૂન્ય ચાલુ કરો અને મહારાજને સંભારો." જનમંગલ સ્તોત્રમાં જણાવ્યા પ્રમાણે ભગવાનના અતિ ધૈર્યવતે નમઃ એ નામને સાર્થક કરતાં તેઓશ્રીના જ આ પુત્રની ધીરજ જ તેઓશ્રીને મુક્તાત્માનું બિરુદ્ પુરુ પાડે છે.

પ.પૂ. શ્રી મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો વિષાદમય ચહેરો જોઈને - આંસુઓના પુરને ખાળવાનો પ્રયત્ન જોઈને હરિભક્તોની આંખમાંથી આંસુઓનો દરિયો ઊભરાયો.

**જે પિતા પોતાની વહાલસોયી દીકરીના લગ્ન પ્રસંગે વિદાયની વેળાએ આંખમાંથી આંસુઓનું પૂર રોકી શક્યા ન હતા, તેઓએ આ પ્રસંગે શ્રીહરિની મરજી ઈચ્છાને જાણી-પહેચાનીને પોતે તો અદ્‌ભુત સયંમ રાખ્યો અને હરિભક્તો સગાસંબંધી-સૌને સાંત્વના આપી.** આ બધું બોલવું-લખવું શક્ય છે પણ એક પિતા તરીકે, એક લાડલી બહેનના ભાઈ તરીકે અનુભવવું અતિ કઠિનછે.

હરિભક્તો પણ પોતાના સ્વજનના અક્ષરવાસથી આઘાત નહીં પામ્યા હોય તેટલી હદે આઘાત પામી ડઘાઈ ગયા. મોટેરા વડીલ સંતો - કે જેમણે તો સમજપણ પૂર્વક સંસાર છોડ્યો છે, જેમણે હસતે મુખે માતા-પિતાની રજા લીધી છે તેઓ પણ આ વજ્રઘાતથી રડી ઊઠ્યા. સારોયે સંપ્રદાય આક્રંદ કરી ઊઠ્યો. ત્યારે પણ આ વડીલ મહાપુરુષે તેને શ્રીહરિની ઈચ્છા જાણીને હરિભક્તોને એક જ ઉપદેશ દીધો કે, આપણે સૌ શ્રીજી મહારાજના છીએ અને ભગવાન આપણને સાચવશે.

બિંદુરાજાનું આક્રંદ-વિષાદ જોઈને તેમને સાંત્વના આપવાની કોઈ મહિલા હરિભક્તોની પણ હામ ન હતી. આવા કપરા સંજોગોમાં જ્યાં ભલભલા ધીરજ ગુમાવી બેસે ત્યારે પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ શ્રી મોટા ગાદીવાળા મહારાજશ્રીએ એક દીકરીની "મા" ના દુઃખોને પોતાના જ

હૃદયમાં દફનાવીને એક **"જગતજનની" તરીકે દીકરીના માથે હાથ મૂકીને માત્ર એટલું જ બોલ્યાં કે, "બેટા ! ધીરજ ધરો. આપણા બાપ - શ્રી નરનારાયણદેવની આંખમાં પણ આંસુ આવી જાય તે ઠીક નહિ."** માત્ર આ જ બ્રહ્મબોલના શબ્દોએ દીકરીને દેહનો વ્યવહાર કરવા જેટલી શુધબુધ આપી.

સૌમ્યકુમાર અને સુવ્રતકુમારે તો તેઓશ્રીના સમર્થ નાનાશ્રીએ તેમના પાડેલા નામને સાર્થક કરી દેખાડ્યું. બાળવયમાં જ મૃત્યુને ખૂબ નજીકથી જોઈ જાણીને અનુભવનાર આ બંને બાળકોએ પીઢવયના અનુભવીઓને છાજે તેવી ધીરજ બતાવી પોતાની માતાનો તેઓ આધાર-સહિયારો બની રહેશે તેવો અહેસાસ કરાવ્યો.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ધ્રૂસકામાં પણ તેઓશ્રીએ વડીલ સંતોને વિનંતી કરી કે હરિભક્તોને સાચવજ્યો. આ તો શ્રીહરિની ઈચ્છા છે પણ હરિભક્તોના અશ્રુઓના દરિયા-આઘાત જોઈને અમારાં નેત્રો પણ ભરાઈ આવે છે. વડીલ સંતોએ પણ આજ્ઞા માથે ચડાવીને સર્વેને સાંત્વના આપવાના પ્રયત્નો કર્યા.

પ.પૂ. મોટા મહારાજશ્રીએ ખૂબજ ધીરજ રાખીને, ધીરગંભીર સ્વરે જણાવ્યું કે ગુલાબના ફુલનું આયુષ્ય આકડા કે ધંતુરાના પુષ્પ કરતાં ઓછું હોય પણ સુગંધીદાર હોય છે. યોગ ભ્રષ્ટ મહાપુરુષો આ દુનિયામાં વિષયભોગના સુખને સારુ નથી આવતા પણ શ્રીહરિની ઈચ્છાથી જ ખૂબ ટૂંકા ગાળા માટે તેઓનું અવતરણ હોય છે. આ ભૌતિક શરીર તો તેઓ માટે એક સાધન માત્ર જ હોય છે. તેથી તેઓ જ્યારે શ્રીહરિ પાસે તેમની સેવામાં હાજર થાય ત્યારે ત્યારે સમજણ રાખીને શોકનો ત્યાગ કરવો.

પ્રભુની ઈચ્છાથી થવાનું થાય, એનો નથી જગમાં ઉપાય ।
જ્ઞાની જનો ધીરજ તો ધરે છે, અજ્ઞાની જનો રોઈ કૂટી મરે છે ॥
પુત્રાદિ છે સૌ પ્રભુનો જ માલ, આપે અને લે વળી કોઈ કાળ ।
ઊછી તું આપ્યું ધન પાછુ લેશે, શા માટે તેનો કરીએ કલેશે. ॥

*(હરિલીલામૃત કળશ-૫, વિશ્રામ-૧૭)*

હરિભક્તોના હૃદયના તાર ધર્મકુળના હૃદય સાથે લાગણી તંતુઓથી એટલી હદ સુધી જોડાયા કે તેઓશ્રીના હૃદયનો વિષાદ અને મૌનની પરિભાષા હરિભક્તોના કર્ણને સ્પષ્ટ સંભળાઈ. તેઓશ્રીના નેત્રોમાંથી ટપકતો ઉપદેશ સૌ હરિભક્તોએ પોતાના હૃદયમાં ઝીલ્યો.

હરિભક્ત માત્રને જીવનમાં જ્યારે અતુલ દુઃખ આવી પડે - જ્યારે સમજણ ટૂંકી પડતી લાગે - મોહમાયાને વશ થઈને નિશ્ચયમાં ઝાંખપ દેખાય ત્યારે કેવળ હરિસ્મરણ-ધૂન્યકીર્તન જ ઉગરવાનો આરો છે. આ આખા પ્રસંગમાં પ.પૂ.ધ.ધુ. મોટા મહારાજશ્રીનો આચરણ દ્વારા એ અપાયેલો આ ઉપદેશ સૌ જીવનમાં ઊતારજ્યો. આ દુઃખદ પ્રસંગે સૌ કોઈ શ્રીહરિને વિશે દૃઢ નિષ્ઠા રાખી વિશેષ નિયમો અચૂક ધારણ કરજ્યો અને તેણે કરીને જ આપણે સૌ, ધર્મકુળના દુઃખમાં સહભાગી થઈશું.

પ.પૂ.ધ.ધુ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ મને ખાસ લખવાનો આગ્રહ કર્યો છે કે, "બંને દેશના સર્વે હરિભક્તો, સંતો, પાર્ષદો, કર્મયોગી-સાંખ્યયોગી બાઈઓ, સર્વે અમારા ધર્મકુળ પરિવાર માટે જે પ્રેમ-લાગણી-હૂંફ દર્શાવી છે તે સર્વેને અમો ખૂબ વિનમ્ર ભાવે, હેતપૂર્વક શ્રી નરનારાયણદેવના શુભ સ્મરણ સહિત, રૂડા આશીર્વાદ સાથે જયશ્રી સ્વામિનારાયણ પાઠવીએ છીએ. આ ઘેરા દુઃખના પ્રસંગે પણ તેઓશ્રીના રોમે રોમમાં હરિભક્તોનું જ હિત વસે છે તે જ આપણું અહોભાગ્ય છે.

આ પ્રસંગે પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના ચરણ કમળમાં એક જ પ્રાર્થના છે કે, સર્વ પ્રકારે ધર્મકુળની રક્ષા કરજ્યો. અને અમને આવા સમર્થ આચાર્યશ્રીના કૃપાપાત્ર જીવ બની શકીએ તેટલી શક્તિ આપશો.

## શ્રદ્ધાજંલિ

**જણવતાં દુઃખ થાય છે કે, પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના જમાઈ શ્રી પ્રફુલકુમાર આર. દ્વિવેદી (યુ.એસ.એ.) તા. ૨૮-૩-૨૦૦૮ ના રોજ અક્ષરવાસી થયા તેથી શ્રી નરનારાયણદેવ સ્કીમકમિટી, અમદાવાદ ખૂબજ દુઃખની લાગણી અનુભવે છે. સદ્‌ગત અક્ષરનિવાસી પ્રફુલકુમાર આર. દ્વિવેદીના આત્માને ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાની અખંડ સેવામાં રાખે એવી પ્રાર્થના સહ શ્રદ્ધાજંલિ અર્પણ કરીએ છીએ.**

**શ્રી નરનારાયણદેવ સ્કીમકમિટી, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ.**

**૧.મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી**
**૨.બ્રહ્મચારી સ્વામી વાસુદેવાનંદજી**
**૩.સ્વામી દેવપ્રકાશદાસજી**
**૪.હજુરી પાર્ષદ વનરાજ ભગત**
**૫.પ.ભ. દશરથભાઈ પ્રહલાદભાઈ પટેલ**
**૬.પ.ભ. જી. કે. પટેલ (વિમલ પેઈન્ટસ)**
**૭.પ.ભ. રમણભાઈ પ્રાણભાઈ પટેલ**
**૮.પ.ભ. રતિભાઈ ખીમજીભાઈ પટેલ**
**૯.પ.ભ. ડૉ. કે. કે. પટેલ**

**ભેટની બાકી યાદી અને પ્રશ્ન પેટી આવતા અંકે પ્રકાશિત થશે.**

## પરમ પૂજ્ય મોટા મહારાજશ્રીના જમાઈરાજ પૂજ્યશ્રી પ્રફુલકુમાર દ્વિવેદીનો અક્ષરવાસ

આપણા શ્રી નરનારાયણદેવ પીઠના કર્તા આચાર્ય પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના જમાઈરાજ પૂજ્ય શ્રી પ્રફુલકુમાર આર. દ્વિવેદી સાહેબ (ન્યુજર્સી અમેરિકા) તા. ૨૮-૩-૨૦૦૮ ને શુક્રવારના રોજ સર્વાવતારી શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અચાનક અક્ષરનિવાસી થતા પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રીના ધર્મકુળ પરિવારમાં અને શ્રી નરનારાયણદેવ દેશ સત્સંગમાં અને દ્વિવેદી સાહેબના પરિવારમાં ઘેરા શોકનું વાતાવરણ છવાઈ ગયું. શ્રીજી મહારાજની અકળ લીલાને કોઈ પામી શકતુ નથી.

તા. ૩૧-૩-૨૦૦૮ ના રોજ તેમના પાર્થિવ દેહનો અગ્નિસંસ્કાર તેઓશ્રીના સમસ્ત પરિવાર, ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી, પરમ પૂજ્ય મોટા મહારાજશ્રી, વડતાલના પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તેમજ દેશો-દેશના હજારો સંતો, હરિભક્તોની ઉપસ્થિતિમાં થયો ત્યારે સૌના હૃદય દ્રવી ઉઠ્યા હતા.

તા. ૨-૪-૨૦૦૮ ના રોજ શ્રી સ્વામિનારાયણ બાગ ખાતે તેમના આત્માની શાંતિ માટે શ્રી સ્વામિનારાયણ મહામંત્ર અને કીર્તન-ભક્તિનો કાર્યક્રમ સંતો-હરિભક્તોની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ. અને તા. ૩-૪-૨૦૦૮ ના રોજ શ્રી સ્વામિનારાયણ બાગ ખાતે તેમની શ્રદ્ધાજંલિ સભા રાખવામાં આવી હતી.

આવા દુઃખદ સમાચારથી દેશ વિદેશના સમસ્ત હરિભક્તોને ઉંડો આઘાત લાગ્યો છે અને સૌ સંત-હરિભક્તો પરમપૂજ્ય મોટા મહારાજશ્રી અને પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીના પરિવાર ઉપર અચાનક આવેલા દુઃખમાં સહભાગી થયા છે. પરમકૃપાળુ સર્વાવતારી શ્રીહરિ પૂ. શ્રી પ્રફુલકુમારને પોતાની નિજ સેવામાં રાખે તેવી સર્વાવતારી શ્રી નરનારાયણદેવના ચરણ કમળમાં પ્રાર્થના.

## અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના** વયોવૃદ્ધ જ્ઞાનવૃદ્ધ સંત કાંકરિયા મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી ગુરુપ્રસાદદાસજીના ગુરુ (મથુરા મંદિરના પ્રણેતા) સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિગોવિંદદાસજી તા. ૨૪-૩-૨૦૦૮ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. તેમના અક્ષરવાસથી શ્રી નરનારાયણદેવ દેશના સત્સંગમાં એક મોટેરા સંતની ખોટ પડી છે.

**મહેસાણા :** પ.ભ. છોટુલાલ શંકરલાલ પટેલ (ઉ. ૭૯ વર્ષ) તા. ૨૯-૨-૨૦૦૮ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**હિંમતનગર :** પ.ભ. બાબુભાઈ સાંકાભાઈ પટેલ (રામપુરાવાળા) તા. ૬-૩-૨૦૦૮ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**નવાવાડજ-અમદાવાદ :** પ.ભ. મનજીભાઈ હરિભાઈ પટેલ (આટકોટવાળા) શ્રી નરનારાયણદેવ અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના અનન્ય નિષ્ઠાવાન અને નવાવાડજ મંદિરના પાયાના સત્સંગી તા. ૯-૩-૨૦૦૮ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષર નિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.


1


2


3


4


5


6


7

(૧) જેતલપુર ધામશ્રી રેવતીજી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ દર્શન (૨) જેતલપુર ધામ પાટોત્સવના યજમાનને પ્રસાદીની મૂર્તિ અર્પણ કરતા જેતલપુરના મહંત શા.સ્વા.આત્મપ્રકાશદાસજી અને અમદાવાદ મંદિરના મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી. (૩) ભીમપુરા (તા.માણસા) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠાની આરતી ઉતારતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી (૪) કાંકરિયા શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ અને શહેર ચોર્યાસી પ્રસંગે યજમાન પરિવારો દ્વારા સમૂહમાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રીનું આરતી પૂજન. (૫) નારાયણઘાટ મંદિરમાં શ્રી ઘનશ્યામમહારાજનો પાટોત્સવ-અભિષેક કરતા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી (૬) જમીયતપુરા નવનિર્મિત શ્રી પ્રભા હનુમાનજી મંદિરનું નિરીક્ષણ કરતા પ.પૂ.મોટા મહારાજશ્રી સાથે પૂ.પી.પી.સ્વામી, અમદાવાદ મંદિરના પૂ.મહંત સ્વામી અને ઘનશ્યામસ્વામી. (૭) ન્યારા (મૂળીદેશ) મંદિરમાં સત્સંગ સભા પ્રસંગે દર્શન આપતા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી

Registered under RNI-No-GUJHIN/2007\20221 "Permitted to post at
Ahd PSO on 11th every month under postal Regd. No.GAMC 003 issued SSP
Ahd Valid up to 31-12-08 Licenced to Post without pre payment No.AM-019 valid up to 31/5/2008


1


2


3


4


5


6


7

(૧) અમદાવાદ મંદિરમાં સર્વોપરિશ્રી નરનારાયણ દેવનો ષોડશોપચાર મહાભિષેક કરતા પ.પૂ.લાલજી મહારાજશ્રી (૨) શ્રીરાધાકૃષ્ણદેવની પાટોત્સવની આરતી ઉતારતા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી (૩) શ્રીનરનારાયણ દેવના પાટોત્સવ પ્રસંગે પ.પૂ.મોટા મહારાજશ્રી અને પ.પૂ.લાલજી મહારાજશ્રીની નિશ્રામાં આશીર્વાદ આપતા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી (૪) પાટોત્સવ પ્રસંગે સભામાં દેશો દેશના પધારેલા સંતો (૫) અમદાવાદ મંદિરમાં સર્વોપરિ શ્રી નરનારાયણ દેવના પાટોત્સવ પ્રસંગે શણગાર આરતી ઉતારતા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી (૬) અમદાવાદ મંદિરમાં પાટોત્સવ પ્રસંગે શ્રી ધર્મભક્તિ હરિકૃષ્ણ મહારાજની અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ.મોટા મહારાજશ્રી (૭) ઓકલેન્ડ (ન્યુઝીલેન્ડ) નું આપણું ભવ્ય મંદિર

Shreeji Art (079) 26580916, 9879606886